Documentation of Bharuchi Vahora Community

# [Golden Memories]

## North West England - Section 3

Imtiaz Patel Varediawala Dip., MSc.

Name: **Adam Hafeji Ismail Patel known as Adam Fansiwala**

નામ: આદમ હાફેજી ઈસ્માઈલ પટેલ ઉર્ફે આદમભાઇ ફાંસીવાલા
જન્મ સ્થળ: કરમાડ, તાલુકા જિલ્લા ભરૂચ.
જન્મ તારીખ: ૧૯૪૦
પિતા: મરહુમ હાજી હાફેજીભાઇ ઈસ્માઈલ ફાંસીવાલા
માતા: હજીયાણી એમણબેન હાફેજીભાઇ ઈસ્માઈલ ફાંસીવાલા

મારું નામ આદમ હાફેજી ઈસ્માઈલ પટેલ છે પણ મોટા ભાગના લોકો મને આદમભાઇ ફાંસીવાલા તરીકે ઓળખે છે અને હાલમાં લોર્ડ પટેલ તરીકે પણ ઓળખે છે. ૧૮મી ડિસેમ્બર ૧૯૬૫ના રોજ ઈંગ્લૅન્ડ આવ્યો. બાળપણ ભરૂચ જિલ્લાના એક સુંદર ગામ કરમાડમાં વીત્યું. પ્રાથમિક શિક્ષણ કરમાડ સાર્વજનિક શાળામાં અને માધ્યમિક શિક્ષણ ધ પાયોનિયર હાઈ સ્કૂલ, ભરૂચમાં લીધું. ૧૯૫૮માં મેટ્રિકની પરીક્ષા સારા માર્ક્સથી પાસ કરી. "પુસ્તકો એ મનનો ખોરાક છે" એ વિષય પર યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં ભરૂચ જિલ્લામાં મારો નંબર આવેલો અને અહીંથી જાહેર સભાઓમાં બોલવાનું શરૂ થયું. એમ.એસ. યૂનિવર્સિટી, વડોદરામાંથી કોમર્સ ગ્રેજ્યુએટ થયો અને પછી તરત જ ઈંગ્લૅન્ડની રાહ લીધી. યૂનિવર્સિટી કાળ દરમિયાન કલાસ રેપ્રિઝેન્ટટીવ, ફેકલ્ટી રેપ્રિઝેન્ટટીવ, ઈન્ડોર ગેઈમ એન્ટરટેનમન્ટ સેક્રેટરી, યૂનિવર્સિટી યુનિયનના પ્રતિનિધિ અને છેલ્લે યૂનિવર્સિટી જનરલ સેક્રેટરી તરીકેની વિવિધ ભૂમિકાઓ ભજવી હતી.

૧૯૬૫માં ઍર ઈન્ડિયાની ફલાઇટથી લંડન હિથરો પર મારા મોટાભાઇ ઈબ્રાહીમભાઇ સાથે ઉતર્યો. અહીં બધું આપણે ત્યાંની સરખામણીમાં ખૂબજ વ્યવસ્થિત લાગ્યું. અંગ્રેજોની વાતચીત, વ્યવહાર પદ્ધતિ ગમી. ચોખ્ખાઈ હતી અને બધું કામ શાંતિથી થાય. લંડનથી ડોમેસ્ટિક ફલાઇટ પકડી માન્ચેસ્ટર અને ત્યાંથી બ્લૅકબર્ન આવ્યા. ફલાઇટ દરમિયાન મુશ્કેલી અનુભવતા એક અંગ્રેજને સ્મોકીંગ ઍશટ્રે ખોલી આપવામાં મેં મદદ કર્યાનું મને યાદ છે. બ્લૅકબર્નમાં ત્યારે બે ત્રણ ફૂટ જેટલો બરફ પડેલો અને ઠંડી તો કહે મારું કામ! વાતાવરણ ધુમાડા અને ધુમ્મસથી ઘેરાયેલું. એવું થાય કે આ કયાં આવી ગયા? સાડા ત્રણ પાઉન્ડ લઈ આવેલો. એક પાઉન્ડ બેંક બેલેન્સ હતું.

બ્લૅકબર્ન આવવાનું મુખ્ય કારણ એ હતું કે અહીં મારા ખાસ મિત્રો મરહુમ ઈસ્માઈલ માસ્તર હિંગલોટવાલા અને શેઠભાઈ હિંગલોટવાલા રહેતા હતા. તે ઉપરાંત મારા સાળુભાઈ મરહુમ ઈબ્રાહીમ માસ્તર સિતપોણવાલા અને ઈબ્રાહીમભાઈ સમનીવાલા પણ બ્લૅકબર્નમાં સ્થાયી થયેલા હતા. કરમાડ અને બ્લૅકબર્નમાં ઘણો તફાવત હતો. અહીંની આબોહવા, વાતાવરણ, લોકો, ભાષા, રસ્તાઓ, મકાનોની બાંધણી, રહેણી કરણી, સંસ્કૃતિ, રીતરિવાજો વગેરે તદ્દન ભિન્ન.

અમારા પરદાદા હાજી ઈસપ મોહંમદ અને પરદાદી હજીયાણી ફાતેમા ૧૯૧૧-૧૨માં સાઉથ આફ્રિકા ગયેલાં. આ રીતે પરદેશગમન અને પ્રવાસની શરૂઆત અમારા કુટુંબમાં વર્ષો પહેલાં થયેલી.

૧૯૪૭માં ભારત આઝાદ થયું અને સાથે જ ભારત-પાકિસ્તાનના ભાગલા થયા. ત્યારે મારી ઉંમર ૭ વર્ષની હતી. આઝાદી મળી તેની ખુશીમાં શાળામાં મિઠાઈ અને ચૉકલેટ વહેંચાયેલા. ભાગલા વિષે કંઈ ખાસ યાદ નથી પણ ઈતિહાસ વાંચનથી એ જાણવા મળ્યું કે લાખો નિર્દોષ લોકો રાજકીય કાવાદાવાનો ભોગ બન્યા હતા અને જાનમાલનું પારાવાર નુકસાન થયું હતું. અમારા ગામમાંથી ઈસ્માઈલ પીરભાઈના વાલીદ તથા વાલીદા પાકિસ્તાન સ્થળાંતર થયેલાં. ત્યાર બાદ માટલીવાલા ફેમિલીમાંથી યાકુબભાઈ વલી ભારત છોડી પાકિસ્તાન ચાલી ગયેલા.

૧૦મી મે ૧૯૬૪માં મારી શાદી કરમાડનાં જ હજીયાણી આયશા આદમ પટેલ સાથે થઈ. પરિવારમાં ઈલ્યાસ, શીરીન, શમીમ, ઈમરાન, સાલેહા, ઈમ્તિયાઝ, સોફિયા અને ઈકબાલ છે. વીસેક જેટલાં ગ્રાન્ડ ચિલ્ડ્રન છે.

ઈંગ્લૅન્ડ આવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા આર્ટિકલ ઑફ કલાર્કશીપ કરી. અંગ્રેજીની મુશ્કેલી મને ન નડી કારણ કે મારું યૂનિવર્સિટી શિક્ષણ અંગ્રેજી માધ્યમમાં જ થયું હતું. ડયુઝબરી હતો ત્યારે છ મહિના એક વુલન મિલમાં કામ કરેલું. વીકલી વેજીસ £૫ હતું. ડયુઝબરીથી બ્લૅકબર્ન આવ્યો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની બે કંપનીઓમાં કામ કર્યું અને ત્યાંથી ૧૯૭૪માં ઝામ્બિયા ગયો જ્યાં થોડોક સમય વસવાટ રહ્યો.

ભારતથી જ સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં મને રસ હતો એટલે અહીં આવીને ૧૯૬૬માં લેબર પાર્ટીનો સભ્ય બની ગયો. ૧૯૬૮માં ઈન્ડિયન વર્કર્સ ઍસોસિયેનની સ્થાપના કરી. ૧૯૮૭ થી ૧૯૯૫ સુધી બ્લૅકબર્ન કમ્યુનિટિ

રિલેશન્સ કાઉન્સિલના ઉપ-પ્રમુખ તરીકે સેવા બજાવી. ૧૯૮૪-૮૫ સુધી JP (મેજિસ્ટ્રેટ) તરીકેની માનદ સેવા બજાવી. બ્લૅકબર્ન રેશ્યલ ઇકવૉલિટિ કાઉન્સિલના પ્રમુખ તરીકે નિમણૂંક થઇ. બ્રિટિશ હજ કમિટીનું પ્રતિનિધિત્વ કર્યું. ૧૯૭૬થી બિકનલ સ્ટ્રીટ મસ્જિદ તથા તૌહિદુલ ઇસ્લામ ગર્લ્સ સ્કૂલની ખિદમત કરું છું. મરહુમ વલીભાઇ વાઘતના ઇન્તેકાલ બાદ મને આ મસ્જિદના ચૅરમેનપદે નીમ્યો હતો. લેન્કેશાયર કાઉન્સિલ ઑફ મોસ્ક્સના સંસ્થાપક અને માનદ પ્રમુખ તરીકે સેવાઓ બજાવી. કોમનવેલ્થ પાર્લામેન્ટ ઍસોસિયેશનનો સભ્ય છું. મુસ્લિમ કાઉન્સિલ ઑફ બ્રિટન તથા એશિયન બિઝનેસ ફેડરેશનમાં સેવાઓ બજાવી. લેન્કેશાયર એન્ટરપ્રાઇઝિસ, લેન્કેશાયર ટ્રેઇનિંગ ઍન્ડ એન્ટરપ્રાઇઝ કાઉન્સિલ, બ્લૅકબર્ન પાર્ટનરશીપ અને બ્લૅકબર્ન સિટિ ચેલેન્જ જેવી યોજનાઓમાં સક્રિય ભાગ લઇ સેવાઓ બજાવી. હાર્ટ ઑફ લેન્કેશાયર ટ્રસ્ટ એન.ઍચ.એસ.ના ઉપપ્રમુખ તરીકે નિમાયો. ૨૦૦૦ની સલામાં મારી રાજકીય તથા સામાજિક સેવાઓને ધ્યાનમાં લઇ લેબર પાર્ટી અને ત્યારના વડા પ્રધાન ટૉની બ્લેર તરફથી લોર્ડ આદમ પટેલ ઑફ બ્લૅકબર્નના સન્માનથી રાણી ઇલિઝાબૅથ દ્વારા બિરદાવવામાં આવ્યો જેનો મને એક ગુજરાતી મુસ્લિમ તરીકે ગર્વ છે.

તદઉપરાંત સ્થાનિક, રિજનલ, નેશનલ અને ઇન્ટરનેશનલ સંસ્થાઓ તરફથી ૩૬ થી વધારે માનપત્રકો મળ્યાનો આનંદ છે. જેમાં મુખ્ય નામો લઉં તો ચેમ્બર ઑફ ઇસ્તમબુલ પ્રોવીન્સ તર્કી, સિટિ ઑફ હ્યુસ્ટન-ટેક્સાસ-યુ.એસ.એ., અરબ રિપબ્લિક ઑફ ઇજિપ્ત, કિંગડમ ઑફ સાઉદી અરેબિયા, ભારતીય હાઇ કમિશન, ઓનરરી ફેલોશીપ- યૂનિવર્સિટી ઑફ સેન્ટ્રલ લેન્કેશાયર, ઓનરરી ડિગ્રી ઑફ ડૉકટર ઑફ સોશ્યલ સાયન્સ - યૂનિવર્સિટી ઑફ બોલ્ટન, ઓનરરી ફેલોશીપ- બોલ્ટન ઇન્સ્ટિટયૂટ ઑફ હાયર એજ્યુકેશન, ઓનરરી સિટિઝન એવૉર્ડ - ધ મેયર ઑફ ધ સિટિ ઑફ હ્યુસ્ટન, મક્કા ચેમ્બર ઑફ કોમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી વગેરે મેળવી ગર્વ અનુભવું છું અને એ બધા માટે માલિકનો શુક્ર અદા કરું છું.

પ્રારંભના દિવસોમાં મને સાથસહકાર આપનાર અને મને આ સ્થાને પહોંચવામાં મદદ કરનાર મારા કેટલાક મિત્રો મુરબ્બીઓનો આભારની લાગણી સાથે નામોલ્લેખ કરવા માંગું છું. ઇસ્માઇલ માસ્તર હિંગલોટવાલા, અબ્દુલ માસ્તર પગુથણવાલા, સિરાઝ પટેલ પગુથણવાલા, યાકુબભાઇ મહેક ટંકારવી, મહંમદભાઇ માસ્તર નબીપુરવાલા, અબ્દુલભાઇ થામવાલા, ઇબ્રાહીમ માસ્તર સિતપોણવાલા,

મુસાભાઇ જંઘારિયા, ઇમ્તિયાઝ પટેલ વરેડિયાવાલા, હસનભાઇ કરોલિયા, મરહુમ મુસા હઝાત, રફીક મલિક, ગજનફર હુસૈન, ખાલિક ચૌધરી અને જાવેદ ઇકબાલ.

ઉપરાંત બ્રિટનના ભૂતપૂર્વ ગૃહપ્રધાન, વિદેશમંત્રી અને બ્લૅકબર્ન લેબર પાર્ટીના એમ.પી. જૅક સ્ટ્રો, બેરોનેસ બારબરા કૅસલ ઑફ બ્લૅકબર્ન, સાંસદ કિથ વાઝ, સાંસદ મિસિસ લૂઇઝ ઇલમેન, સર બિલ ટેલર સાથે કામ કરવાનો મોકો મળ્યાનો આનંદ છે.

જ્યારથી ઇંગ્લૅન્ડ આવ્યો છું ત્યારથી મેં મારી ભારતીય અને ઇસ્લામિક પરંપરા અને સંસ્કૃતિને જાળવી રાખી છે અને આજે પણ પરંપરાગત મુસ્લિમ પોષાક એટલે કે માથે કાળી મુસ્લિમ ટોપી અને લેંઘો-ઝભ્ભો-બંદી પહેરી હાઉસ ઑફ લોર્ડ્સમાં જાઉં છું. બ્રિટનના રાણીને મળવાનું થાય યા પછી દુનિયાના કોઇ પણ રાજકીય નેતાને મળવાનું થાય તો પણ હું આજ પોષાકમાં સુસજ્જ હોઉં છું. ઘરમાં આજે પણ ભારતીય અને ઇસ્લામિક માહોલ કાયમ છે. પત્ની હજીયાણી આયશા, દીકરીઓ, પુત્રવધુઓ આજે પણ વાર તહેવારે કે રજાઓના દિવસોમાં કઢી-ખીચડી, ભજિયાં, અથાણાં બનાવી કરમાડની અમારી જૂની પરંપરાને અને વતનની યાદને તાજી રાખે છે.

અત્યાર સુધીમાં ત્રણેક મકાનો બદલી અત્યારે સુંદર ટેકરીઓ અને તળાવની વચ્ચે આવેલા Lengho ખાતેના મારા આલીશાન મકાનમાં રમણીય કુદરતી દૃશ્યોની મજા માણતાં માણતાં કુટુંબીજનો સાથે રહું છું.


શરૂઆતના દિવસોમાં કોમ્યુનિટી ખૂબ જ સાદી, સરળ અને સરસ હતી. કોઇ પણ પ્રકારનું સામાજિક કે ધાર્મિક ડિવિઝન ન હતું. બધા લોકોમાં ખૂબ જ સંપ, સહકાર હતો અને દરેક વ્યક્તિને એક બીજા પ્રત્યે માન અને મહોબ્બત હતી. તે વખતે લેબર પાર્ટીને આપણા ૯૮ ટકા મતો મળતા કારણ કે ત્યારે આપણી લીડરશીપ વિભાજિત ન હતી. આજે લોકો સેલ્ફ સેન્ટર્ડ થયા છે. જૂની પેઢી આમેય ધીરે ધીરે વિદાય થતી જાય છે. *નવી પેઢીને હું તો ઓળખું છું પણ નવી પેઢી મારા જેવા જૂના લોકોને ઓળખતી નથી અને ઓળખવા પણ માંગતી નથી!* જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર ખૂબ વધી ગયું છે.

શરૂઆતના દિવસોમાં ૨૯ બિકનલ સ્ટ્રીટના મકાનમાં અમે નમાઝ પઢતા. ઈદ જેવા પ્રસંગે બધા જ ભેગા મળી કિંગ જ્યોર્જીસ હોલમાં ઈદની નમાઝ અદા કરતા. સામાજિક એકતા એટલી જબરદસ્ત હતી કે તેનું ઉદાહરણ આપું તો અમારા વખતમાં મોટાભાગના લોકો આર્થિક ભીંસમાં હોવાથી ઈંગ્લૅન્ડ આવતી વખતે પોતાની જમીનો ગીરો મૂકીને આવતા. અમે લોકો અમારાં વેજીસ ભેગાં કરી વારાફરતી એકબીજાને સામટી રકમ આપીને ગીરો મૂકેલી જમીનોને છોડાવવામાં એકબીજાને મદદ કરતા.

જ્યારે ડયુઝબરીમાં હતો ત્યારે મનોરંજન માટે સાથીદારો સાથે બ્રેડફોર્ડના 'નાઝ' સિનેમાઘરમાં ઇન્ડિયન ફિલ્મો અને તેમાંયે ખાસ કરીને દીલિપ કુમારની ફિલ્મો જોવા જતા. ત્યારે મનોરંજનનાં સાધનો અને સોશ્યલ લાઇફ મર્યાદિત હતાં. બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટેલિવિઝન હતાં અને કાર્યક્રમો ૧૦ વાગ્યા સુધીજ ચાલતા. ઘરોમાં સેન્ટ્રલ હિટીંગની સગવડ ન હતી. બાથરૂમ અને ટોઈલૅટ મકાનની બહાર વાડામાં હતાં. માત્ર સિટિંગ રૂમમાં જ કોલસાનો ફાયર સળગતો હોય જેની નજીક ટોળે વળીને અમે બેસતા. અઠવાડિયામાં એક વખત પબ્લિક બાથમાં અમે નહાવા જતા. આ રીતે ઘણો સંઘર્ષ કરી અને અનેક કુરબાનીઓ આપીને અમારી પ્રથમ પેઢીએ આ દેશમાં આપણા પાયા મજબૂત કર્યા છે જેની નવી પેઢીએ નોંધ લઇ કદર કરવી જોઇએ.

વર્ષો થયાં અહીં વસવાટને છતાં ગામ, ગામડાનું જીવન, ચોખ્ખી હવા વગેરે હજી યાદોમાં રમે છે. હરિયાળાં ખેતરો, તાજાં શાકભાજી, દેશી ફળફળાદિ, ઉનાળામાં કેરીઓ, આપણી ભાષા, સંસ્કૃતિ, વડીલો, મિત્રો, સગાં વહાલાં આજે પણ યાદ આવે જ છે. કફ થાય તો મારી મા તથા દાદીમા હલદર, મીઠું અને સૂંઠ ભેળવીને ફકાવતાં તે પણ યાદ છે.

જતાં જતાં એટલું કહીશ કે આપણે ભારત અને બ્રિટન વચ્ચે કડીરૂપ બની બંને દેશોને, બંને સમાજોને ઉપયોગી નીવડે એવાં લોકહિતનાં કામો કરવાં જોઇએ.



Lord and Lady Adam Patel's Wedding - 1964



Lord and Lady Adam Patel with Former MP Barbara Castle



Lord Adam Patel of Blackburn with his Family and Friends

Name: **Adam Moosa Ghodiwala, known as Adam Tankarvi**

નામ: આદમ મુસા ઘોડીવાલા ઉર્ફે અદમ ટંકારવી
જન્મ સ્થળ: ટંકારીઆ, તા. જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૪૦
પિતા: મુસા ઈબ્રાહીમ પટેલ
માતા: આયેશા મુસા પટેલ

કોઇ પણ પ્રકારનું આત્મવૃત્તાંત આપવડાઇ કે આત્મપ્રશંસામાં સરી પડે એવો ભય રહે છે. આ નિવારવાનો શકય એટલો પ્રયાસ કરી, આ પુસ્તક સાથે સુસંગત હોય એવાં મારા બ્રિટનનિવાસ વિશેનાં તથ્યો રજૂ કરું છું.

૧૯૯૧માં બ્રિટનસ્થિત થયો તે અગાઉ પ્રાથમિક પહેલા ધોરણથી લઇને પી.ઍચ.ડી. સુધીનું શિક્ષણ ભારતમાં પૂરું કરેલું. ગામમાં શૈક્ષણિક સુવિધાઓ ઓછી, પણ હાઇ સ્કૂલના બે ત્રણ શિક્ષકો ખૂબ જ મહેનતું અને નિષ્ઠાવાન. તેઓ અમને ઉચ્ચ અભ્યાસ અને ઉજ્જવળ કારકિર્દીની પ્રેરણા આપે.

અભ્યાસ પૂરો કરી મેં શિક્ષણનો વ્યવસાય સ્વીકાર્યો. પાંચ વર્ષ હાઇ સ્કૂલના શિક્ષક તરીકે અને એકવીસ વર્ષ કોલેજમાં અધ્યાપક તરીકે કામગીરી બજાવી. આ દરમિયાન મારી સાહિત્ય સર્જનની પ્રવૃત્તિ પણ ચાલતી રહી.

વિદ્યાર્થી તરીકે મેં ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યનો ઈતિહાસ વાંચેલો. આ ઉપરાંત અંગ્રેજી સાહિત્યના પરિશીલન દ્વારા બ્રિટનનો પરોક્ષ પરિચય થયેલો. એટલે બ્રિટન વિષે મનમાં કુતૂહલ ખરું. ૧૯૮૧માં હું વલ્લભ વિદ્યાનગરની ઇન્સ્ટીટયૂટ ઑફ ઈંગ્લિશમાં અધ્યાપક હતો ત્યારે મને બ્રિટિશ કાઉન્સિલ તરફથી બ્રિટનમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે સ્કૉલરશીપ-શિષ્યવૃત્તિ મળી. મેં લેન્કાસ્ટર યૂનિવર્સિટીમાં એક વર્ષ ખંતપૂર્વક અભ્યાસ કર્યો. વર્ષાંતે પરીક્ષા થઇ તેમાં હું ડિસ્ટીંક્શન સાથે પાસ થયો. મારા ટ્યૂટર ડમૉટ મર્ફીએ ઓફર કરી કે બે વર્ષ સંશોધન કરી પી.ઍચ.ડી. કરવું હોય તો યૂનિવર્સિટી સ્કૉલરશીપ આપશે. તે પૂરું થયે ઈંગ્લિશ ડિપાર્ટમેન્ટમાં જૉબની પણ તક ખરી. ઑફર ખૂબ જ આકર્ષક હતી પણ હું વિદ્યાનગરની ઈન્સ્ટીટયૂટ સાથે

વચનબદ્ધ થઇ આવેલો કે, બ્રિટનથી ડિગ્રી પ્રાપ્ત કરી ઇન્સ્ટીટયૂટમાં ત્રણ વર્ષ સેવા આપીશ. એટલે ભારત પાછો ગયો.

લેન્કાસ્ટર યૂનિવર્સિટીમાં મને બ્રિટનની શિક્ષણપ્રથાનો નિકટથી પરિચય થયો. આ અત્યંત સમૃદ્ધ કરે એવો (enriching) અનુભવ હતો. ભારત જઇ મેં બ્રિટનની શિક્ષણપ્રક્રિયા વિશે પુસ્તક પ્રગટ કર્યું. ગુજરાતની યૂનિવર્સિટીઓમાં આ અંગે સેમિનારો યોજાયાં. શિક્ષકો અને પ્રાધ્યાપકો માટે આ પુસ્તક સંદર્ભગ્રંથ બન્યું.

૧૯૮૬માં લંડનમાં ઈંગ્લિશનું આંતરરાષ્ટ્રીય સેમિનાર યોજાયું. એમાં પેપર પ્રેઝન્ટ કરવા મને નિમંત્રણ મળ્યું, એટલે ફરીવાર બ્રિટન આવવાની તક પ્રાપ્ત થઇ. આ બે મહિનાનો શૈક્ષણિક પ્રવાસ જ હતો. બ્રિટીશ કાઉન્સિલે મારી ઓક્ષફર્ડ, કેમ્બ્રિજ, લેન્કાસ્ટર અને એડિનબરોની મુલાકાતો ગોઠવેલી. આ યૂનિવર્સિટીઓમાં એકેક અઠવાડિયું રોકાઇ મેં ત્યાંના અધ્યાપકો સાથે સંશોધનકાર્ય કર્યું. આ અનુભવ પણ ખૂબ જ સંતર્પક અને અર્થપૂર્ણ (meaningful) રહ્યો.

૧૯૯૧માં મને બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલ તરફથી હેડ ટીચરની જૉબ માટેનું કહેણ આવ્યું. આ મારા માટે નિર્ણાયક (crucial) ઘડી હતી. વિદ્યાનગરના મિત્રોએ ભારપૂર્વક સલાહ આપી કે, બ્રિટન ન જવું. વિદ્યાનગરમાં જ શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવું કેમકે તેમાં વધુ કાર્યતૃપ્તિ (job satisfaction) મળશે. અધ્યક્ષશ્રી ઍચ.એમ.પટેલે નારાજગી દર્શાવતાં કહ્યું કે, તમે બ્રિટન જઇ વસો એ ‘બ્રેન ડ્રેઇન’ કહેવાય. પરંતુ મારાં કુટુંબીજનોની ઇચ્છા એવી કે બ્રિટન જઇ વસવું. મારી મોટી દીકરી શમીમ અને પુત્ર ઇકબાલ તો બ્રિટનસ્થિત હતાં જ. ઉપરાંત ભાઇઓ અને બે બહેનો પણ અહીં હતાં. આ બધા સંજોગો અનુસાર બ્રિટનનિવાસનો નિર્ણય લીધો. અહીં આવી ૧૯૯૧થી ૧૯૯૮ દરમિયાન બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલમાં અને તે પછી ૨૦૦૧ સુધી તૌહિદુલ ઇસ્લામ ગર્લ્સ હાઇ સ્કૂલ, બ્લૅકબર્નમાં હેડ ટીચર તરીકે રહ્યો. હું જોડાયો ત્યારે આ સંસ્થાઓનું સ્તર મને અસંતોષકારક લાગેલું. આ શાળાઓમાં સિદ્ધિપ્રણાલી (achievement culture) નિર્માણ કરવા અને વિદ્યાર્થીનીઓમાં આત્મસન્માન (self esteem) કેળવવા મેં મારી રીતે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા જેની ફલશ્રુતિ રૂપે શાળા વિશિષ્ટ (outstanding) બની. આ સમયગાળામાં મને બોલ્ટન કોલેજ તથા પ્રેસ્ટન કોલેજમાં ખંડસમયના (part time) વ્યાખ્યાતા તરીકે કામ કરવાની તક મળી. આમ બ્રિટિશ શિક્ષણપ્રથાનો મને જાત અનુભવ મળ્યો.

બ્રિટન નિવાસ દરમિયાન મારાં રસનાં ક્ષેત્રો પણ: શિક્ષણ, સાહિત્ય અને બ્રિટનનું સમાજજીવન તથા અંગ્રેજ પ્રજાનાં મૂલ્યો. હું રસપૂર્વક આ સમાજનું નિરીક્ષણ કરતો રહ્યો. બ્રિટન વિશેના મારા અભ્યાસલેખો પ્રતિ માસ 'અખંડ આનંદ'માં પ્રગટ થતા રહ્યા. ૨૦૦૫માં આ લખાણો પુસ્તકરૂપે પ્રકાશિત થયાં. 'બ્રિટન: આદમકદ અરીસામાં' નામક આ પુસ્તક ગુજરાતમાં ખૂબ જ લોકપ્રિય થયું.


બ્રિટનમાં મારી સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ ચાલતી રહી. મુશાયરા નિમિત્તે અનેકવાર યુ.એસ.એ., કેનેડા, ઓમાન, દુબાઈ, શારજાહ જવાનું થયું.

બ્રિટન નિવાસ દરમિયાન અંગ્રેજો સાથે કામ કરવાની અનેક તકો મને મળી. હું જેમના નિકટના પરિચયમાં આવ્યો તેમની નિષ્ઠા અને કાર્યશૈલીથી હું પ્રભાવિત થયો છું. આ સમાજે મને જે સુવિધાઓ, તકો, સૂઝ, સજ્જતા આપ્યાં તેની મારા મનમાં કદર છે, અને આ રાષ્ટ્રની સુખાકારીમાં હું યથાશક્તિ યોગદાન આપું એવી મારી ભાવના છે.

બ્રિટન નિવાસને પરિણામે આપણા સમાજમાં શું પરિવર્તન આવ્યું એવો પ્રશ્ન ઈમ્તિયાઝ પટેલે પૂછયો છે. હું ૧૯૮૧માં પ્રથમવાર આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં ઝાઝું પરિવર્તન દેખાતું નથી. આપણા મોટા ભાગના લોકોની માનસિકતા (mind-set) તથા કાર્યશૈલી હતાં તેવાં જ છે. આ વિકસિત, સુસંસ્કૃત દેશમાં વસવાની તક મળી તેનો મહત્તમ લાભ આપણે લઈ શકયા નથી. લોકશાહી, સમાનતા, નિષ્પક્ષ વ્યવહાર (fair play) જેવાં બ્રિટિશ મૂલ્યો આપણી સંસ્થાઓના સંચાલનમાં કે આપણી કાર્યપદ્ધતિમાં પ્રતિબિંબિત થતાં નથી. આનું એક કારણ એ કે, બ્રિટિશ સમાજના મુખ્યપ્રવાહ (mainstream) સાથે આપણી પારસ્પરિકતા (interaction) નહિવત્ છે. એટલે આ મહાન રાષ્ટ્રની સારી પ્રણાલીઓ આપણે શીખી શકયા નથી. ૧૯૯૯માં એક સર્વેક્ષણના ભાગરૂપે મેં આપણા સમાજના કેટલાક યુવકોને એવો પ્રશ્ન પૂછેલો કે, આપણે અંગ્રેજ પ્રજા પાસેથી શું શીખવા જેવું છે? આના પ્રત્યુત્તરમાં નેવુ ટકાએ કહ્યું કે, કંઈ શીખવાનું નથી. આવી મનોવૃત્તિ બે કારણે હોઈ શકે. એક તો મારે કશું શીખવાનું નથી એવો અહંકાર કે મિથ્યાભિમાન. બીજું, આપણી પોતાની મર્યાદાઓ અંગેનું અજ્ઞાન કે મૂઢતા. સૂફીસંતોએ કહ્યું છે કે, There are people who do not know, and they do not know that they do not know.




Dr Adam Ghodiwala with Princess Alexandra
University of Lancaster - 1982



Dr Adam Ghodiwala with English poet Brian Lewis



Dr Adam Ghodiwala receiving Community Award



Dr Adam Ghodiwala with Imtiaz Patel and Lord Dholakia

Name: **Abdullah Vali Patel known as Abdul Master**

નામ: અબ્દુલ્લહ વલીભાઇ પટેલ ઉર્ફે અબ્દુલભાઇ માસ્તર
જન્મ સ્થળ: પગુથણ, તા. જિલ્લા ભરૂચ, ગુજરાત.
જન્મ તારીખ: ૧૯૩૯
પિતા: હાજી વલીભાઇ પટેલ મુન્શી
માતા: હજીયાણી આયેશાબેન વલીભાઇ મુન્શી

મારું નામ અબ્દુલ્લાહ વલીભાઇ પટેલ છે, પરંતુ મોટા ભાગના લોકો મને અબ્દુલભાઇ માસ્તર તરીકે ઓળખે છે. જન્મ પગુથણમાં. વાલીદ સાહેબ શિક્ષક હતા એટલે ઘરમાં પહેલેથીજ શિક્ષણનો અને ઈસ્લામિક માહોલ હતો.

ભારત ખાતે પ્રાથમિક શિક્ષણ પગુથણમાં, માધ્યમિક શિક્ષણ ભરૂચની પાયોનિયર હાઇ સ્કૂલમાં અને એસ.એસ.સી. એંગ્લો ઉર્દૂ હાઇ સ્કૂલ, સુરતમાં. એક વર્ષ ભરૂચની જયેન્દ્રપુરી આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરી પછી એમ.ટી.બી. કોલેજ, સુરતમાં દાખલ થયો. ૧૯૬૧માં મુંબઇની ઈસ્માઇલ યુસુફ કોલેજમાંથી બી.એડ.ની ડિગ્રી મેળવી કરમાડ હાઇ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયો. શિક્ષણની મહત્વતા વિશે વાલીદ સાહેબે પહેલેથી જ સભાન કર્યો હતો. કોઇ પણ સમાજને આર્થિક, સામાજિક, ધાર્મિક રીતે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી હોય તો સમાજના દરેક વર્ગને શિક્ષિત કરવો ખૂબ જ જરૂરી છે.

૧૯૬૩માં ઈંગ્લૅન્ડ (ત્યારે લોકો લંડન કહેતા) આવવા રવાના થયો. એ પહેલાં પણ પ્રયત્ન કરેલો પણ પાસપોર્ટ બનાવવામાં મુશ્કેલીને કારણે છેવટે ઉચ્ચ શિક્ષણ પૂરું કરી શિક્ષક બન્યો ત્યારે સદભાગ્યે લંડનની ફોરેન ઍન્ડ કોમનવેલ્થ ઓફિસ તરફથી ‘વર્કીન્ગ વાઉચર’ મળતાં અને પાસપોર્ટ તૈયાર થતાં વાલીદ સાહેબને વાત કરી કે લંડન જવાનો વિચાર છે. વાલીદ સાહેબ ઝામ્બિયા ગયા હતા ત્યાં તેમણે ઈંગ્લૅન્ડ ભણીને આવેલા કેટલાક છોકરાઓનાં વાણી, વર્તન, વ્યવહાર, વિચારો અને જીવનશૈલી પર પશ્ચિમી સંસ્કૃતિની અસર થયેલી જોયેલી. એટલે તેઓ પ્રથમ તો ખચકાયા. ત્રણેક દિવસના ઊંડા મનોમંથન અને ગંભીર વિચારણા તથા સલાહ મશ્વેરાના અંતે તેમની દુઆઓ અને અલ્લાહના ભરોસે મેં જીવનની પહેલી લાંબી સફર શરૂ કરી.

ઍર ઇન્ડિયાની ૩,૦૦૦ રૂપિયાની સિંગલ ટિકિટ અને £૩ નું હુંડિયામણ લઇ લંડન હિથરો પર ઉતર્યો ત્યારે બધું નવું નવું લાગેલું. ત્યારનું હિથરો ઍરપોર્ટ અત્યારના ભરૂચ બસ ડેપો જેવું લાગેલું. અંગ્રેજોની વાણી ,વ્યવહાર, વ્યવસ્થા, કાર્ય પદ્ધતિ અને મદદરૂપ થવાનો સ્વભાવ- એ બધું ગમ્યું અને પ્રેરણાદાયક લાગ્યું. હું જનાબ વલીભાઇ સિલોંટ તથા જનાબ ઇસ્માઇલભાઇ કાસમડી સાથે પ્રેસ્ટન આવ્યો જ્યાં અમારા બનેવી જનાબ ગુલામભાઇ વરેડિયાવાલાને ત્યાં એક અઠવાડિયું રોકાઇને અહીં જોબની તકલીફને કારણે અમારા ગામના જનાબ ઉમરજી માસ્તરને ત્યાં લેન્કાસ્ટર ગયો.

અહીં ભારતની ડિગ્રી કામ નહીં લાગે અને કોઇ પણ સામાન્ય કામ સ્વીકારવું પડશે એવી તેમની સલાહ મુજબ લેન્કાસ્ટરની મિલોનું લિસ્ટ તેમની પાસેથી લઇને જોબની તલાશમાં નીકળી પડયો. અજાણ્યું શહેર, અજાણ્યા રસ્તા પણ અંગ્રેજ લોકો ત્યારે ખૂબ જ માયાળુ અને વ્યવહારૂ હતા. પૂછતાં પૂછતાં અલગ અલગ મિલોની મુલાકાત મેં લીધી.

સૂટ, ટાઇ અને હાથમાં બ્રિફકેસ લઇ અહીંની જાણીતી બાથ કોટન મિલમાં પહોંચ્યો. No Vacancyનું પાટિયું જોયું. નિરાશ થયો. મૅનેજરને મળવા વિનંતી કરી. મારાં ડિગ્રી સર્ટિફિકેટો જોઇ તેમણે કહ્યું કે તમારી શૈક્ષણિક લાયકાતને અનુકૂળ અહીં કોઇ જગા નથી, “ટેબલ જોબ નહીં મળે, સ્ટેબલ જોબ મળી શકે!” મતલબ કે લેબર જોબ મળવાની સંભાવના ખરી. વીવીંગ ડિપાર્ટમેન્ટમાં ડે શિફટમાં જોબ સ્વીકાર્યો. થકવી નાંખે એવું કામ, હતાશ થયો, રડી પડયો. એક અંગ્રેજ બાઇએ આશ્વાસન આપ્યું, હિંમત આપી. હવે કામ કર્યા સિવાય કોઇ વિકલ્પ નથી એવું મનોમન નક્કી કરી કામને વળગી રહ્યો. એવામાં એક દિવસ અમારાજ ગામના સિરાજ પટેલ નોકરી શોધતાં શોધતાં ત્યાં આવી ચઢયા. મિલમાં થોડીક ઓળખાણ વધેલી એટલે મેં સિરાજભાઇ માટે ભલામણ કરી. તેઓ પણ કામે લાગ્યા એટલે હવે કંપની વધી, હિંમત પણ વધી.

ત્યાર બાદ પ્રોસેસ વર્કર તરીકે વિલિયમસન્સ ફેકટરીમાં, બોલ્ટન ખાતે કર્ઝલી ફેકટરી, ટુટલ ફેકટરી, ૧૯૬૬માં બ્લૅકબર્ન ખાતે વોટર ફોલ મિલ અને Mullards ફેકટરી જે ફિલિપ્સ કંપનીની હતી ત્યાં નોકરી કરી. Mullardsમાં મારી છેલ્લી નોકરી. ૧૯૬૯માં વાલીદ-વાલીદાની મુલાકાત કરવા ભારત ગયો. ૧૯૭૦માં સગાંવહાલાંઓની મુલાકાત કરવા ઝામ્બિયા ગયો. ત્યાંથી ઈંગ્લૅન્ડ પાછા આવી

બ્લૅકબર્નની આલ્ટમ સ્ટ્રીટમાં "માસ્તર બ્રધર્સ" નામનો ગ્રોસરીનો ધંધો શરૂ કર્યો જે ૧૯૭૫ સુધી ચાલ્યો. પછી કલોધિંગ મૅન્યુફૅક્ચરિંગમાં ઝંપલાવ્યું. "ઓરિએન્ટલ ફેશન"ના નામે ધંધો શરૂ કરી ચિલ્ડ્રન્સ વૅર બનાવતા. વિકટોરિયા સ્ટ્રીટમાં માસ્તર બ્રધર્સ કલોધિંગ શોપ ખોલી જે ૧૯૮૮ સુધી ચાલી. ૧૯૯૮માં નેલ્સન ટાઉનમાં ન્યૂઝ એજન્ટની દુકાન લીધી. પછી સ્ટ્રોક આવતાં તબિયતને ધ્યાનમાં રાખી વેપાર ધંધાઓને આટોપવા પડયા.

આપણે ત્યાંના સુરત, મુંબઇ જેવાં શહેરોની રોનક જોઇને આવેલો એટલે શરૂઆતના દિવસોમાં તો હું અહીંયાંના શહેરો-ટાઉનોથી ખાસ પ્રભાવિત થયો ન હતો. હા, એટલું ખરૂં કે અંગ્રેજ લોકોનો મદદગાર સ્વભાવ, વાતચીત, વ્યવહાર અને ઈમાનદારીની નોંધ લેવી પડે. રેલ્વે સ્ટેશને સમાચાર પત્રો હોય ત્યાં પૈસા મૂકીને જાતે જ પેપર લઇ લેવાનું. ઉંબરે મૂકેલી દૂધની બોટલો ઘરમાલિક દિવસો સુધી ઘરમાં ન લે તો પણ કોઇ અડકે નહીં. આને ઈમાનદારી કહેવાય. ભૂલા પડો કે કોઇ જગ્યા મળતી ન હોય તો અંગ્રેજો તમને હાથ ઝાલીને ઠેઠ તમારે જ્યાં જવું હોય ત્યાં મૂકી આવતા. તેઓ આટલા બધા માયાળુ અને મદદરૂપ હતા!

૧૯૨૬ની આસપાસ અમારા આદમ કાકા ઉમર, દુધિયા ફેમિલી સિતપોણવાળા આફ્રિકા દેશમાં નીકળી ગયા હતા. અમારા ભાઇઓ ઈબ્રાહીમભાઇ પટેલ, મહંમદભાઇ પટેલ અને ઈસ્માઇલભાઇ સિટિઝન પણ આફ્રિકા પરદેશગમન કરી ગયેલા. અમારા વાલીદ સાહેબ ૧૯૫૭માં ઝામ્બિયા ભાઇને ત્યાં ગયેલા.

ભારતના ભાગલા થયા ત્યારે શાળામાં લાડુ વહેંચાયેલા અને આઝાદીનાં ગીતો ગાતાં ગાતાં વિદ્યાર્થીઓ સાવરણીઓ લઇને શેરીઓ સાફ કરવા નીકળેલા.

૧૯૬૧માં મારી શાદી હજીયાણી જુબેદા મહંમદ ઈસ્માઇલ પટેલ પરિયેજવાલા સાથે પરિયેજ મુકામે થઇ. તે જમાનામાં જંબુસરથી નિઝામ બેન્ડ મંગાવેલી. પરિવારમાં દીકરી જમીલા, ઝાકીર હુસૈન, ઝહીરૂદ્દીન અને હબીબુલ્લાહ છે. ૧૦ ગ્રાન્ડચિલ્ડ્રન છે.

અહીં આવી લેન્કાસ્ટર કોમર્શિયલ કોલેજમાંથી એકાઉન્ટન્સી, શોર્ટહેન્ડ અને ટાઈપીંગનો કોર્સ પાર્ટ-ટાઇમ અભ્યાસ કરીને પૂરો કર્યો હતો. બહુ જ શોખથી ઓલેમ્પિઆ ટાઇપરાઇટર ખરીદયું હતું.

સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં 'ઇન્ડિયન વર્કર્સ ઍસોસિયેશન'ના પ્રમુખ તરીકે સેવા બજાવી. ૧૯૬૬ થી ૧૯૮૫ સુધી 'પગુથણ વેલ્ફેર મુસ્લિમ સોસાયટી'ના સેક્રેટરીપદે રહી ગામની સેવા કરી. 'અંજુમને ઇસ્લામ'ના ફાઉન્ડર મેમ્બર અને સેક્રેટરી તરીકે સેવાઓ બજાવી. ૧૯૮૪ થી ૨૦૦૫ સુધી 'તૌહિદુલ ઇસ્લામ ગર્લ્સ હાઇ સ્કૂલ'નો ચૅરમેન રહ્યો અને ફાઉન્ડર મેમ્બર છું. બ્લૅકબર્ન વીથ ડારવીન કાઉન્સિલમાં શૈક્ષણિક ક્ષેત્રે મુસ્લિમ સમાજનું આ એક આગવું પ્રદાન છે, એક અનોખી સિદ્ધિ છે, જેના પ્રણેતા હોવાનો હું ગર્વ અનુભવું છું. આ સ્કૂલ આપણી હજારો દીકરીઓને ઇસ્લામિક માહોલમાં સુંદર શિક્ષણ પૂરું પાડે છે. ઉપરાંત આપણા ઘણાં ભાઇબહેનોને એમાં સારી નોકરી અને રોજગારની તકો પણ મળી રહે છે.

સ્કૂલના ઇતિહાસમાં નોંધવા જેવી એક વાત કહું. એક મુસ્લિમ છોકરી ઇસ્લામિક પહેરવેશ પહેરી બિયર્ડવુડ હાઇ સ્કૂલમાં ગઇ તો હેડટીચરે તેણીને પ્રવેશ આપવાની ના પાડી. તેણીના પિતાએ મરહુમ ઇસ્માઇલભાઇ માસ્તર હિંગલોટવાળાને વાત કરી. થોડોક મશ્વેરો કરી હું, મરહુમ વલીભાઇ બક્ષ દયાદરાવાળા, મરહુમ ઇસ્માઇલભાઇ માસ્તર હિંગલોટવાળા અને જનાબ ઇબ્રાહીમભાઇ ઘીસા સ્કૂલના હેડટીચરને મળવા ગયા જેમણે મુલાકાત દરમિયાન કહ્યું કે "જો તમને મારા નિર્ણય વિશે વાંધો હોય તો why don't you start your own school?" બસ, એની આ વાત અમને અસર કરી ગઇ. નક્કી કર્યું કે આમ જ કરવું. સને ૧૯૮૪માં ગર્લ્સ સ્કૂલના પાયા નંખાયા. હાલમાં સાઉદી અરેબિયાના પ્રિન્સ તુર્કીને મારા હાથે સન્માનપત્રક આપવાનું સદ્ભાગ્ય મને મળ્યું.

સમાજને મજબૂત બનાવવા આર્થિક, સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક જાગૃતિની સાથે સાથે રાજકીય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લેવો આવશ્યક છે. આ દિશામાં બ્લૅકબર્નના એમ.પી. બારબરા કૅસલ, બ્રિટનના ફોરેન અને હોમ સેક્રેટરી એમ.પી. જૅક સ્ટ્રો, માર્ટિન વગેરે સાથે કામ કરવાનો મોકો મળ્યો. ઇનૉક પોવેલની રંગભેદભરી નીતિઓના વિરોધમાં ૧૯૭૦માં ડેમોન્સ્ટ્રેશન કરેલું. ૧૯૬૯માં ટેડી બોય્ઝ જેઓ એશિયનોની સતામણી કરતા હતા તેમની સામે પણ લડત લડી પાઠ ભણાવેલો. ૧૯૬૮માં સિરાજ પટેલ પગુથણવી સાથે ઇસ્ટર્ન પબ્લિકેશનની સ્થાપના કરી બ્રિટનનું પ્રથમ ગુજરાતી પાક્ષિક "વીસમી સદી" શરૂ કરેલું. આ બધી સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓમાં સાથીદારોમાં આદમ પટેલ ફાંસીવાલા, મરહુમ ઇસ્માઇલ માસ્તર હિંગલોટવાળા, સિરાજ પટેલ, સાકી રાંદેરી, જનાબ અબ્દુલભાઇ

થામવાળા, જનાબ મુસાભાઇ જંઘારિયા અને જનાબ ઇસ્માઇલભાઇ જાળીવાલા હતા.

પશ્ચિમી સંસ્કૃતિની વચ્ચે જીવતા હોવાથી આપણી સંસ્કૃતિ-સંસ્કારોને પણ ટકાવી રાખવા જ્યાં જ્યાં પણ વસ્યો ત્યાં મસ્જિદ મદ્રસાની પણ ફિકરો કરી. શરૂઆતમાં ઘરોમાં નમાઝ પઢતા, ઇદની નમાઝ હોલ ભાડે કરીને પઢતા. લેંકાસ્ટરમાં ઇદની નમાઝ હોટલમાં, બોલ્ટનમાં ઇદની નમાઝ ટાઉન હોલ અને સ્પોર્ટ્સ હોલમાં તથા બ્લૅકબર્નમાં ઇદની નમાઝ કિંગ જ્યોર્જીસ હોલમાં પઢતા. ૧૯૬૬માં ૨૯ બિકનલ સ્ટ્રીટમાં જનાબ દેસાઇ હાફેજી, જનાબ કાસમખાં અને જનાબ મુસાભાઇ માસ્તર મનુબરવાલાની કોશિશોથી નમાઝ શરૂ થયેલ. આજ સમયગાળા દરમિયાન જનાબ ઇબ્રાહીમભાઇ બંબુસરીનો દીકરો આકસ્મિક રીતે કનાલમાં ડૂબી ગયો. ફયૂનરલ ડાયરેક્ટર તથા હોસ્પિટલ સ્ટાફ સાથે યોગ્ય જરૂરી કાર્યવાહી પતાવી વાતચીત દ્વારા ૨૪ કલાકમાં બ્લૅકબર્ન કબ્રસ્તાનમાં દફનવિવિધ કરી હતી. ત્યારેબ્લૅકબર્ન કબ્રસ્તાનમાં માત્ર બેત્રણ સુરતીભાઇઓની દફનવિધિ થયેલી.

આજની સરખામણીએ તે વખતના લોકો સહકારરૂપ બની એક બીજા સાથે મળીને કામ કરતા. હવે જૂના માણસો જતા રહ્યા છે. નવી પેઢીને પોતાના માબાપના રસ્તે ચાલવું નથી. તેમને પોતાની ઓળખ, ભાષા, પહેરવેશ, રીત-રિવાજો બદલવા છે. મારો સંદેશો એટલો છે કે ખૂબ ભણો. દીની દુન્યવી બંને શિક્ષણ મેળવો. સામાજિક જીવન હળીમળીને જીવો, નહીં કે એકલ દોકલ જીવન. પોતાના સાંસ્કૃતિક વારસાને, પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને મઝહબને માન આપો.

વતન એ વતન છે. વતનની ઘણી બધી વસ્તુઓનો અહીં અભાવ છે. મારી નાની દીકરી અહીં પ્રથમવાર આવી ત્યારે પૂછેલું: “મમ્મી આ માણસ કોણ છે (મને બતાવીને), દાદા દાદી કયાં છે? મરઘી નથી, બકરી નથી, ભેંસ નથી.” દેશનાં ચપાટી, રાઇસ, રીંગણ, બટાકા એ બધું માના હાથનું ખાવાનું યાદ આવે છે. ધીરે ધીરે અહીંના જેલ જેવા જીવન સાથે ગોઠવાઇ ગયાં છીએ. Care-free જીવન હવે Care-full જીવન બની ગયું છે. તેમ છતાં આ દેશે આપણને ઘણું આપ્યું છે. અલ્લાહનો શુક્ર અદા કરી આપણે આભારી બનવું જોઇએ.



Abdul Master (far right) - Paguthan Primary School - 1957



Abdul Master - Bombay - 1961



Abdul Master - Lancaster - 1963



Moosa Master with Abdul Master and Siraj Patel
Preston - 1964

Name: **Abdullah Kamal known as 'Kadam' Tankarvi**

નામ: અબ્દુલ્લાહ કમાલ ઉર્ફે 'કદમ' ટંકારવી
જન્મ સ્થળ: કહાન, વાયા ટંકારીઆ, તાલુકે-જિલ્લે ભરૂચ.
જન્મ તારીખ: ૧૯૩૬.
પિતા: મહંમદ ઈસ્માઈલ બાદશાહ
માતા: હૂરી મહંમદ ઈસ્માઈલ

મૂળ નામ અબ્દુલ્લાહ કમાલ. કવિ તરીકેનું ઉપનામ 'કદમ' ટંકારવી. વાલીદાના અકાળ અવસાનને કારણે નાની મા મને મોસાળમાં કહાન ગામ લઈ ગયેલાં જ્યાં પ્રાથમિક શાળામાં ૪ ધોરણ સુધી ભણ્યો. પછી ધોરણ ૫ થી ૭ સુધી ટંકારીઆ પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો. ૧૯૪૯માં ફાઇનલની પરીક્ષા ઉર્દૂમાં પાસ કરી. મરહુમ ઈબ્રાહીમભાઈ કબીર, જનાબ મસ્તાન બંગલાવાલા (ખાન સાહેબ) તેમજ તેમના અન્ય સાથી-મિત્રોની મહેનતને પરિણામે ટંકારીઆમાં હાઈ સ્કૂલ શરૂ થઈ. મૂળ ટંકારીઆના પણ પાલેજ સ્થિત જનાબ અહમદ ઉમરજી પટેલ (એ.યુ.પટેલ) સાહેબની શિક્ષક તરીકેની આદર્શ સેવાઓ પ્રાપ્ત થઈ. આ સ્કૂલમાં પ્રથમ જે પાંચ-છ વિદ્યાર્થીઓ દાખલ થયેલા તેમાંનો એક હું હતો. લેખન વાંચનનો શોખ પ્રથમથી જ હતો. આ દિવસોમાં "પ્રકાશ" નામનું મૌલિક લેખોનું એક હસ્તલિખિત માસિક શરૂ કર્યું જેનાથી શિક્ષકગણ અને ગામના કેટલાક વડીલો પણ પ્રભાવિત થયેલા.

૯મી એપ્રિલ ૧૯૬૧ના રોજ જેમણે મારા કહેવાથી વિદાય આપતી વેળા આંસુઓ રોકી રાખેલાં તે મારાં દાદીમા, નાનીમા, મામી, અને પિતાજીની દિલી દુઆઓ સાથે કેટલાક સજ્જનોના પ્રોત્સાહનથી વતન છોડી ઈંગ્લૅન્ડ આવ્યો. મારા કુટુંબમાં દેશાટન કરનાર હું પ્રથમ હતો કેમકે મારા નજીકના કુટુંબમાં પહેલાં કોઈ આફ્રિકા કે બીજા કોઈ દેશમાં ગયેલું નહીં. પ્રથમ વિમાની મુસાફરી રોમાંચક હતી. હિથરો ઍરપોર્ટ પર મને લેવા માટે પાલેજવાળા મહંમદ રસૂલખાન અને સઈદ અબ્બાસ કરીમ આવેલા. થોડા દિવસ લંડનના આલ્ડગેટ વિસ્તારની સેટલ સ્ટ્રીટમાં આવેલા તેમના મકાનમાં રોકાયો. તેમણે લંડનમાં મારા માટે કામનો બંદોબસ્ત કરી રાખ્યો હોવા છતાં કેટલાક અંગત કારણોસર મારે ડયુઝબરી જવું જરૂરી હોવાથી નોકરીને જતી કરી હું ટ્રેઈનથી ડયુઝબરી મારી પત્નીના ફોઈના દીકરા મનુબરના ઈબ્રાહીમ ઈસા ઘીસાને ત્યાં પહોંચ્યો.

લંડનમાં બે સપ્તાહ, બોલ્ટનમાં ૧ મહિનો અને ડયુઝબરીમાં ૪ મહિના હેકમંડવાઇકની ટી.એફ.ફર્થમાં રાતપાળી કામ કરી ત્યાં રિસેસન શરૂ થતાં કેટલાક મિત્રોના આગ્રહથી પ્રેસ્ટન આવ્યો. અહીં Courtauldsમાં કામ મળી જતાં આઠ વર્ષ સુધી ત્યાં કામ કર્યું.

પ્રથમ નજરે યુ.કે.માં મને કેવું લાગ્યું એવું પૂછો છો તો કહું કે રસિક, ઇન્ટરેસ્ટિંગ, મનગમતું, સલામતીભર્યું, સ્થાનિક લોકોના વર્તાવથી પ્રભાવિત, આખી જિંદગી રહેવાનું ગમે એવું. અહીં આવી પ્રથમથી જ કામે લાગી ગયો હોવાથી અહીંની કોઇ શાળા-કોલેજમાં આગળ ભણવાનો મોકો મળ્યો નથી. ભાષાઓમાં ગુજરાતી, ઉર્દૂ, હિંદી અને અંગ્રેજી બોલી-લખી શકું છું.

૧૯૪૭માં થયેલા ભારતના ભાગલા વિષે જણાવું તો બાળપણમાં ગામમાં થતા કાર્યક્રમો- ઉજવણીઓની સ્મૃતિ છે. ધોરણ ૬માં ભણતા હતા ત્યારે ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે મિઠાઇ અને ત્રિરંગા ધ્વજનું પ્રતીક મળ્યાનું યાદ છે.

૧૯૫૨માં ફાતેમા વલી ઇસ્માઇલ ઝંઘારવાલા સાથે શાદી થઇ. સંતાનોમાં મુનીર, મુસ્તફા, તારિક, આસિફ, ઝયનબ અને કુલશૂમ.

સન ૧૯૬૭માં સ્વદેશ જતા લોકો પાસપોર્ટ તૈયાર કરવા આવતા અને ઍર ટિકિટ વિષે પણ પૂછપરછ કરતા. એટલે મેં Fairdeal Travel' નામ રજિસ્ટર્ડ કરાવી ટ્રાવેલ એજન્સીનું કામ શરૂ કર્યું. આગળ જઇને વરાછાના અહમદ રસૂલ સાથે ભાગીદારીમાં ન્યૂહોલ લેન પર ઓફિસ બનાવી. R. K. Travel નામે આ કામ કરવાનું વર્ષો સુધી ચાલુ રાખ્યું. આજ ઓફિસમાં Mark Printers નામનું છાપખાનું પણ શરૂ કર્યું અને અહીં જ 'ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે.'ના કવિઓની માસિક બેઠકો પણ થતી. આ સમયગાળામાં નવા આવનાર ભાઇઓને પગે ચાલીને કામ શોધવામાં મદદ કરવી, ડૉકટર પાસે નામ નોંધણી, નેશનલ ઇન્સ્યુરન્સ કાર્ડ બનાવવા, ઇન્કમ ટેક્ષનાં ફોર્મ ભરી આપવાં અને જરૂર હોય તો તેમની સાથે ઇન્કમ ટેક્ષ ઓફિસે જવું, કામ ન મળે ત્યાં સુધી બેકારી ભથ્થુ મેળવવું, મકાન ખરીદ કરવા એસ્ટેટ એજન્ટ અને સોલિસિટર પાસે જવાનું. આ પ્રકારના અનેક કામોને ખિદમત સમજી પાઇપૈસો લીધા વિના કરવાથી ઘણાં લોકોનો પરિચય થયો. પ્રારંભમાં મસ્જિદની સગવડ નહિવત. સન ૧૯૬૬-૬૭થી મકાનોમાં સગવડ થવા લાગી. આ સમયગાળા દરમિયાન પ્રેસ્ટનમાં મસ્જિદ-મદ્રસાની સગવડ

કરવામાં યોગદાન આપ્યું. 'મસ્જિદે રઝા' અને 'મદ્રસા હનફિયા' 32 St Ignatius Square મકાનમાં હોવા છતા તેમાં થતા નિકાહને સરકારમાં માન્યતા અપાવી. મસ્જિદે રઝાની સ્થાપનામાં સહકાર આપ્યો.

સાહિત્યનો શોખ એટલે જાન્યુઆરી ૧૯૭૦માં "આવાઝ" નામનું પખવાડિક શરૂ કર્યું જેના ઉપક્રમે સેંટ પૉલ્સના હોલમાં પ્રેસ્ટનના પ્રથમ ગુજરાતી મુશાયરાનું આયોજન કર્યું જેમાં બોલ્ટનથી મહેક ટંકારવી, સૂફી મનુબરી અને બ્રાડફોર્ડથી અબ્દુલ્લાહ 'આઝાદ' ઉપસ્થિત હતા. આને અનુસરીને 'ગુજરાતી સાહિત્યકાર મંડળ'ની શરૂઆત અને તેનું ૧૯૭૩માં જર્મની સ્થિત ગઝલકાર શેખાદમ આબુવાલાની ઉપસ્થિતિમાં 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'માં રૂપાંતર થયું. ૧૯૮૮માં "નવયુગ નામના માસિકનું પ્રકાશન કર્યું. અભિનંદન આપતાં વિપુલ કલ્યાણીએ લખેલું: "આપણી વસાહતના મૂળિયાં ઊંડા કરવામાં (આવાં) પત્રસામયિકોનો ફાળો સારો એવો મહત્વનો છે."

ધંધાદારી પ્રવૃત્તિઓ સાથે લેખન વાંચન પણ ચાલુ રહ્યું. મારા બે ગઝલ સંગ્રહો પ્રગટ થયા છે: (૧) **આવરણ** અને (૨) **વેદના સંવેદના**. મને કહેતાં આનંદ અને ગર્વ થાય છે કે મારા આ બે સંગ્રહોનું વિમોચન ૨૪ જુન ૨૦૦૩ના રોજ હાઉસ ઑફ લોર્ડ્ઝ (ઉમરાવ સભા)માં લોર્ડ પટેલ ઑફ બ્લૅકબર્ન જનાબ આદમભાઈ ફાંસીવાલાના હસ્તે થયું હતું. આ પ્રસંગે બોલતાં 'ગિલ્ડ'ના સહમંત્રી સિરાજ પટેલ પગુથણવીએ કહ્યું હતું: *"હાઉસ ઑફ લોર્ડ્ઝમાં "પ્રકાશ", "આવાઝ" અને "નવયુગ" માસિકના પત્રકાર અને ટૂંકી નવલિકાઓના લેખક 'કદમ' ટંકારવી ઉર્ફે 'કમાલ' પટેલના બે સંગ્રહોનું વિમોચન એ ભારતના ગૌરવનો, ગુજરાતના ગૌરવનો, ભરૂચ જિલ્લાના ગૌરવનો, વહોરા પટેલ કૌમ ઉર્ફે કાનમિયાઓના ગૌરવનો અને અંગ્રેજીમાં કહું તો last but not the least ટંકારીઆ ગામના ગૌરવનો એક ઐતિહાસિક પ્રસંગ છે."* આ પ્રસંગે હાજર રહેલા ત્રીસેક ચુનંદા ગુજરાતીઓમાં લોર્ડ પટેલ ઑફ બ્લૅકબર્ન, પ્રેસ્ટનના એમ.પી. માર્ક હેન્ડ્રિક, 'ઓપિનિયન'ના તંત્રી અને 'ગુજરાતી સાહિત્ય અકાદમી, લંડન'ના મહામંત્રી વિપુલ કલ્યાણી, ભરૂચથી પધારેલા મરહુમ ઉમર ફારૂક ચામડ, મહેક ટંકારવી, સિરાજ પટેલ, જિગર નબીપુરી, રામુ મટવાડકર, મેહબૂબ ઉમર, અબ્દુલ્લાહ પટેલ, મેહમૂદ અમીરત, ઈબ્રાહીમ મેમ્બર, યુસુફ સિદાત અને બાબર બંબુસરીનો સમાવેશ થતો હતો. આને અનુસરીને બ્રિટનમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવામાં મારા ઉત્સાહ, પહેલ અને કાર્યશીલતાની કદર રૂપે ૨૦૦૪માં 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ,

યુ.કે.' તરફથી સન્માન અને ૨૦૦૫માં 'બ્રિટએશિયન' સામયિક તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી ઉપરાંત "કમાલ મુસ્તફાબાદી" નામથી ઉર્દૂમાં પણ શેર કહું છું - લખું છું.

મુજમેં 'કમાલ' કુછ નહીં, મેરી બિસાત કયા!
કુછ હૂઁ અગર તો આપકે લુત્ફોકરમસે હૂઁ


ઘરમાં જીવન પદ્ધતિ બદલાઈ છે કે કેમ તે વિષેના સવાલના જવાબમાં એટલું જ કહીશ કે ખાવાપીવાની બાબતમાં હજી પણ એશિયન અને કયારેક અંગ્રેજી પ્રકારનું તેલ-મરચાં-મસાલા રહિત, વધારે પડતું શાકાહારી ભોજન જમવાનું ચાલુ છે. એ સિવાય સમાજમાં જોઈએ તો વાણીમાં, વર્તનમાં, સુખ અને વૈભવમાં ઘણો બધો ફેરફાર થયો છે, છતાં પરસ્પર સંબંધોમાં પહેલાં જેવી કુમાશ નથી, ઓછી થતી જાય છે. ધર્મ-મઝહબ પ્રત્યે વલણ હોવા છતાં ઈખ્લાસનો અભાવ વર્તાય છે.

સામાજિક જીવનમાં મને નૈસર્ગિક અને ઐતિહાસિક સ્થળો જોવાનો શોખ છે. ઉર્દૂ અને ગુજરાતી શાયરોની રચના સાંભળવાનો પણ શોખ ધરાવું છું. પ્રોફેસર તાહિરૂલ કાદરી સાહેબનાં ધાર્મિક પ્રવચનો સાંભળવાનું ગમે છે.


નિવૃત્તિમાં તન અને મનથી તંદુરસ્ત છું. લેખન અને વાંચન ચાલુ છે. જિંદગીના અંતિમ દિવસોમાં વતન માતૃભૂમિમાં રહેવાનું ગમે. જે સમય આપ્તજનો સાથે વીતેલો તેનું સ્મરણ થયા કરે છે. વીતેલો વખત પાછો લાવી શકાતો હોત તો!

'કદમ'ની સર્જક પ્રતિભા વિષે લખતાં અદમ ટંકારવી નોંધે છે કે: "...કવિતામાં માનવજાતની વેદનાપૂર્ણ ચીસ સંભળાવી જોઈએ. કદમના કાવ્યોમાં માનવસંહારનો ભોગ બનેલા નિર્દોષ સમાજોની વિવશતા અને વેદના તીવ્રપણે વ્યક્ત થાય છે. 'કદમ'નું જીવનદર્શન સમતોલ અને સ્વસ્થ છે. યુદ્ધગ્રસ્ત વિશ્વમાં પણ પ્રેમની ચેતના જાગશે એવો તેમને વિશ્વાસ છે:

છતાં આશ છે એ દિવસ આવશે
'કદમ' જાગશે પ્રેમની ચેતના



Abdullah Kamal



Abdullah Kamal



Abdullah Kamal receiving Vishwa Manav Award



Book Launch in the House of Lords

Name: **Ahmad Patel known as Bhikha**

નામ: અહમદ પટેલ ઉર્ફે ભીખાભાઇ
જન્મ સ્થળ: અરગામા, તાલુકા: વાગરા, જિલ્લા: ભરૂચ
જન્મ તારીખ: ૧૯૩૮
પિતા: મરહુમ યુસુફ ઇસ્માઇલ હવેલીવાલા
માતા: મોહતરમા બીબીબેન યુસુફ હવેલીવાલા

અસલ નામ તો અહમદ પટેલ, પણ મોટા ભાગના લોકો મને ભીખાભાઇ તરીકે ઓળખે છે. અરગામા મારું સરસ મજાનું ગામ જે વાગરા તાલુકામાં આવેલ છે. ૧૯૬૮ની સાલમાં ઈંગ્લૅન્ડ આવેલો અને ૧૯૬૯માં બ્લૅકબર્ન આવીને સ્થાયી થયેલો. ઘણાં લાંબા સમયથી બ્લૅકબર્નમાં જ રહું છું. દરેક પ્રકારના અનુભવો અને પરિવર્તનોમાંથી પસાર થઇ ચૂકયો છું.

બ્રિટિશ ઍરવેઝમાં સિન્ગલ ટિકિટ લઇને હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. તે જમાનામાં ભાડું એકંદરે સસ્તું હતું. દેખીતું છે કે ભારતના એક નાનકડા ગામડામાંથી આવતા માણસને અહીંના ઍરપોર્ટ પર કદમ મૂકતાં બધું નવું નવું જ લાગે. હું પણ બધું નવું નવું જોઇને પ્રથમ તો અંજાઇ જ ગયો. કયાં આપણે ત્યાંનો કાદવ કીચડ અને ચોફેરા ઉકરડાઓની ગંદકી અને કયાં અહીંની ખુલ્લા પગે ફરી શકાય એવી સાફસફાઇ! બધું ખૂબજ સ્વચ્છ અને વ્યવસ્થિત. કચરો તો કયાંય જોવા ન મળે. ઘણાં બધા મુસાફરો આમ તેમ ફરતા હોય પણ કોઇ બુમબરાડા નહીં, નાહકની કોઇ દોડધામ નહીં. દરેક જણ પોતપોતાનો સામાન લઇને શાંતિથી પોતાના સ્થાને જતું હોય. શિસ્ત તે આનું નામ. ઓફિસરો પણ જાણે આપણને આવકાર આપતા હોય તેમ ખૂબજ નમ્ર અને વિવેકી. ન માંગો તોયે સામા ચાલીને તમને મદદ કરે તેવો ઍરપોર્ટનો સ્ટાફ. નવાઇની વાત તો મારા માટે એ કે અહીં કોઇને પેનીપૈસાની લલાચ કે લુચ્ચાઇ નથી! ભાઇ! આ તો લવ ઍટ ફર્સ્ટ સાઇટ જેવું થયું.

એ બધું તો ખરું પણ બહાર નીકળ્યો તો આંખો સામે બરફના ઢગલા. રસ્તામાં ચાલવા જઇએ તો સરકી જવાની બીક લાગે. આપણે ત્યાં કાળો કાદવ જોયેલો, અહીં આ ધોળો કાદવ જોવાનો આવ્યો. શરીર પર પૂરતાં ગરમ કપડાં નહીં એટલે ઠંડી પણ વધારે લાગે એ સ્વભાવિક છે.
બ્લૅકબર્નમાં ઠરીઠામ થઇ જવાનું કારણ ખાસ તો અહીં નોકરી જલ્દી મળી જતી. કમાવા માટે જ આવેલા એટલે એક પણ દિવસ બેકાર રહેવાનું તો પરવડે એમ ન

હતું. એટલે જ્યાં ઝાઝી રખડપટ્ટી વગર કામ મળી જાય ત્યાં માણસ તે વખતે દુ:ખે સુખે ગોઠવાઇ જતો. મેં પણ એમ જ કર્યું.

ભારતને આઝાદી મળી અને દેશના ભાગલા થયા ત્યારે મારી ઉંમર નવેક વર્ષની જ હતી. ભાગલા વખતે જે કંઇ બન્યું હશે તેની ગુજરાતમાં કોઇ ખાસ અસર થઇ ન હતી. હા, કેટલાક મુસ્લિમ લીગ સાથે સંકળાયેલા લોકોએ ભારત છોડીને પાકિસ્તાન નાસી જવાનું પસંદ કર્યું હતું. ગામડામાં તો અમને કશી ખાસ ખબર પડી ન હતી. હિન્દુ મુસ્લિમ તોફાનો અને નાસભાગ થયેલી અને હજારો કુટુંબો વેરવિખેર થઇ ગયેલાં એવું સાંભળેલું. કેટલાક કેસોમાં ભાઇ અહીં રહી ગયો અને બહેન પાકિસ્તાન જતી રહી એવા પણ દાખલાઓ બન્યા.

શાદી મારી ૧૬ વર્ષની નાની ઉંમરે ૧૯૫૪માં જુબેદા યુસુફ કંથારિયાવાલા સાથે થયેલી. પરિવારમાં ઈસ્માઇલ, ઝયનબ, રેહાના અને શેહનાઝ છે.

શિક્ષણનું પૂછો છો તો ભારત ખાતે પ્રોગ્રેસીવ સ્કૂલ, ભરૂચ જે લાલ બજારમાં હતી ત્યાં મેં શિક્ષણ મેળવ્યું. ઈંગ્લૅન્ડ આવીને તો આગળ અભ્યાસ કરવાની તક ન મળી કેમકે તે વખતે અમારા માથે કમાવાનો અને કુટુંબવાળાંને મદદ કરવાનો અને ઠેકાણે પાડવાનો બોજો હતો. અમે તો રોજગાર નોકરીની તલાશમાં અને જીવન ધોરણ સુધારવાની નિય્યતે અહીં આવ્યા હતા એટલે જેમ બને તેમ જલ્દી નોકરીએ લાગી જતા. કેટલાક તો દેવું કરીને અથવા ખેતર ગીરો મૂકીને પણ આવેલા એટલે દેવું ચૂકવવાની પણ ફિકર ખરી. એવામાં આગળ ભણવાની તો વાત જ કયાંથી થાય?

શરૂના દિવસોમાં મેં ટેકસ્ટાઇલમાં કામ કરેલું. બે ત્રણ મિલો બદલી હશે. તે સમયના સાથીદારોમાં મરહુમ અહમદભાઇ લુલા, અલીભાઇ હવેલીવાલા, ઉમરજીભાઇ અરગામાવાલા, અલીભાઇ પીસાદવાલા હતા. ત્યાર બાદ કલોધિંગ મૅન્યુફૅકચરિંગમાં ઝંપલાવ્યું. આવ્યો ત્યારે અંગ્રેજી ભાષાની થોડીક માથાકૂટ થતી પણ હવે તો અંગ્રેજી, ગુજરાતી અને ઉર્દૂ વ્યવહાર પૂરતું ચલાવી લઉં છું.

વર્ષો પછી પણ જીવવાનું હજી અસલ પદ્ધતિનું જ ચાલુ છે. ઘરમાં દેશી અને ઈસ્લામિક માહોલ જળવાઇ રહ્યું છે. આપણાં અસલ જીવન મૂલ્યોને હજી છોડયાં નથી. હા, ખાવા પીવાની બાબતમાં ઘણો ફેરફાર થઇ ગયો છે. લોકો અને તેમાંયે ખાસ કરીને નવી પેઢીના જુવાનિયાં હવે રોટલી, શાક, ખીચડી, કઢી વગેરે ઘરની બનાવેલ વાનીઓ ખાવાનું છોડીને ફાસ્ટ ફુડ તરફ વળ્યા છે. બહારનું ખાવાની જાણે

એક ફેશન ચાલી નીકળી છે. સારું ખરાબ એ કોઇ વિચારતું નથી. એના કારણે પહેલાંના લોકો જેવી તબિયતો પણ રહી નથી. નવી નવી બીમારીઓ દેખા દે છે.

મસ્જિદ મદ્રસા વિષે પૂછો છો તો શરૂ શરૂમાં અમે ૨૯ બિકનલ સ્ટ્રીટના મકાનમાં નમાઝ પઢતા. મરહુમ મૌલાના આછોદી સાહેબ ઇમામત કરતા તથા દીની તાલીમ પૂરી પાડતા.

પહેલાં તો અમે લોકો ચાલતા કે પછી બસમાં મુસાફરી કરતા. હવે તો કોઇ બે ડગ પણ ચાલવા માંગતું નથી. તે વખતે કારનું તો નામ જ ન લેવાય. હવે તો ઘર દીઠ બેત્રણ ગાડીઓ થઇ ગઇ છે. સાંકડી સ્ટ્રીટોમાં રોજ પાર્કીન્ગના ઝઘડા થાય છે. સામાજિક પરિવર્તન પણ જરૂર આવ્યું છે. લોકો હવે એટલા મિલનસાર રહ્યા નથી. વ્યવહારમાં સાદગી રહી નથી. હા, નવી પેઢીએ અહીંની શિક્ષણ પદ્ધતિનો લાભ ઉઠાવ્યો છે અને ડિગ્રીઓ મેળવી છે. પણ હવે ભણ્યા પણ ગણ્યા નહીં એવું ન થાય તો સારું!

આજે ૪૫ વર્ષો પછી પણ મારા ગામ અરગામાની ખેતીવાડી, પાણીના કૂવા, આંબાવાડી એ બધું યાદ આવે છે. તે જીવનને માણસ કઇ રીતે ભૂલી શકે? વતન સાથે આજે પણ સમ્પર્ક ખરો.

Name: **Ashok Jethalal Chudasama**

નામ: અશોકભાઇ જેઠાલાલ ચુડાસમા
જન્મ સ્થળ: દારે સલામ, તાન્ઝાનિયા
જન્મ તારીખ: ૧૯૪૬
પિતા: જેઠાલાલ વેલજીભાઇ ચુડાસમા
માતા: વિજયાબેન વશરામ જેઠવા

૧૯૪૨માં બાપુજી એટલે કે મારા સદ્‌ગત પિતાશ્રી જેઠાલાલ આફ્રિકા તાન્ઝાનિયા ગયેલા જ્યાં દારેસલામમાં મારો જન્મ થયેલો. ૧૯૬૪ની સલામાં હું ઈંગ્લૅન્ડ આવ્યો. એક ખૂબજ રસપ્રદ બનાવ બનેલો. બન્યું એમ કે દારેસલામમાં અમારા પડોશી ગુલામભાઇ મુસા મનીયા અને હુરબાનુ માસી રહેતાં. ઘર જેવો જ સંબંધ અને અમારાં બંને કુટુંબોમાં ઘણી જ આત્મીયતા અને પ્રેમભાવ. ગુલામભાઇ આમ તો મૂળ ભરૂચ તાલુકાના જંઘાર ગામના હતા. એક દિવસ ગુલામભાઇએ અચાનક જ સમાચાર આપ્યા કે હું તો કુટુંબ સહિત ઈંગ્લૅન્ડમાં માન્ચેસ્ટરની નજીક આવેલા બ્લૅકબર્ન ટાઉનમાં જાઉં છું. અમે ઝરીનાબેન જે દારેસલામ રેડિયોના પ્રેઝન્ટર હતા તેમને પણ ઓળખતાં. તે સમયે હિન્દુ મુસલમાન જેવું કંઇ હતું જ નહીં. જબરદસ્ત કોમી એકતા હતી.

બાપુજીએ વિચાર્યું કે આફ્રિકા ખંડમાં રોજગાર અને વેપાર ધંધા મંદ પડતા જાય છે. જૂના લોકો અનુભવી, દુનિયા જોયેલી અને કોઠાસૂઝવાળા હતા, એટલે બાપુજીએ ગુલામભાઇ સાથે તરત જ વાતચીત કરી નાંખી કે અશોકે મેટ્રિક પાસ કરી લીધી છે એટલે એને પણ તમારી સાથે બ્લૅકબર્ન, ઈંગ્લૅન્ડ લઇ જાઓ. ઈંગ્લૅન્ડનું નામ સાંભળી મારા કાન પણ ચમકયા, અને સદભાગ્યે હું પણ તેમની જેમ ૧૯૬૪માં ઈંગ્લૅન્ડ પહોંચ્યો.

પહેલી જ હવાઇ સફર. નાનાભાઇ ઈશ્વરને લઇને અમે અલ ઇટાલિયા ઍર દારે સલામ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પરથી લીધું, જે વાયા નાઇરોબી થઇ લંડનના હિથરો ઍરપોર્ટ પર આવ્યું. ત્યાંથી લોકલ ફ્લાઇટમાં માન્ચેસ્ટર આવ્યા. વિમાનમાં ઍર હોસ્ટસો, બેસવાની સુંદર સીટો, ઍર કન્ડીશનીંગ વગેરેનો પહેલવેલો અનુભવ એટલે ખૂબ મઝા આવી. લંડનમાં વિમાન મોડું થયું હોવાથી હોટેલમાં લઇ ગયા. શું વાત કરું ગજબની હોટલ! અમે તો બધું જોતા જ રહી ગયા! કોઇ વાર હોટલમાં

રહેવાનું તો છોડો, પણ હોટલનું નામ પણ નહીં સાંભળેલું એટલે આ બધો નવાબી ઠાઠમાઠ જોઈને મારી જે હાલત થઈ તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

ડિસેમ્બર મહિનામાં ત્યારે અહીં ગજબની ઠંડી, ચોમેર અંધારું, ધુમ્મસમાં મકાનો પણ ધૂંધળાં દેખાય. બરફ વર્ષાની વાત જ શું કરવી? એટલો બરફ અને એટલી ભયંકર ઠંડી કે મનમાં વિચાર આવે કે આવામાં અહીં રહેવાશે કે કેમ? સૂરજદાદાના દર્શન જ ન થાય એટલે આ અંધારિયા મુલકમાં શરૂઆતમાં તો જરાય ગમ્યું નહીં.

બાપુજી મોવાળ ગામના જે જામ ખંભારિયાની બાજુમાં કાઠિયાવાડમાં. બાપુજી ૧૯૪૨માં અને માતૃશ્રી ૧૯૪૪માં આફ્રિકા ગયેલાં. તેમની પાસેથી ભારત વિષે અને ભારતના ભાગલા વિષે અમુક વાતો મેં સાંભળેલી. ૧૯૬૮માં જયભારતી વાલજીભાઈ નાગર સાથે લગ્નગ્રંથિથી જોડાયો. સદ્‌ગત રાજશ્રી, નિલેશ, અનીલ અને સુશીલ મારાં બાળકો છે. સુશીલ એક જાણીતો ઍક્ટર છે અને તેણે ‘ચીકન ટીકા મસાલા’, ‘બ્લૂ મર્ડર’ જેવી ફિલ્મોમાં તથા કોરોનેશન સ્ટ્રીટ જેવી પ્રચલિત બ્રિટિશ ટી.વી. સિરયલમાં કામ કરેલું છે.

તાન્ઝાનિયામાં સાત O Level ઈંગ્લીશ સ્ટાન્ડર્ડ પ્રમાણે કર્યા. અહીં આવી બ્લૅકબર્ન કોલેજમાં Access Course તથા પ્રેસ્ટન પોલિટેકનિક કોલેજથી એપ્લાઈડ સોશ્યલ સ્ટડીઝમાં બી.એ. ઓનર્સ કર્યું. અંગ્રેજી પર પ્રભુત્વ સારું હોવાથી વાતચીત કે વ્યવહારમાં ખાસ કોઈ તકલીફ ન પડી. અહીં આવીને પ્રથમ તો ગુલામભાઈ મુસાને ત્યાં ૧૪૭ લંડન રોડના મકાનમાં ઉતર્યો. પછી એમના જ બનેવી મુસાભાઈ જંઘારિયાને ત્યાં ૪૪ ચારલોટ સ્ટ્રીટમાં રહ્યો જ્યાં મરિયમબેને મને દીકરા જેમ રાખ્યો અને મારી દેખભાળ કરી. ત્યાર બાદ મેં ૯ પીટર સ્ટ્રીટમાં મકાન લીધું. £૧૮૦નું મકાન. £૨૦ ડિપોઝિટ, બાકીનું મોર્ગેજ. હાલમાં બિયર્ડવુડ, ઘ ડીનમાં રહું છું.

શરૂઆતમાં કોટન મિલમાં કામ કરેલું. આદમભાઈ મનીઆ સાથે હતા. ૪૦ કલાકનું વેજીસ અઠવાડિયાના £૬.૯૫ હતું. એમાંથી £૨ની બચત કરતો. પછી ૧૬ વર્ષ સુધી Mullard ટીવી મૅન્યુફૅક્ચરિંગ કંપનીમાં કામ કર્યું. ક્રેડિટ ઍન્ડ કોમર્સ ઈન્ટરનેશનલ ઈન્શુઅરન્સ કંપની, માન્ચેસ્ટરમાં કામ કર્યું. ૧૯૮૮માં બ્લૅકબર્ન કાઉન્સિલમાં હાઉસીંગ ડિપાર્ટમેન્ટમાં લિએઝન ઓફિસર તરીકે જોડાયો. હાલમાં

રિટાયર્ડ છું. સમાજસેવાનાં કામ કરું છું. માનવસેવા એજ પ્રભુ સેવા એ સિદ્ધાંતમાં માનું છું.

ગુજરાતી, હિન્દી, ઉર્દૂ, અંગ્રેજી, સ્વાહિલી ભાષાઓ જાણું છું. ઈંગ્લૅન્ડના શરૂઆતના વસવાટમાં અહીં લોકોમાં એકતા. પ્રેમભાવ અને સદભાવ સારો હતો. હવે નવી પેઢીનું રહનસહન બધી રીતે બદલાયું છે.

શરૂઆતમાં પોતાના ઘરમાં જ પૂજાપાઠ કરતાં. વાર તહેવારે પ્રેસ્ટન હિન્દુ સેન્ટરમાં જતાં. ૧૯૭૩માં બ્લૅકબર્ન હિન્દુ સેન્ટરની સ્થાપના કરી. હું આ સેન્ટરનો ફાઉન્ડર મેમ્બર છું અને જનરલ સેક્રેટરી તરીકેની સેવા બજાવું છું. ૧૯૬૯માં ઇન્ડિયા લીગની સ્થાપના ચારૂબેન, ભગુભાઇ ગોસ્વામીએ કરેલી. શરૂઆતના દિવસોમાં મનોરંજન માટે એમ્પાયર થિયેટરમાં હિન્દી ફિલ્મો જોવા જતા. 'સંગમ' ફિલ્મ હજી યાદ છે. મિત્રો એકબીજાને ઘરે ખાવાનું રાંધતા અને ભેગા મળી બધા જમતા. હાતીમભાઇ વોરાએ મને મચ્છી-મટન ખાતો કરેલો.

તાન્ઝાનિયાની યાદોમાં તો ત્યાંનું ગરમ વાતાવરણ, આફ્રિકાની પ્રજાની રીતભાત અને દરિયો યાદ આવે છે. ઈંગ્લૅન્ડમાં તો જાત મહેનત ઝિંદાબાદ. તમે કમાવો, તમે વાપરો, અને મજા કરો. અહીંની સોશ્યલ વેલ્ફેર સિસ્ટમ ખૂબજ સારી છે જેની હું ખૂબ કદર કરું છું.

નાના હતા ત્યારે દેશી ઇલાજમાં તો પેટ દુ:ખે તો હીંગનો લેપ પેટ પર લગાડતાં. ખાંસી થાય તો સૂંઠ અને મધ. જો કંઇ વાગે, લોહી નીકળે અને ઘા જેવું થાય તો એન્ટી સેપ્ટિક તરીકે પેશાબનો ઉપયોગ કરતાં. રૂ બાળીને પણ ઘા પર લગાડતાં. હલદરનો લેપ પણ થતો. દાંત દુ:ખે તો લવીંગનું તેલ લગાડતાં.

મારી મુલાકાત લેવા બદલ આપનો આભાર . ઇમ્તિયાઝભાઇ!



Ashok Chudasama - 1965

Name: **Daud Umarji known as "Premi Dayadarvi"**

નામ: દાઉદ ઉમરજી ઉર્ફે પ્રેમી દયાદરવી
જન્મ સ્થળ: દયાદરા, તા. જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૫૨
પિતા: મરહુમ જનાબ ઈસ્માઇલ મુસા
માતા: મરહુમા ઝુલેખાંબેન ઈસ્માઇલ મુસા

નામ દાઉદ ઉમરજી પરંતુ અહીં લોકો 'પ્રેમી' દયાદરવીના નામથી મને ઓળખે છે. બચપણ દયાદરા ગામમાં વીત્યું. ૧૯૬૮માં ઈંગ્લેન્ડ આવવા રવાના થયો. મા-બાપ, સગાં વહાલાં, મિત્રો, ગામ, દેશ છોડી પરદેશગમન કરવાનો એ અનુભવ, એ મૂંઝવણ હજી આજે પણ યાદ છે. અહીં આવ્યો ત્યારથી હું બ્લૅકબર્નમાં જ રહું છું. મુખ્ય કારણ અહીં મિત્રો હતા અને નોકરી પણ તરત જ મળી જતી.

બોમ્બે શાંતાક્રુઝ આંતરરાષ્ટ્રીય હવાઇ મથકથી મિડલ ઈસ્ટર્ન ઍરલાઇનમાં મુસાફરી કરી નવેમ્બર મહિનામાં લંડન હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. હવાઈ સફર દરમિયાન મારી બાજુમાં એક ઈરાની ભાઇ હતા. હિન્દી ફિલ્મોનો એને ગજબનો શોખ અને જાણકાર પણ ખરો. મારી સાથે ઉર્દૂમાં વાતચીત શરૂ કરી એણે મને આશ્ચર્યમાં નાંખી દીધો. 'હમરાઝ' ફિલ્મનું 'નીલે ગગન કે તલે. ધરતી કા પ્યાર પલે' એ ગીત ગાઇને એણે મારી એ સફરને યાદગાર બનાવી દીધી.

હિથરો ઍરપોર્ટ પર ઉતરતાં જ અહીંની વ્યવસ્થા, અંગ્રેજોનો શિષ્ટાચાર, વ્યવહાર બધું પ્રથમ અનુભવે જ ગમી ગયું અને થોડુંક નવાઇ જેવું પણ લાગ્યું. ચોખ્ખાઇ પણ ગમી. મારા કાકાશ્રી લેવા આવેલા. ટ્રેઇન પકડી અમે માન્ચેસ્ટર, માન્ચેસ્ટરથી બોલ્ટન અને બોલ્ટનથી બ્લૅકબર્ન આવ્યાં. બોલ્ટનમાં અમારા ગામના મરહુમ સુલેમાનભાઇ જીવાને ત્યાં અમે ખાધું હતું તે હજી યાદ છે. ઈંગ્લૅન્ડનું એ મારું પહેલું ભોજન. ટ્રેઇનની બારીમાંથી બહાર ઈંગ્લૅન્ડની ધરતી, ખેતરો, ટેકરીઓ, રસ્તામાં આવતાં ટાઉનો, શહેરોની રોનક એ બધું નિહાળતાં નિહાળતાં પૂરી કરેલી ટ્રેઇનની મુસાફરી પણ યાદ રહી જાય એવી જ. બ્લૅકબર્ન આવતાં જ મને મકાનોની બાંધણી, રસ્તા, વાતવરણ, અહીંની રહેણી કરણી બધું થોડુંક નવું તો લાગ્યું પણ ટૂંક સમયમાં જ એ બધાથી ટેવાઇ ગયો.

અમારા પરદાદા મરહુમ ઉમરજીભાઇ અકુજી જેમનો જન્મ ૧૮૬૦ની આસપાસ થયેલ અને વફાત ૧૯૭૩માં થયેલી તેઓ ૧૯૦૫-૧૦ના ગાળામાં સાઉથ આફ્રિકા ગયેલા અને ૧૯૪૭માં ત્યાંથી વતન પાછા ફરેલા. ભારત પાકિસ્તાનના ભાગલા વિષે ખાસ તો કંઇ યાદ નથી. પણ સાંભળેલું કે ભાગલાને કારણે કેટલાંયે કુટુંબો વેરવિખેર થઇ ગયેલાં. લાખો લોકો બેઘર થઇ ગયેલા, સ્ત્રી બાળકોની દશા દયનીય થયેલી. લોકો વચ્ચે પરસ્પર વેરનાં બીજ રોપાયાં. આઝાદીનું સ્વપ્ન અહીં જ તૂટી ગયું!

૧૯૭૧માં મારી શાદી મારા કાકાની દીકરી ખૈરૂન્નિશા સાથે થઇ. પરિવારમાં પાંચ બાળકો: સાજીદ, સાહિદ, મેહઝબીન, હનીફ અને તસ્લીમબાનુ. પૌત્રાંઓમાં મહંમદ અશરફ, મુખ્તાર અશરફ, મહંમદ હામીદ, આલીયા, જઇદ અશરફ અને હમઝા અશરફ છે. નવાસા-નવાસીઓમાં અદનાન, હાશીમ, હફસા, આમેના અને હુસૈન અહમદ છે.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ દયાદરામાં મેળવ્યું. તે સમયે મોટા ભાગના લોકોની પ્રાયોરિટિ નોકરી-ધંધો કરી રોજી રોટી કમાવાની હતી, એટલે વધુ શિક્ષણ મેળવવા બાબત ધ્યાન ઓછું અપાતું. વાતચીત પૂરતું અંગ્રેજી બોલી શકાય છે. ઍરપોર્ટ પર ઉતર્યો ત્યારે દુભાષિયાની મદદથી વાતચીત થયેલી. બેચાર મકાનો બદલી હાલમાં કેટલાક સમયથી Eldon Road પર નિવાસ છે.

Albion Mill, બ્લૅકબર્નમાં સાતેક વર્ષ કલીનીંગનું અને પછી વીવીંગનું કામ કર્યું. ત્યાર બાદ બીજે બે ત્રણ ઠેકાણે કામ કરી પ્રથમ કલોધિંગ મેન્યુફેકચરીંગમાં મદની ફિનિશીંગ નામનો પોતાનો ધંધો શરૂ કર્યો અને પાછળથી મદની ગારમેન્ટ્સની સ્થાપના કરી જિન્સનો ધંધો શરૂ કર્યો. તે વેળા સાથે કામ કરતા સાથીદારોમાં અઝીઝ બાજીભાઇ, અઝીઝ મુલ્લા, ઇસ્માઇલભાઇ માસ્તર, દાઉદભાઇ થામવાલા, વલીભાઇ ગોલીટા હતા. સંજોગોવસાત નોકરી ધંધો આટોપવો પડયો. હાલમાં નિવૃત્ત જીવન વીતાવું છું પણ સાહિત્યિક અને સામાજિક સેવા આપવાનું ચાલુ છે.

૧૯૮૦માં મેં ૧૯૬૮માં આલ્ટમ સ્ટ્રીટમાં સ્થપાયેલી Balaclava મસ્જિદના પ્રમુખ, ટ્રસ્ટી અને કમિટી મેમ્બર તરીકે સેવાઓ બજાવી. ૧૯૯૮માં મોહદ્દીસે આઝમ મિશનની સ્થાપના કરી. Balaclavaના મકાનમાં એક નાની લાયબ્રેરી

અને ઓફિસની સ્થાપના કરી. ૨૦૦૦ની સાલથી મોહદ્દીસે આઝમ મિશનના ફાઉન્ડર મેમ્બર, જનરલ સેક્રેટરી તથા ટ્રસ્ટી તરીકે સેવા બજાવું છું. વેસ્ટ બ્રૂકહાઉસ કોમ્યુનિટી સેન્ટરની સ્થાપનામાં પણ ફાળો આપેલ છે. ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ની સ્થાપના થઇ ત્યારથી એનો સભ્ય છું. એક ગઝલકાર તરીકે મારા **"સબરસ"** અને **"અજવાસ"** એમ બે ગઝલસંગ્રહો પ્રગટ થયેલા છે. 'અજવાસ'નું વિમોચન ધારાસભ્ય માઈકલ હિન્ડલિના હાથે થયેલું. કાર્યક્રમનું આયોજન તે વેળા બ્લૅકબર્ન મ્યુઝિયમમાં કામ કરતા ઈમ્તિયાઝ પટેલે કરેલું. ધ દયાદરા વેલ્ફેર સોસાયટી જે ૧૯૬૪માં સ્થપાયેલી તેના સેક્રેટરી તરીકે સેવા આપી "મિલાપ" નામની એક ડિરેકટરી ૧૯૯૬માં પ્રકાશિત કરેલી. મને આ કહેતાં આનંદ અને ગર્વની લાગણી થાય છે કે મને મારા પીરો મુર્શીદ હઝરત શૈખુલ ઈસ્લામ સૈયદ મહંમદ મદનીમિયાં અશરફી સાહેબ સાથે રૂહાનિયતના રસ્તે સાથે ચાલવાનો મોકો મળ્યો. ઉપરાંત સ્થાનિક અને પરદેશોથી અહીં આવતા જતા અનેક જાણીતા સિદ્ધહસ્ત ગઝલકારો અને કવિમિત્રો સાથે ઊઠવા-બેસવાના અને તેમની સાથે મુશાયરાઓમાં ભાગ લેવાના પણ સુંદર મોકા મળતા રહ્યા છે, જેમકે આદિલ મન્સૂરી, શેખાદમ આબુવાલા, ખલીલ ધનતેજવી, જલન માતરી, જવાહર બક્ષી, દીપક બારડોલીકર, રજનીભાઈ, ગાયત્રીબેન, મણિલાલ હ. પટેલ, અશોક ગોસ્વામી, અદમ ટંકારવી, મહેક ટંકારવી, સૂફી મનુબરી અને બાબર બંબુસરી.


પહેલાંના માહોલમાં રીતરિવાજો હતા પણ સગવડોના અભાવે ધાર્મિક પ્રવૃત્તિઓ ઓછી હતી. હવે સગવડો વધતાં ઈસ્લામિક પ્રવૃત્તિઓ વધી છે. જૂની પેઢી મોટા ભાગે મસ્જિદોમાં જોવા મળશે. કેટલાક સારા રિવાજો સાથે હવે કુરિવાજો સાથે અંધશ્રદ્ધા પણ વધી છે. નવી પેઢીમાં શૈક્ષણિક જાગૃતિ આવી છે તેની નોંધ લેવી પડે. તે વખતના એશિયન અને અંગ્રેજ લોકોમાં સાદગી અને પ્રેમ, દયાભાવ વિશેષ હતો. લોકો ઘણાં મદદરૂપ હતા.

શરૂઆતના દિવસોમાં વોલી ઓલ્ડ રોડની ઓફમાં આવેલ ડરબી સ્ટ્રીટના મકાનમાં નમાઝ પઢતા. ૧૯૬૮માં આલ્ટમ સ્ટ્રીટમાં બાલાકૂલાવા મસ્જિદની સ્થાપના થયેલ ત્યાર બાદ ત્યાં નમાઝ પઢતા.

સોશ્યલ લાઈફમાં શનિવારે બપોર સુધી કામ, પછી ટાઉનનો આંટોફેરો, કયારેક રેસલિંગ (કુસ્તી) જોવા, તો કયારેક કન્યાદાન, મેરે હુઝૂર જેવી ઈન્ડિયન ફિલ્મો જોવા જતા.

ભારત છોડવાને વર્ષો થયાં પણ મારી મા, કાકી ફાતમાબેન, કુટુંબીજનો, દયાદરાનું બચપણ, પાદર, મસ્જિદ, શાળા, ખેતર હજી યાદોમાં રમે છે. મારા ખાસ મિત્ર ગુલામભાઈ દરબાર હજી યાદ આવે છે. નાનીમા ડાયરિઆ થાય, ઝાડા લાગે ત્યારે દહીં-મેથી ખવડાવતાં. વતનની યાદ આવી છે તો મારી કેટલીક શેરો સંભળાવીને વાતને સમાપ્ત કરીએ:


તન, મન અને ધનથી વધુ વહાલું વતન મને
ને જાનથી વિશેષ છે પ્યારૂં વતન મને
'પ્રેમી' વસ્યો છે દૂર જો એનાથી શું થયું
હર હાલમાં યાદ આવે છે મારૂં વતન મને



Daud Umarji's Grandfather



Daud Umarji



Daud Umarji with his Family

Name: **Dilaver Vali Dasanwala**

નામ: દિલાવર વલી દશાનવાલા
જન્મ સ્થળ: મનુબર, તાલુકા જિલ્લા ભરૂચ, ગુજરાત
જન્મ તારીખ: જૂન,૧૯૫૧
પિતા: હાજી વલી મહંમદ ઉર્ફે વલી બાપુ
માતા: હજીયાણી બીબીબેન વલી મહંમદ

મારું નામ દિલાવર વલી છે. જન્મ મનુબર ગામમાં જ્યાં બાળપણ અને યુવાનીના શરૂઆતના દિવસો વીત્યા. ગુજરાતી ૭ ધોરણ સુધી મનુબર કુમારશાળામાં ભણ્યો. ૧૩ વર્ષની નાની વયે ઈંગ્લૅન્ડ આવવાનું થયું જેથી બાકીનું શિક્ષણ ઈંગ્લૅન્ડમાં મેળવ્યું.

૨૬ મે ૧૯૬૪ના રોજ વાલીદા, ભાઈ મુસ્તાક તથા ત્રણ બહેનો હમીદા, આયેશા અને સલમા સાથે ઈંગ્લૅન્ડ આવ્યો. મિડલ ઈસ્ટર્ન ઍરલાઈન, બોમ્બે શાંતાક્રુઝ હવાઈમથક, અને લંડન હિથરો ઍરપોર્ટ બધું જ નવું નવું લાગ્યું. જિંદગીમાં પહેલી વખત escalator (ઇલેક્ટ્રિક સીઢી) અને લિફ્ટનો ઉપયોગ કરવાનો પ્રસંગ. ભારે નવાઈ લાગેલી. હવાઈ જહાજમાં સફરજન તથા સ્વીટ્સ મળેલી એ બધું આજે પણ યાદ છે.

અમારા વાલીદ સાહેબ ૧૯૫૯માં ઈંગ્લૅન્ડ આવી ડ્યુઝબરીમાં વસી ગયા હતા. ઈંગ્લૅન્ડ પ્રથમ આવનારા વહોરા પટેલોમાં એમનું પણ નામ મૂકી શકાય. તે સમયે દરેક ટાઉનમાં માત્ર દસ-બાર વહોરા પટેલોની વસતી હતી. વાલીદ સાહેબ હિથરો પર અમને લેવા આવેલા. ઍરપોર્ટની શાંતિ અને વ્યવસ્થા ગમી. લંડનથી ડ્યુઝબરી આવતાં રસ્તે પ્રેસ્ટન રોકાયા હતા. વાનની મુસાફરી દરમિયાન અમે હારબંધ મકાનોને જોઈને આપણું મકાન કેવું હશે એની કલ્પનાઓ કરતાં રહ્યાં.

અંતે ડ્યુઝબરી પહોંચ્યા. અમારું મકાન જોઈ હું તો મૂંઝવણમાં મૂકાયો અને હતાશ થયો. બારીઓ પર કર્ટન ન હતા. ટોઈલેટ, બાથરૂમ બધા માટે રાહ જોવાની. નાની ચોકડીમાં નહાવાનું, ગરમ પાણી અને હિટીંગના તો ઠેકાણા નહીં. રસોડું નીચે ભોંયતળિયામાં, ટેલિવિઝન પણ નહીં. રસ્તા કાચા. હું તો રડી પડયો. ભારત છોડયું ત્યારે ઈંગ્લૅન્ડ વિષે મારા ખયાલો ઘણાં ઊંચા હતા! ઘણી ઉમ્મીદો બાંધેલી. વાલીદ-

વાલીદાએ સમજાવી આશ્વસાન આપ્યું. શરૂઆતથી જ હિંમત અને ધગશ કેળવાયેલી એટલે થોડાક જ દિવસોમાં અહીંની જીવન પદ્ધતિને સમજી ગયો.

અમારા કુટુંબમાંથી અમારા નાનાજી મરહુમ મુસા નથુરિયા મનુબરવાલા તથા અમારી વાલીદાના માસા જનાબ મહંમદ બાપુ સરનારવાળા તથા મામાશ્રી લુલાત ફેમિલીમાંથી આફ્રિકા ગયેલા. અમારા સસરાબાજી જનાબ યાકુબભાઇ અહમદ પટેલ તો ચીફ એન્જિનિઅર ઑફ કરાંચી મ્યુનિસિપલ કોર્પોરેશનનો હોદ્દો સંભાળતા. ભારત પાકિસ્તાનના ભાગલા વિષે ખાસ કંઇ યાદ નથી. ઇતિહાસમાં વાંચ્યું છે, લોકો પાસેથી સાંભળ્યું છે. આઝાદીની ભારે કીમત ચૂકવવી પડેલી. અમારા દાદા સસરા અહમદ ઇબ્રાહીમ પટેલ સારોદી ૧૯૪૭માં પાકિસ્તાન જતી પ્રથમ ટ્રેઇનમાં પાકિસ્તાન જતા રહેલા. તેઓ સિવિલ એન્જિનિઅર હતા. ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરૂના પિતા મોતીલાલ નેહરૂના અલાહાબાદ ખાતેના મકાન "આનંદભુવન"નું પ્લાનિંગ એમણે કરેલું અને સન્માન મેળવેલું.

અહીં યુ.કે.માં આવી વિકટોરિયા મોડર્ન સેકન્ડરી સ્કૂલમાં થોડોક અભ્યાસ કર્યો. ભાષાની મુશ્કેલીને કારણે મને સ્પેશ્યલ કલાસમાં મૂકયો. મિસ્ટર કલાર્ક મારા શિક્ષક હોવાનું મને યાદ છે. ૧૫ વર્ષની ઉંમરે સ્કૂલ છોડવાનું નક્કી કર્યું. ઉંમર નાની પણ નિરીક્ષણ શક્તિને કારણે મેં જોયું કે મોટા ભાગના આપણા લોકો મિલોમાં મજુરી કરે છે. મિલોમાં કામ કરવું નથી એવું મેં મનોમન નક્કી કરી નાંખ્યું. જીવનમાં કંઇક કરી બતાવવાની ધગશ સાથે હું આગળ વધ્યો. એન્જિનિઅરિંગમાં ઍપ્રેન્ટિસશિપ મેળવી. અહીં પણ વિષયનું જ્ઞાન તો ખરું પણ ભાષાની મુશ્કેલી નડી. જોસેફ ટેલર્સ, બાટલીમાં કામચલાઉ પાર્ટ ટાઇમ નોકરી શરૂ કરી. ૧૮ મહિના ત્યાં કામ કરી કલોધિંગ મૅન્યુફૅકચરિંગ ઇન્ડસ્ટ્રીનો થોડોક અનુભવ મેળવ્યો. પછી બન્યું એમ કે લીડ્ઝ પૉલિટેક્નિક કોલેજમાં શીખવા તો ગયો અંગ્રેજી પણ ત્યાં સીવણકામના પણ કલાસો ચાલતા હોવાથી ટેલરિંગમાં ઍપ્રેન્ટિસશિપ કરી સિટિ ઍન્ડ ગિલ્ડ્સની પરીક્ષા ડિસ્ટિન્ક્શન સાથે પાસ કરી. ક્લોધિંગ, ફેશન ડિઝાઇન અને મૅનેજમેન્ટનો સેન્ડવીચ કોર્સ કર્યો. ૧૯૬૯/૭૧ દરમિયાન લીડ્સ પૉલિટેક્નિકમાં અભ્યાસ પૂરો કરી સાથે સાથે પાર્ક લેન કોલેજમાં પાર્ટ ટાઇમ અભ્યાસ કરી કેમેસ્ટ્રી, મેથ્સ, અંગ્રેજી અને ટેકસ્ટાઇલમાં O Levels મેળવ્યા. Wilmslow Road Manchester Hollings Polytecnic College માં બીજો એક સેન્ડવીચ કોર્સ પૂરો કરી અભ્યાસમાં ખાસી એવી સફળતા મેળવી કંઇક કરી બતાવવાની ધૂન સાથે વેપાર ધંધો કરવા-વધારવામાં લાગી ગયો.

તે સમયે શાળા કોલેજોમાં થોડો રંગભેદ ખરો. શાળામાં ગોરા વિદ્યાર્થીઓને Wogs કહી મારામારી કરતા. એક પ્રસંગ યાદ છે. કેટલાક ગોરા છોકરાઓ સાથે મારામારી કરી મારા વાલીદ સાહેબનું કંઇ કામ હોવાથી હું ભાગીને જોબ સેન્ટરમાં ગયો. પેલા છોકરા વેર લેવા બહાર મારી રાહ જોઇને ઊભેલા. મારાથી બહાર નીકળાય એમ ન હતું. સેન્ટરમાં કામ કરતા મિસ્ટર સ્ટીલ મારી મૂંઝવણ સમજી ગયા અને મને મદદ કરી પાછલા બારણે સ્કૂટર પર બેસાડી મારા ઘરે પહોંચાડયો. પછી તો મિસ્ટર સ્ટીલ સાથે દોસ્તી બંધાઇ. તે મને અંગ્રેજી શીખવતા, હું તેમને હિન્દી શીખવતો.

શાદી ૧૯૭૮માં પરવીન યાકુબ પટેલ સારોદવાલા સાથે થઇ. પરવીનનો જન્મ કરાંચીમાં થયેલો. પરિવારમાં ચાર દીકરીઓ: ફરહાના જીપી (ડૉકટર) છે; સુમય્યા પીડિઍટ્રિશન (બાળરોગોની ડૉકટર); અતીકા સોલિસિટર છે, અને સોબૈહા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. જીવનમાં શિક્ષણનું મહત્વ સમજું છું અને તેથી જ મેં મારી બધી જ દીકરીઓને ધ્યાન આપીને-પૈસા ખર્ચીને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું છે.

ભાષાની તકલીફ શરૂઆતમાં રહી. પછી તો એ તકલીફ દૂર થતાં ધંધામાં આગળ વધ્યો. ૧૯૭૧માં બોલ્ટન આવ્યો. અહીં મારાં માસી જુબેદાબેન મુસા બાપુ હતાં. અહીં આવ્યા બાદ નાની મોટી કિંમતનાં ત્રણેક મકાનો બદલી અત્યારે આલ્બર્ટ રોડ પર માલિકીના બંગલામાં સહકુટુંબ રહું છું.

અભ્યાસ પૂરો થતાં Platt Clothier, માન્ચેસ્ટરમાં ‘વર્ક ઇન પ્રોગ્રેસ મૅનેજમેન્ટ’માં જોબ મળ્યો. યુનિયન સાથે તણાવ ઊભો થયા કરે. મારું પરફોર્મન્સ ખૂબ સારું. એક અંગ્રેજ ફાયનાન્સિયલ ડાયરેક્ટર મિસ્ટર ડૉન યુરેને (Don Urain) સલાહ આપી કે આ વાતાવરણમાં તને ઝાઝી સફળતા નહીં મળે. તારી ધગશ,નોલેજ અને સ્ફૂર્તિ જોતાં તું સ્વતંત્ર ધંધો શરૂ કર. આ મારી જિંદગીનો ટર્નિન્ગ પોઇન્ટ હતો એમ કહું તો ચાલે.

૧૯૭૩માં ૨૨ વર્ષની યુવાન વયે યુનિટી કલોધિંગના નામથી ધંધાની શરૂઆત કરી ધંધાકીય ક્ષેત્રે ઝંપલાવ્યું. ટાવલ હેમિંગ, આઉટર વૅર મૅન્યુફેકચરિંગમાં મેં, મારા ભાઇએ, મારાં માસી અને માસા જનાબ મુસા બાપુએ ભાગીદારી ઊભી કરી. શરૂઆતમાં ફક્ત ચાર કામદારો હતા. માલિકની મહેરબાનીથી, માબાપની ભલી દુઆઓ અને હિંમત-ધગશ અને ધંધાની લગનીથી ધંધામાં સફળતા મળી. ૧૯૯૦

સુધીમાં અમારી કંપની માટે ૩૦૦ જેટલા કામદારો કામ કરતા થઇ ગયા. લોકો માટે રોજગારની તકો વધી. ઘરે બેસી આપણી મહિલાઓ પણ કામ કરીને પૈસા કમાઇ શકે એ વેપારી પદ્ધતિની શરૂઆત મારાથી થઇ એનો મને ગર્વ છે. ૧,૦૦૦ પાઉન્ડના ટર્ન ઓવરમાંથી પછી તો ધંધાનો વિકાસ થતાં દસ-બાર મિલિયન પાઉન્ડનું ટર્ન ઓવર થયું. ઘણાં લોકો અને તેમાંયે ખાસ કરીને મહિલાઓ સ્વાવલંબી અને સ્વનિર્ભર બની. પછી તો અમે ઈસ્ટર્ન યુરોપ, મેસેડોનિયા, મોરોક્કો, યુગોસ્લાવિયા, ક્રોએશિઆ વગેરે દેશોમાં ફેકટરીઓ નાંખી ધંધામાં આગળ વધતા રહ્યા.

વેપાર-ધંધાની સાથે સાથે સામાજિક, રાજકીય ક્ષેત્રે પણ કંઇ કરી છૂટવાની ધગશ ખરી. બોલ્ટન મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટનો ફાઉન્ડર મેમ્બર છું. બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલના ચૅરમેન / સભ્ય તરીકે સેવા બજાવું છું. ૨૦૦૭માં આ સ્કૂલને લોકલ ઑથોરિટીમાં માન્યતા અપાવી 'વોલન્ટરી એઈડેડ સ્કૂલ' બનાવવામાં મેં મહત્વનો ભાગ ભજવ્યો હતો. બ્રિટિશ હેરિટેજ સેન્ટરનો ટ્રસ્ટી છું. ઝકરિયા મસ્જિદની ખિદમત વર્ષોથી કરું છું. 'ભરૂચ મુસ્લિમ મેડિકલ ઍન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, યુ.કે.'નો ટ્રસ્ટી રહી ચૂકયો છું. 'વહોરા સમાજ વિકાસ મંડળ, યુ.કે.'નો વિચાર મને સ્ફૂરેલો તથા નેશનલ લેવલની સંસ્થા બનાવવાની ચળવળ શરૂ કરેલી પરંતુ આપણા સમાજમાં હવે જોઇએ તેવી એકતા ન હોવાથી એ પ્રોજેક્ટ આગળ વધી શકયો નહીં. જેમને મેં શિક્ષણ કામ માટે પાંચ એકર જમીનનું માતબર દાન આપ્યું છે તે 'મુન્શી મૅમોરિયલ ટ્રસ્ટ'નો પણ સક્રિય ટ્રસ્ટી છું. પ્રિન્સ ચાર્લ્સની આગેવાની હેઠળ ચાલતા "Mosaic Project" નો પણ સભ્ય છું. તદઉપરાંત આપણા સમાજની પ્રતિભાશાળી વ્યક્તિઓને રાજકારણ, સમાજસેવા, સંશોધન, રમતગમત વગેરે પ્રવૃત્તિઓમાં આગળ વધવા મદદ અને પ્રોત્સાહન પૂરું પાડું છું.

ઘરમાં આજે પણ સાદગીથી આપણા ધાર્મિક અને સાંસ્કૃતિક વારસા પ્રમાણે રહું છું. રીંગણ-બટાકાનું શાક, કઢી-ખીચડી, અથાણાની વાનગીઓ આજે પણ ઘરમાં અવારનવાર બનતી રહે છે.

અમારી પેઢીએ ખૂબ સંઘર્ષ કર્યો. ખૂબ મહેનત કરી. આવનારી પેઢીઓ માટે મજબૂત પાયાઓ નાંખ્યા. મેં આર્થિક મંદી નાં ત્રણ મોજાંઓ જોયાં - ૭૮, ૮૦ અને ૯૨માં. આપણા સમાજની આર્થિક હાલત સુધરી છે. અમેરિકન મૂડીવાદી વિચારસરણી સમાજમાં પ્રવેશી છે. શિક્ષણ વધ્યું છે. આશા-અપેક્ષાઓ વધી છે. આ


બધા સાથે એકતાનો નાશ થયો છે. મહોબ્બત મરી પરવારી છે. સમાજ એકદમ ભૌતિકવાદી બન્યો છે. વધારે પૈસા આવતાં લોકોમાં ખોટી હરિફાઇ અને ઈર્ષ્યા-અદેખાઇ વધી છે. પહેલાં લોકો મૈત્રીભાવવાળા અને એકબીજાને મદદરૂપ હતા. હવે એ માહોલ નથી રહ્યો.

શરૂઆતના દિવસોમાં ડયુઝબરી ખાતે સેવીલ ટાઉનમાં સેવીલ ગ્રોના ટેરેસ્ડ મકાનમાં નમાઝ પઢતા. ઈદ વખતે ટાઉન હોલ ભાડે કરી બધા જ એક સાથે નમાઝ અદા કરતા અને ઈદ મનાવતા.

શનિ રવિવારે બ્રેડફોર્ડ ફિલ્મો જોવા જતા. બોલ્ટન આવ્યા બાદ ક્વીન સિનેમા અને રૉયલ સિનેમામાં જતા. મનોરંજનનાં સાધનો અને સોશ્યલ લાઈફ મર્યાદિત હતાં. શૉલે, રામ ઔર શ્યામ અને મુકદ્દર કા સિકંદર જેવી ફિલ્મો જોયાનું યાદ છે. અમુક વખતે મિત્રો ભેગા થઈને ખાવાની પાર્ટી રાખતા.

નાના હતા ત્યારે તાવતરિયામાં તે સમયના લોકો જેને કળિયાતુ કહે છે તે કડવું ઔષધ પીવડાવતા.


મારી પ્રવૃત્તિ નિમિત્તે મને જનાબ મુસા બાપુ, જનાબ મહંમદ મુન્શી, મરહુમ અબ્દુલ રહીમ મુન્શી, અમીરે તબ્લીગી જમાત જનાબ હાફેઝ પટેલ, મૌલાના યુસુફ મોતાલા સાહેબ, મૌલાના અસદ મદની સાહેબ, મિસ્ટર ડૉન યુરેન, મિસ્ટર માલ્કમ સ્ટાર્ક, ડૉ આદમ ઘોડીવાલા, જનાબ યાકુબ પટેલ કોહેન્સવાલા, જનાબ આદમભાઇ રોકડ, જનાબ યાકુબ મુસા કરમાડવાલા વગેરે દોસ્તો અને મહાનુભાવો સાથે સમ્પર્કમાં રહ્યાનો આનંદ અને ગર્વ છે.



Dilaver Vali



Dilaver Vali and Family



Dilaver Vali and Family

Name: **Haroon Gulam Ahmad Patel**

નામ: હારૂન ગુલામ અહમદ પટેલ
જન્મ સ્થળ: કોઠી-વાંતરસા તા. આમોદ, જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૪૭
પિતા: ગુલામ અહમદ (માજી પોલીસ પટેલ)
માતા: હુરબાઇ ગુલામ અહમદ

મારું નામ હારૂન ગુલામ અહમદ પટેલ છે. કોઠી-વાંતરસામાં બચપણ અને યુવાનીની અમુક યાદગાર ક્ષણો-સમય વીતાવી લગભગ ૧૯૬૬ની સાલમાં ઈંગ્લૅન્ડ આવવાનું થયું. થોડોક સમય બ્લૅકબર્ન અને ત્યાર બાદ બોલ્ટન ટાઉનમાં વસવાટ કર્યો.

કોઠી-વાંતરસાથી બોમ્બે અને બોમ્બેથી લંડન હિથરો અને લંડન હિથરોથી બ્લૅકબર્ન થઈને બોલ્ટન. આટલી લાંબી અને મહત્વની મુસાફરી ત્યારે જીવનમાં પહેલી વખત કરેલી. પાદરમાંથી વાદળ કયારે આવ્યું તેની ખબર જ ન પડી એમ કહું તો અતિશ્યોક્તિ નથી. લંડન હિથરો ઉતર્યા પછી તો અનુભવ ખૂબ જ અલગ હતો. જુદા લોકો, જુદો પહેરવેશ, જુદી ભાષા, જુદી સંસ્કૃતિ-સભ્યતા જોઇ અચંબા જેવું લાગ્યું. ભારતના ઍરપોર્ટ, રેલ્વે સ્ટેશન અને જનજીવન કરતાં અહીં વાતાવરણ તદ્દન શાંત હોવાનો અનુભવ થયો. આપણે ત્યાં ધમાલ, ઘોંઘાટ અને ધમાચકડી લોકો ખૂબ કરે!

૧૯૪૭ના ભાગલા વખતનું કશું યાદ નથી, પણ મારા વડીલો કહેતા કે અંગ્રેજો હતા ત્યારે દેશમાં વ્યવસ્થા બરાબર ચાલતી. ૧૯૬૬માં ફાતમા મુસા મહંમદ અલી વરેડિયાવાલા સાથે શાદી કરી. અનીસ, અનીસા અને શફીકા મારાં ત્રણ સંતાનો છે.

શરૂઆતના દિવસોમાં મકાનોની બાંધણી એક જેવી લાગતી. સખત ઠંડી અને આછો આછો પ્રકાશ. થોડીક અકળામણ થતી. પરંતુ ધીરે ધીરે આદત પડી ગઇ. તે જમાનામાં અંગ્રેજો અને આપણા લોકો પણ સારા હતા. પોલીસ પણ ઘણી મદદરૂપ હતી. ટંકારીઆ હાઇ સ્કૂલમાં ભણેલો એટલે રોજીંદો વ્યવહાર સાચવવા જેટલું તો અંગ્રેજી આવડતું હતું.

લેબરનમ સ્પીનીંગ કંપની, Athertonમાં કામ કર્યું. ત્યારે અઠવાડિયાનો પગાર £૩.૫૦ હતો. ત્યાર બાદ મિલ લેન, સનીસાઇડ મિલ્સ, ટુટલ મિલ ટેક્સ્ટાઇલમાં કામ કર્યું. ૧૯૭૫માં ડ્રાઇવીંગ ઇન્સ્ટ્રક્ટર બન્યો. સિટિઝન એડવાઇસ બ્યૂરોમાં કામ કર્યું. બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી. જમિયતે ઉલ્માએ હિંદ જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે અને અન્ય સ્થાનિક સંસ્થાઓ સાથે જોડાઇને અત્યારે માનવ સેવાના કામમાં વ્યસ્ત રહું છું.

ભાષાઓમાં તો ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ, હિન્દી જાણું છું. ઘરમાં આજે પણ ફાતમા દેશી ખાણું જબરદસ્ત બનાવે છે. ૧૯૬૬માં ઘરે નમાઝ પઢતા. પછી ૧૯૬૭માં ઝકરિયા મસ્જિદની સ્થાપના થતાં મસ્જિદમાં નમાઝ પઢવાની સગવડ થઇ ગઇ.

મને પ્રથમથી જ પુસ્તકો વાંચવાનો અને કવિતા લખવાનો શોખ ઘણો. અહીંના કવિમિત્રોની સોબતમાં રહીને આ શોખમાં વધારો થતાં ગઝલો લખવાની અને મુશાયરાઓમાં રજૂ કરવાની અનેક તકો મને મળી છે. **'તરસ એક દરિયાની'** નામનો મારો એક ગઝલસંગ્રહ પણ પ્રગટ થઇ ચૂકયો છે. અહીં બ્રિટનમાં રહી સાહિત્યિક પ્રવૃત્તિઓનું આયોજન, 'ગુજરાતી આર્ટ ગૃપ, યુ.કે.'ના સ્થાપક અને પ્રમુખ તરીકે ગુજરાતી ભાષા-સાહિત્યનો પ્રચાર-પ્રસાર અને મુશાયરાઓના આયોજનમાં મોખરે રહ્યો છું. સાથે સાથે સમાજ સેવા અને માનવ કલ્યાણની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય છું. વૃદ્ધો તથા અપંગોને બ્રિટનમાં સરકારી સેવા ઉપલબ્ધ કરાવવામાં માર્ગદર્શન અને સહાય પૂરી પાડું છું.

ગામડાનું જીવન સંતોષનું, સુખી જીવન. ક્રિકેટ ખૂબ રમતા. ગામમાં આઝાદ ક્રિકેટ ટીમ બનાવી આદિવાસી, રબારી, હજામ વગેરે સમાજના પછાત વર્ગના બાળકોને હું રમતગમતમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરતો.

૧૯૬૬નો સમય સારો હતો. ત્યારે લોકોમાં ભાઇચારો, મહોબ્બત, એક બીજા માટે લાગણી હતી. એક બીજાને મદદ કરવા તૈયાર રહેતા. સહકાર અને સંપ સમાજમાં સારો હતો. હવે લોકો સેલ્ફ સેન્ટર્ડ થઇ ગયા છે. જૂની અને નવી પેઢી વચ્ચેનું અંતર અને તણાવ પણ વધતો જાય છે. સમાજમાં ઘણા બધા પ્રશ્નો છે પરંતુ તેને ઉકેલનાર હવે કોઇ નથી. દરેક જણ પોતપોતાની દુનિયામાં ગુમ છે.

નાના હતા ત્યારે માબાપ તેમને પણ નિરાંતે ઊંઘવાનું મળે એટલે ખાસ કરીને બપોરે અફીણ ચટાડીને સુવાડી દેતા. કોઈની નજર લાગી ગઈ હોય તો સાત મરચાં ઓવાળીને ચૂલામાં નાંખતા. કુર્આનની આયતો પઢીને ફૂંકો મારતા.

શિયાળામાં ગોળ, કોપરું ખાતા. ચીકન સૂપ તથા મેથીના લાડુ પણ ખાતા. ટોન્સિલ થાય તો વેલણ અને હાથની આંગળીઓથી ગામની અનુભવી બાઇ ઇલાજ કરતી. તળાવની માટીને છાશમાં બોળી માથું ધોવાનું અને દેશી સાબુથી કપડાં ધોવાના. એ જીવનમાં સુકૂન હતું અને હવે તો...


રહેવાનું ઠામ ઠેકાણું બંને જગા છે પણ
આ જિંદગી અથડાય છે કોઠીથી બોલ્ટન
સહેલું છે આવવાનું પણ પાછા જતી વખત
રસ્તો બહું લંબાય છે કોઠીથી બોલ્ટન

□□□

તેમને 'હારૂન' સુગંધીનો ય હક રહેતો નથી
લોહી સીંચીને જે ઉપવનને સજાવી જાય છે

□□□


સુગંધ મારી માટીની આવે તો જાણું
આ 'હારૂન' મારા મલકનો પવન છે



Haroon Patel



Fatima Haroon Patel



Haroon Patel

Name: **Ibrahim Adam Ismail Bhailok**

નામ: હાજી ઈબ્રાહીમ આદમ ઈસ્માઈલ ભાઈલોક
જન્મ સ્થળ: કરમાડ, તાલુકા જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૩૩
પિતા: હાજી આદમ ઈસ્માઈલ ભાઈલોક
માતા: હજીયાણી એમનબેન આદમ ભાઈલોક

મારું નામ હાજી ઈબ્રાહીમ આદમ ઈસ્માઈલ ભાઈલોક છે. જન્મ કરમાડમાં થયો. બચપણ કરમાડ અને ભરૂચમાં વીત્યું. શરૂઆતનું શિક્ષણ કરમાડમાં અને પછી ભરૂચ મહંમદપુરા વિસ્તારમાં ઘાસમંડાઇ પર એક સ્કૂલ હતી તેમાં અભ્યાસ કર્યો. પછી ભરૂચની ઐતિહાસિક જુમ્આ મસ્જિદ પાસે આવેલી પાયોનિયર સ્કૂલમાં જ્યાં અમારા શિક્ષક મુસા માસ્તર સાહેબ અને તેમના ફાધર પટેલ સાહેબ હતા. થોડા સમય પછી મુસા સાહેબે અંગ્રેજી મિડિયમની પોતાની આગવી શાળા સ્થાપી જેનું નામ હતું પ્રોગ્રેસીવ સ્કૂલ.

૨૯મી ઓગષ્ટ ૧૯૫૮માં ભારત છોડી પરદેશગમન કર્યું. મારી સફર સામાન્ય માણસો કરતાં કંઇ જુદી અને સાહસિક હતી. KLM ઍરલાઇનમાં મુંબઇના શાંતાક્રુઝ ઍરપોર્ટ પરથી ઉડાન, સીટ નંબર ૫ હજી યાદ છે. તે વખતે શાંતાક્રુઝ ઍરપોર્ટ ઘણું નાનું હતું. હું બગદાદ, ઈરાક થઇને આવેલો. ૧૯૫૮માં ઈરાકમાં જબરદસ્ત રાજકીય ક્રાંતિ (political revolution) થયેલી. મુંબઈથી ઍરમાં બેઠો ત્યારે આ ક્રાંતિની ખબર ન હતી. જેવું અમારૂં જહાજ બગદાદ હવાઈમથકે ઉતર્યું કે મિલિટરીના જવાનોએ બધા મુસાફરોની તપાસ લઇ, પૂછપરછ શરૂ કરી. વાતાવરણ તંગ હતું. જ્યાં જુઓ ત્યાં મિલિટરી ખડકાયેલી. ખાસ કરીને વિદેશીઓને બાજુમાં લઇ જઇ ખૂબ પૂછતાછ થતી. ઍરપોર્ટ પરની આ ધમાલમાં મારી પાસપોર્ટ ગુમ થઇ ગઇ. ચિંતા વધી. અરબી ભાષા આવડે નહીં. જે એજન્ટ લેવા આવવાનો હતો તેનો પત્તો નહીં. હવે જવું કયાં, કરવું શું?

આવી મૂંઝવણમાં એક ઈરાકી કુલી જે થોડું ઉર્દૂ બોલતો હતો તેણે સારી મદદ કરી. ઍરપોર્ટની બહાર નીકળી હોટલ બુક કરી ત્યાં રોકાયો. વિમાનમાં હલાલ ખાવાનું ન હોવાથી કંઇ ખાધું ન હતું. ભૂખ તો કહે મારું કામ! મેં વેજીટેબલ સલાડ અને ઠંડું પીણું પીધું. કુલી મને હોટલમાંથી એના ઘરે લઇ ગયો. મેં મુંબઇથી લાવેલો તે મિઠાઇનું બોક્ષ સાથે લઇ લીધું હતું. એની પત્ની સારૂં ઉર્દૂ બોલતી હતી. મેં મારી

દાસ્તાન સંભળાવી. જે એજન્ટ મને £૭૦ લઇને, ટિકિટ કપાવી આપી, લંડન રવાના કરવાનો હતો તેનો પત્તો ન હતો. કુલીને આખી વાત સમજાઇ જતાં તે મને KLMની ઓફિસે લઇ ગયો, પણ એ પહેલાં મેં મારી પાસે જે £૭૦ હતા તે વટાવી ઇરાકી ચલણ લઇ લીધેલું. હવે થાય શું?

KLMની ઓફિસમાં બે પડછંદ ઇરાકી ઓફિસરો હતા. બંને જીદે ચઢેલા. એક કહે ઇન્ડિયા સારૂં, બીજો કહે ના, પાકિસ્તાન સારૂં. મને તેમણે ઉપરથી નીચે સુધી જોયો અને પૂછયું કે ઇન્ડિયા ગુડ કે પાકિસ્તાન ગુડ? તારૂં ભલું થાય! આ વળી શી મુસીબત ઊભી થઇ? મેં કોઠાસૂઝ વાપરી જવાબ આપ્યો કે "રિલિજિઅનની રીતે પાકિસ્તાન ગુડ અને પોલિટિક્સની રીતે ભારત ગુડ." બંને ખુશ થઇ ગયા. ઊભા થયા અને હાથ મિલાવી મને પૂછયું કે બોલો, શું પ્રોબ્લેમ છે? તેમણે આખી વાત સાંભળી પછી મારી ગુમ થયેલી પાસપોર્ટ ઍરપોર્ટ પરથી શોધી મંગાવી અને ઇરાકી નોટોનો ઢગલો જ્યાંથી લીધો હતો ત્યાં પાછો આપી પાઉન્ડ કરી આપ્યા. બેત્રણ દિવસની ગડમથલ પછી હું બગદાદથી લંડન રવાના થયો.

લંડન આવતાં ઍરમાં એક અંગ્રેજ વૃદ્ધા મારી બાજુમાં બેઠી હતી. તેણીએ કહ્યું કે કોઇ પણ જાતનો પ્રોબ્લેમ હોય તો ઍરપોર્ટ પરથી મારી સાથે આવજે, હું તને બનતી મદદ કરીશ. જુઓ, આ ત્યારના માણસો અને તેમનો સરસ સ્વભાવ. હિથરો ઍરપોર્ટ ખુલ્લા મેદાન જેવું હતું. બે ટેબલો મૂકેલાં હતાં. ઍરપોર્ટની સ્વચ્છતા અને વ્યવસ્થા ગમ્યાં. અંગ્રેજોનો શિષ્ટાચાર ગમ્યો જે ભારત અને ઇરાકના ઍરપોર્ટ અધિકારીઓથી તદ્દન ભિન્ન હતો. ઇમિગ્રેશન પતાવી બહાર નીકળ્યો. ખિસ્સામાં ઝાઝા પૈસા નહીં. ભૂખ બરાબર લાગેલી. આવી હાલતમાં જેમ તેમ કરી લંડનના વિકટોરિયા સ્ટેશને પહોંચ્યો. ચાય-બિસ્કિટ લીધી. ખુશનસીબે પૂછપરછ માટેની ઓફિસમાં એક પાકિસ્તાની અનવરભાઇ હતા. મેં કહ્યું મારે પ્રેસ્ટન જવું છે એટલે કયું પ્રેસ્ટન તેનો ખુલાસો કર્યા પછી અંગ્રેજીમાં એક ચિઠ્ઠી લખી આપી અને કહ્યું કે જ્યાં જરૂર પડે ત્યાં આ બતાવજો. કામ થોડું આસાન થઇ ગયું. ટ્રેઇન પકડી પ્રેસ્ટન આવ્યો.

પ્રેસ્ટન આવવાનું મુખ્ય કારણ મને ઇંગ્લૅન્ડ બોલાવનાર અમારા કાકા મહંમદભાઇ બક્ષ પટેલ અહીં રહેતા હતા તે હતું. ખિસ્સામાં પૈસા પૂરા થવા આવેલા, છતાં રેલ્વે સ્ટેશનેથી ટેક્ષી કરી ગ્લોવર સ્ટ્રીટના સરનામે પહોંચ્યો. આનંદ થયો પણ તે ક્ષણિક હતો. બારણું થોકયું પણ જવાબ ન મળ્યો. થયું મુસીબત પીછો છોડતી નથી!

એવામાં એક હિન્દુભાઇ, નામ હતું કુંવરજીભાઇ, તે કામ પરથી પાછા ફરતા હતા. મને આવી અસહાય હાલતમાં જોઇને પૂછયું કે “બધું ઠીક છે? નવા લાગો છો.” મેં તેમને દાસ્તાન સંભળાવી. તેમણે કહ્યું કે Berry Street માં અમુક ભરૂચી વોરાઓ રહે છે ત્યાં જઇને તપાસ કરો. ત્યાં જઇ દરવાજો થોકયો. ઈંગ્લૅન્ડ ખાતે મારી પ્રથમ મુલાકાત જનાબ આદમ માસ્તર બારગીટ સિતપોણવાલા તથા દાઉદભાઈ પાલેજવાલા, મૂળ ઈખરના, તેમની સાથે થઈ. એમણે મને આવકાર આપ્યો. જમવા બેસતા હતા. સાથે હું પણ જોડાયો. પીઝ અને બટાકા ખાધા. પછી શરફઅલી કરમાડવાળા મકાન માલિક છે એવી ખબર પડી. તેઓ આરામ કરીને ઊઠયા, મુલાકાત કરી અને પછી બ્રેડ સાથે મરઘી ખવડાવી. તેમનાથી ખબર પડી કે અમારા કાકા ૧૦૬ બ્રૂક સ્ટ્રીટમાં રહે છે.

શરૂઆતના દિવસોમાં બધું નવું નવું લાગે. હવામાન, મકાનોની બાંધણી, રસ્તાઓ, અંગ્રેજ લોકો બધું જ નવું! લોકોનો સ્વભાવ પહેલેથી જ હેલ્પફુલ. મારે લેબર એક્ષ્ચેન્જ ઓફિસે જવાનું થયું. બસમાં બેસીને ગયો. જગ્યા ન મળતાં એક અંગ્રેજ ડોસીમાને પૂછયું. આ ભલાં ડોસીમા મારો હાથ ઝાલીને મને લેબર ઓફિસ સુધી લઇ ગયાં.

મારી શાદી ૧૯૫૩માં હજીયાણી બીબી અહમદ સુલેમાન સાલિયા કંબોલીવાલા સાથે થઈ. અમારા સુખી પરિવારમાં મેહમૂદા, યુસુફ, હસીના, મુસ્તાક, હનીફા અને ઐયુબ છે. ૧૯ જેટલાં ગ્રાન્ડચિલ્ડ્રન અને ૨૦ જેટલાં ગ્રેટ ગ્રાન્ડચિલ્ડ્રન છે. વાઈફ ૧૯૬૨માં અહીં આવ્યાં. તેમની સાથે યુસુફ જેની ઉંમર પાંચ વર્ષની હતી અને હસીના જે અઢી વર્ષની હતી તે આવ્યાં હતાં. ત્યારે મોટી દીકીરી મેહમૂદા ભારત ખાતે હતી.

૧૯૫૮ની આસપાસ જલ્દી નોકરીઓ મળતી ન હતી. એક ઠેકાણે તો હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી એમ ત્રણ ભાષાઓમાં વૅકન્સી નથી એવું લખ્યું હતું! ચાર મહિનાની બેકારી અને મુસીબતો પછી પાર્કિન્સન બિસ્કિટ ફેકટરીમાં કામ મળ્યું. થોડોક સમય ચાલ્યું. પછી નાઈટ શિફ્ટ બંધ થઈ. આપણો જોબ પણ ગયો. ફરી એક બે જગ્યાએ કામ કરી Courtaulds માં કવૉલિટી કંટ્રોલર તરીકે કામે લાગ્યો. બધું ઠીક ચાલતું હતું ત્યાં એક ઈટાલિયન સાથે ધમાલ થતાં બંનેને ત્યાંથી છૂટા કર્યા. ફિર વોહી દાસ્તાં! આમ તકલીફો અને સંઘર્ષ કરતાં કરતાં ૧૯૬૭માં મારી પોતાની ગ્રોસરી અને હલાલ મીટની શોપ ખોલી જે લેન્કેશાયરની પ્રથમ હલાલ મીટની

દુકાન હતી. થોડાક સમય પછી ૧૯૬૭/૬૮ના ગાળામાં હલાલ ફુડની "શાલીમાર કૅફે" શરૂ કરી. આ પણ લેન્કેશાયરની હલાલ ખાવાપીવાની પ્રથમ દુકાન હતી જે એક ઈતિહાસ કહેવાય જેની નોંધ લેવી રહી. ધંધાઓમાં સફળતા મળતાં આ સમયગાળા દરમિયાન પ્રોપર્ટી ડિલિંગમાં ઝંપલાવ્યું. આજ સુધી એ ક્ષેત્રમાં વિકાસ ચાલુ છે. મારી સાથે દીકરાઓએ પણ સાથ આપી આજે અમારો ધંધો ઘણા મોટા પાયા પર પહોંચ્યો છે.

નોકરી કરતા ત્યારના સાથીદારોમાં તો કબીર ફેમિલી, યાકુબભાઈ ભાટિયા સારોદવાલા, ઈસ્માઈલભાઈ નબીપુરી, ઈસાભાઈ જિંગા, સુલેમાનભાઈ દયાદરાવાલા, પરિયેજના યુસુફભાઈ હતા. અમારા ડૉક્ટર કાકા જનાબ મહંમદભાઈ પટેલનો સાથ સહકાર અને દુઆઓ તો હંમેશાં સાથે છે.

સામાજિક સેવા અને રાજકીય પ્રવૃત્તિઓમાં શરૂઆતથી જ સક્રિય ભાગ લીધો. મારા વાલીદ સાહેબે બાળપણથી જ શીખવેલું કે બની શકે તો જરૂરતમંદની મદદ અને આપણા સમાજને ઉપયોગી હોય તેવાં કામો જીવનમાં કરવાં. એને અનુસરી લેબર પાર્ટીના જાણીતા પ્રેસ્ટન કાઉન્સિલર અને એમ.પી. રૉન એટકિન્સ અને એમ.પી. સ્ટાન થોર્ન સાથે કામ કરી ઘણાં એશિયનોના ઈમિગ્રેશનને લગતા પ્રશ્નો હકારાત્મક રીતે હલ કરીને ઘણાં બધા લોકોને સ્થાયી થવામાં મદદ કરી.

દીની પ્રવૃત્તિઓમાં એક પ્રસંગ યાદ આવે છે. ૧૯૫૯માં સમગ્ર લેન્કેશાયરના મુસ્લિમ ભાઈઓએ ભેગા મળી પ્રેસ્ટનના ઍવનહામ પાર્કમાં ઈદની નમાઝ પઢવાનું નક્કી કર્યું હતું. ચાદર, મુસલ્લો વગેરે સાથે લઈને જવાનું એલાન પણ થયું હતું. તે દિવસે ખૂબ બરફ પડયો. ચાલુ બરફે નમાઝ પઢી. કોઈ અંગ્રેજે પ્રથમવાર આવું જોયું હશે એટલે પોલીસને ફોન કર્યો કે પાર્કમાં કંઈ અસાધારણ પ્રવૃત્તિ ચાલે છે. ઈન્સ્પેકટર હેરી ટેલર આવ્યો. મીડિયા પણ દોડતું આવ્યું. પૂછપરછ કરતાં જાણ્યું કે મુસ્લિમોની ઈદની નમાઝ થઈ રહી છે. ઈન્સ્પેકટર હેરીએ ભવિષ્યમાં હોલ ભાડે મળી શકે તેની વ્યવસ્થા કરી યા તો પ્રેસ્ટન માર્કેટમાં નમાઝ પઢવાનો બંદોબસ્ત કરી આપ્યો. બંને પ્રજા વચ્ચે તે વખતે આવા સુમેળભર્યા સંબંધો હતા.

નવરાશની પળોમાં અને રજાના દિવસે મિત્રો સાથે કયાંક ફરવા જતા યા બ્લેકપુલ રોડ થિયેટરમાં સિનેમા જોવા જતા. આદમ ઍન્ડ ઈવ અંગ્રેજી ફિલ્મ જોયાનું યાદ છે.


ત્યારની કોમ્યુનિટીમાં અને અત્યારની કોમ્યુનિટીમાં ઘણાં ફેરફારો આવ્યા છે. પગાર થોડો, પૈસા થોડા પરંતુ મહોબ્બત, સંપ, સહકાર ખૂબ હતાં. નવી પેઢીની પોતાની આગવી જીવનશૈલી છે. સમાજમાં મોટાભાગની વ્યક્તિઓ સેલ્ફ સેન્ટર્ડ બની ગઇ છે. આપણો સમાજ જાણે દિશા ખોઇ બેઠો છે. જૂની પેઢીનો દાખલો લઇ નવી પેઢીએ પણ જીવનમાં સફળ થવા માટે તનતોડ મહેનત કરવી જોઇએ અને થોડુંક ઓપન માઇન્ડ રાખી હકારાત્મક અભિગમ કેળવવો જોઇએ.

ગામડાના ઘરગથ્થુ ઇલાજો વિષે પૂછો છો તો જણાવું કે બહેન ઝુલેખાંને હિસ્ટિરિયા થયેલો. નવી બીમારી અને બહુ ઓછા લોકોને એની ખબર. ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લઇ ગયા. ડૉ સૈયદ હતા. ત્યાર બાદ કેરવાડા ખાતે મણિભાઇ શંકરભાઇ વૈદની એક મહિનાની દવા અને ઇલાજ બાદ બહેનને સારૂં થઇ ગયું હતું.

ગામ કરમાડ, ખેતરો, પાદર, ગામનું સાદું અને સ્વચ્છ જીવન હજી પણ યાદ આવે છે.



Ibrahim Bhailok - Preston - 1958




Ibrahim Bhailok - Air Ticket - 1958



Adam Bhailok and Family - Muhammadpura - Early 1962




Eid Namaz - Avanham Park Preston - 1963



Eid Namaz - Preston Public Hall - 1964



Ibrahim Bhailok and Family - Preston - 1964



Ibrahim Bhailok

Name: **Ibrahim Ahmad Asmal**

નામ: ઈબ્રાહીમ અહમદ અસમાલ
જન્મ સ્થળ: વહાલુ, તાલુકા જિલ્લા: ભરૂચ
જન્મ તારીખ: ૧૯૫૧
પિતા: અહમદ ઈસ્માઈલ
માતા: ફાતેમા અહમદ ઈસ્માઈલ

નામ ઈબ્રાહીમ અસમાલ અને ગામ વહાલુ. ૧૯૭૮માં ઈંગ્લૅન્ડ આવવાનું થયું. સૌ પ્રથમ બ્લૅકબર્ન ટાઉનમાં આવવાનું થયું. સગાંવહાલાં અને ભાઈબંધો બ્લૅકબર્નમાં હોવાથી અહીં જ વસી ગયો.

ભારતથી ઈંગ્લૅન્ડની સફર સારી હતી. કયારેક આવી સફરો માણસને ઘણા બધા અનુભવો કરાવતી હોય છે. કયાં વહાલુ ગામ અને કયાં ઈંગ્લૅન્ડનું રળિયામણું બ્લૅકબર્ન ટાઉન! બધું જ નવું નવું અને વિચિત્ર લાગતું.

ભારત પાકિસ્તાનના ભાગલા વિષે સાંભળેલું અને વાંચેલું.

૧૯૭૮માં શાદી થઈ. મારી શાદી જુબેદા અસમાલ સાથે થઈ. પરિવારમાં અનીસા, સલીમ, નફીસા, નસરીન અને સાજીદ છે.

શરૂઆતના દિવસોમાં તો આગળ કહ્યું તેમ બધું નવું નવું અને થોડુંક વિચિત્ર લાગે. બ્લૅકબર્ન ટાઉનના ટેકરા, ઠંડી, વરસાદ, બરફ બધું નવાઈ પમાડે.

ભારત ખાતે શિક્ષણ લીધેલું. કરમાડ સાર્વજનિક હાઈ સ્કૂલમાં ભણેલો. વાતચીતની તકલીફ શરૂઆતમાં પડેલી. પછી ધીરે ધીરે અંગ્રેજી બોલી અને અંગ્રેજી સિસ્ટમ સાથે મેળ બેસી ગયો. J & J Porter Ltd માં ઓપરેટર તરીકે કામ કર્યું. Courtaulds Ltdમાં પણ નોકરી કરી. કમાલભાઈ, અહમદભાઈ ટેલર, ઐયુબભાઈ થામવાલા આ સાથીઓ નોકરી દરમિયાન સાથે હતા. ભાષાઓમાં ગુજરાતી, ઉર્દૂ અને અંગ્રેજી ખરી. આજે પણ ઘરે ભારતીય પદ્ધતિથી રહેવાનું પસંદ કરું છું.

૧૯૭૮થી ૨૦૧૩ સુધીમાં કોમ્યુનિટીમાં ઘણાં પરિવર્તનો આવ્યાં છે. ત્યારે સંપ સહકાર ઘણો હતો. હવે સામાજિક પ્રથાઓ અને મૂલ્યો થોડાંક બદલાયાં છે. નવી જનરેશનની તેમની પોતાની એક આગવી જ દુનિયા છે. પેઢીઓનું અંતર વધતું જાય છે. મસ્જિદો ઘણી છે, નમાઝ પઢવાની સહુલતો પણ ઘણી છે.

સોશ્યલ લાઈફમાં તો મિત્રો અને ફેમિલી સાથે માન્ચેસ્ટર, બ્રેડફોર્ડ, લેન્કાસ્ટર ખાવા જવાનું. કયારેક કયારેક ઘરે બેસી સારી ફિલ્મ જોઈએ. ભારત અને ગામનું જીવન યાદ આવે છે. ખેતરો, પાદર, તળાવ અને ચોખ્ખું હવામાન યાદ આવે છે. તાવ આવતો ત્યારે ઘરવાળાં માથે ઠંડા પાણીનાં પોતાં મૂકતાં એવું કંઈ યાદ છે.

Name: **Ismail Ibrahim Bapu Patel known as "Babar" Bambusari**

નામ: ઈસ્માઈલ ઈબ્રાહીમ બાપુ પટેલ ઉર્ફે 'બાબર' બંબુસરી
જન્મ સ્થળ: બંબુસર, તા. જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૪૨
પિતા: મરહુમ ઈબ્રાહીમ બાપુ પટેલ
માતા: મરહુમા ફાતમાબેન ઈબ્રાહીમ બાપુ

મારું નામ ઈસ્માઈલ આઈ.બી. પટેલ છે., પરંતુ આખી દુનિયા મને 'બાબર' બંબુસરીના નામે ઓળખે અને જાણે પણ છે. ૧૯૬૮માં ઈંગ્લૅન્ડ આવ્યો. મિડલ ઈસ્ટર્ન ઍરલાઈનમાં કરાંચી, જીનેવા થઈ લંડનના પ્રખ્યાત હિથરો ઍરપોર્ટ પરઉતર્યો ત્યારે ઈન્ડિયાની દઝાડે એવી ગરમીની સરખામણીમાં અહીંનું વાતાવરણ આહ્‌લાદક લાગ્યું. આપણે ત્યાંની સૂક્કી ઠંડી પણ હાથ પગ ફાડી નાંખે એવી, જ્યારે અહીંની ઠંડી ભેજવાળી એટલે ચામડીને કંઈ નુકસાન થાય એવી નહીં. અનુભવ પરથી હું એમ કહી શકું છું કે તમારો ચામડીનો રંગ શ્યામ હોય તો અહીં આ ગુલાબી ઠંડીમાં સહેજ ખુલી જાય એ વાત નક્કી! ગાલ ગુલાબી અને ચહેરો પણ ચમકદાર થઈ જાય છે!

હું તો પહેલી નજરે જ આ દેશના પ્રેમમાં પડી ગયો. વાહ ભાઈ વાહ! ઍરપોર્ટ પર કેવી સફાઈ, કેવી જોરદાર વ્યવસ્થા, કેવી સુંદર રીતભાત, કેટલો મૈત્રીપૂર્ણ સ્વભાવ! અહીં માણસની કદર કિંમત થતી હોય એવું પહેલા અનુભવે જ લાગ્યું. મને લેવા માટે મારા મોટાભાઈ મરહુમ ઠાકોર ઈબ્રાહીમ બાપુ આવેલા. તેમની સાથે કંથારિયાના ઈબ્રાહીમભાઈ ટપુ ડ્રાઈવીંગ સીટ પર હોવાનું મને યાદ છે.

શરૂઆતમાં બોલ્ટન અને પ્રેસ્ટનમાં થોડોક સમય રોકાઈ અમારું તે વખતનું મકાન સો વર્ષ જૂનું હોઈ ડિમૉલિશનમાં આવ્યું હોવાથી હું બ્લૅકબર્નમાં આવી ગયો. અમારા કુટુંબમાંથી આમ તો આફ્રિકા તરફ કોઈ ગયેલું નહીં, પણ હું અને મારી ધર્મપત્ની ૨૦૧૧માં સાઉથ આફ્રિકા અને મોઝામ્બિક ફરી આવેલાં.

ભારતને ૧૯૪૭માં આઝાદી મળી ત્યારે આઝાદી દિને સ્કૂલમાં અને ગામમાં નાના ઝંડા અને કળીના મિની લાડુ વહેંચાયા હતા એવું સ્મરણ છે. હું પ્રથમથી જ લાડુનો શોખીન એટલે બીજા છોકરાના ભાગના પણ હું ખાઈ ગયો હોય એવું બની શકે છે!

એ લાડુનો સ્વાદ જાણે હજી પણ મારા મોંમા બાકી છે. તે વેળા આઝાદીનો ઉત્સાહ તો ઘણો હતો, પણ આજે ૬૫ વર્ષે પણ દેશમાં ગરીબોની હાલતમાં કંઇ ખાસ ફેર પડયો નથી. ભાગલા વિષે ખાસ તો કંઇ યાદ નથી પણ સાંભળેલું કે એ સમયે બનેલી કરુણ ઘટનાઓમાં ઘણાં લોકોને જાનમાલ અને મિલ્કતોનું પારાવાર નુકસાન થયેલું.

૧૯૭૪માં ફાતમાબેન વલી મહંમદ ઉમર ગની સિતપોણવાલા સાથે બ્લૅકબર્નમાં ધામધુમથી શાદી થઇ. ફાતમાબેન મોઝામ્બિકથી આવેલાં. મારા કુટુંબમાં અત્યારે રૂબીના, ફરહાના, નૂરજહાં, મોહંમદ રૈહાન અને નઈમુન્નિશા છે. બધાં જ બાળકો હોનહાર અને ગ્રેજ્યએટ્સ છે. પૌત્રાંઓમાં મહંમદ યુસુફ અને મહંમદ ઈબ્રાહીમ, તો નવાસાંઓમાં મહંમદ અદનાન, મરિયમ, અલી હસનૈન અને આયેશા છે.

૧૯૬૮ના જમાનામાં ઠંડી તો કહે મારું કામ. તે વખતે હિટીંગની સગવડ નહીં એટલે બેડમાં જવાનું તો મન જ ન થાય. તેમ છતાં એક વાર પહોંચી અને હૂંફાઇ જઇએ એટલે ઇન્ડિયાની જેમ માંકડ, માંખી કે મચ્છર એવા કશાનો ત્રાસ નહીં એટલે નસકોરાં બોલવાનું તો તરત જ શરૂ થઇ જતું.

બંબુસર, નબીપુર અને ઇખરની કુમારશાળાઓમાં પ્રાથમિક શિક્ષણ, પાલેજ હાઇ સ્કૂલમાં મેટ્રિક સુધી (તે વખતનું મેટ્રિક, અત્યારના ચોરાટિયા મેટ્રિક જેવું નહીં હોં) અને જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કોલેજમાં બી.એ. (ઓનર્સ) સુધીનો અભ્યાસ. ઈંગ્લૅન્ડમાં બિઝનેસ સ્ટડીઝ અને યુરોપીઅન સ્ટડીઝનો અભ્યાસ કર્યો.

પહેલાંથી જ જેવું આવડે તેવું ગબડાવવાની આદત અને હિંમતને કારણે અંગ્રેજીમાં વાતચીતમાં ખાસ તકલીફ પડી ન હતી. આવ્યો ત્યારે પ્રથમ ટેક્સ્ટાઇલમાં અને પછી સ્ટુડિયો કાર્ડ્સમાં કામ કરેલું. અત્યારે નિવૃત્ત જીવન છે અને બ્લૅકબર્નના લંડન રોડ પર નવાબી ઠાઠથી રહું છું.

ચળવળિયો જીવ એટલે નિવૃત્તિમાં પણ હું જંપીને બેસું એવો તો નથી જ. સાહિત્યિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં પરોવાયેલો રહું છું. બ્લૅકબર્ન અને આજુબાજુના ટાઉનોમાં યોજાતા સાહિત્યિક કે ધાર્મિક, સામાજિક કે રાજકીય કોઇ પણ પ્રોગ્રામ હું ચૂકતો નથી. કવ્વાલી હોય, ના'ત શરીફનો પ્રોગ્રામ હોય, ઉર્સ હોય કે નજરોનિયાઝની દાવત હોય - એ બધામાં અચૂક પહોંચી જાઉં છું. આપણા લોકો ધાર્મિક સિવાય બીજી કોઇ પ્રવૃત્તિમાં ભાગ લેતા નથી એ વાતનું મને દુ:ખ છે.

પ્રેસ્ટનમાં નોર્થ વેસ્ટની પ્રથમ બુનિયાદી મસ્જિદનો હું ૧૯૭૦/૭૧માં સર્વ પ્રથમ પ્રમુખ હતો. કોમ્યુનિટી રિલેશન્સનો પણ સભ્ય રહી ચૂકયો છું. ક્રિકેટ ટીમો ચલાવી છે. ઍથનિક માઇનોરિટિ ડેવલપમેન્ટ ઍસોસિયેશન (EMDA)નો સભ્ય અને બ્લૅકબર્ન રઝા મસ્જિદનો ટ્રસ્ટી રહી ચૂકયો છું.

અત્યારે ગુજરાતી રાઇટર્સ ઍસોસિયેશન, બ્લૅકબર્નનો હું ચૅરમેન છું, જે સંસ્થા હેઠળ અનેક ગુજરાતી- ઉર્દૂ મુશાયરાઓનું મેં એકલા હાથે આયોજન કરેલું છે. આ મુશાયરાઓમાં મરહુમ આદિલ મન્સુરી જેવા ગુજરાતીના અનેક ખ્યાતનામ ગઝલકારોની મુલાકાતનો મોકો મળ્યો છે. હઝલકાર તરીકે મારા બે સંગ્રહો પ્રગટ થયેલા છે. **'ઉપવન'** અને **'વતન પ્રેમ'**. બીજા ઘણાં બધા નામાંકિત લોકોની મેં મુલાકાતો કરેલી છે જેમનો અહીં સ્થળ સંકોચને કારણે વ્યક્તિગત ઉલ્લેખ કરવો શકય નથી. અમારા જમાઇ સોલિસિટર હસન જીવા અને અમારા દીકરા મોહંમદ રૈહાન મળીને **'ઉમ્મા'** ટેલિવિઝન ચૅનલ ચલાવે છે.

અમારી પેઢી કરતાં નવી પેઢીએ અહીંયાં શિક્ષણ સારું મેળવ્યું છે. સારા સારા નોકરી ધંધાઓમાં લાગેલા છે. કમાણી પણ સારી કરે છે. હવે બાપ કરતાં દીકરો ચઢે એ સ્થિતિ થઇ છે. એટલું ખરું કે પહેલાં બધાં એક જ થાળમાં ખાતાં તેના જેવી મહોબ્બત હવે એક જ કુટુંબના સભ્યોમાં અને સમાજના લોકોમાં રહી નથી.

તે સમયની અમારી સોશ્યલ લાઇફ વિષે પૂછો છો તો અમે 'આવારા'. 'મધુમતી', 'દેવદાસ' જેવી ઇન્ડિયન ફિલ્મો જોવા જતા. ત્રણ ત્રણ શૉ ચાલતા. કવ્વાલીઓ સાંભળતા. તે સમયના સાથીદારોમાં કમાલ માસ્તર, વલી સેલાંત પરિયેજવાલા, ઇસ્માઇલ પીપરીવાલા, દરબાર નબીપુરવાલા, મરહુમ આદમભાઇ ઘંટીવાલા, મરહુમ આદમભાઇ હલદરવાલા વગેરે હતા.

આજે પણ ગામડાનું જીવન યાદ આવે છે. ત્યાં અહીં જેટલી બીમારીઓ પણ ન હતી અને આવી મોંઘીદાટ દવાઓ પણ ન હતી. ઘરેલુ દવાઓથી કામ ચાલતું. જાત જાતની ગોળીઓથી પેટ ખરાબ કર્યું હોય એવું મને યાદ નથી. દેશી ઇલાજોમાં ઉબકા કે ઉલટીમાં ફોદીનાવાળી ચાય, અને ખાંસી શરદીમાં અજમાની ફાકી પૂરતી હતી.
છેલ્લે, તમે મારી તંદુરસ્તી અને મોઢા પર ચળકાટ અને સદા યુવાન હોય એવા દેખાવાનું કારણ પૂછો છો ઇમ્તિયાઝભાઇ તો જણાવું કે હું હંમેશાં હસતો જ રહું છું

અને બીજા લોકોને પણ હસતા કરી દઉં છું. કોઇ પણ કારણ વિના પણ હસતાં મને આવડે છે. આ એક અદ્ભૂત નુસખો છે જેને મેં પામી લીધો છે. મારા એક મુક્તકથી 'મેરી કહાની, મેરી ઝુબાની, હવે પૂરી કરૂં.

ભલે કોઇ કરડે, કે કોઇ હસે છે
પરંતુ છે અલગારી 'બાબર' હસે છે
વસેલું ય મારું છે ઘર એટલે તો
કહું છું, હસે તેનું ઘર પણ વસે છે



Ismail Patel and his wife Fatima



Ismail Patel with
Former Chief Minister of Gujarat Mr Babu J Patel



Ismail Patel with his Family

Name: **Ibrahim V. Patel known as "Ibrahim Patloon"**

નામ: ઈબ્રાહીમ વી. પટેલ (પાટલૂન)
જન્મ સ્થળ: મનુબર, તા. જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૫૨
પિતા: જનાબ વલી મહમદ પાટલૂન
માતા: મોહતરમા બીબબેન વલી મહમદ પાટલૂન

મારો પરિચય આપું તો મારું નામ ઈબ્રાહીમ પટેલ છે પરંતુ મોટા ભાગના લોકો મને ઈબ્રાહીમભાઇ પાટલૂન તરીકે ઓળખે છે. ૧૯૬૭માં મનુબર અને કુટુંબીજનોને છોડયાં અને ઈગ્લૅન્ડ તરફ રવાના થયો. ગામ, ગામવાસીઓ, મિત્રો અને કુટુંબીજનોને છોડવાનું દુ:ખ તો મનમાં હતું, પણ સાથે સાથે એક નવો દેશ જોવાની ઉત્કંઠા પણ મનમાં હતી.

૧,૮૦૦ રૂપિયાની મિડલ ઇસ્ટર્ન ઍરલાઇનની ટિકિટ. બુકીંગ થઇ ગયું. હવાઇ સફર આનંદદાયક અને યાદગાર રહી. લંડન હિથરો પર ઉતર્યો, ત્યાંથી માન્ચેસ્ટરની ડોમેસ્ટિક ફલાઇટ પકડી હું માન્ચેસ્ટર ઍરપોર્ટ પર આવ્યો. ત્યાંથી બસ પકડીને હું બોલ્ટન પહોંચ્યો. આ વિસ્તારમાં સ્થાયી થવાનું મુખ્ય કારણ મોટા ભાગના ફેમિલી મેમ્બર્સ આ તરફ રહેતા હતા. અહીં આવવાના કારણો તો ઘણાં હતાં પણ મુખ્ય કારણ નોકરી, કમાણી અને એ રીતે પોતાનું અને કુટુંબીજનોનું જીવન ધોરણ સુધારવું.

૧૯૨૬માં અમારા દાદા જનાબ મહંમદભાઇ ઉમર આફ્રિકા ગયેલા જ્યાં તેમણે સારી જાહોજલાલી જમાવી હતી. ભારત પાકિસ્તાનના ભાગલા તો યાદ નથી પણ ભાગલા પછી સર્જાયેલી પરિસ્થિતિની ઘણી દુ:ખદ કહાણીઓ વડીલો અને શિક્ષકો પાસેથી સાંભળેલી.

૧૯૭૨માં બ્રેડફોર્ડ ખાતે મારી શાદીની ઉજવણી થયેલી. ચંદનપુરાના ઝરીના ઈબ્રાહીમ સાથે મારી શાદી થઇ. બાળકોમાં ફરજાના, ફિરોજ, લુકમાન, ઝયનબ અને જુબેરનો સમાવેશ થાય છે.

કરમાડ હાઇ સ્કૂલમાં શિક્ષણ મેળવ્યું. શરૂઆતના દિવસોમાં અહીંનું વાતાવરણ ખૂબ જ ઠંડું લાગતું. ૧૯૬૭ના સમયગાળામાં તો અહીં રહેવા અને ખાવાપીવાની જોઇએ

તેટલી સહુલતો પણ ન હતી. સૂર્ય લગભગ ન દેખાવા બરાબર. કાયમ જ અંધારા જેવું લાગે. ટેક્સ્ટાઇલ મિલોની ચીમનીઓમાંથી ૨૪ કલાક ધુમાડા નીકળતા જેનાથી વાતાવરણ ધૂંધળું થઇ જતું. ગાઢ ધુમ્મસ પણ છવાઇ જતું. આ બધામાં ધીરે ધીરે ધીરજ અને ખંતપૂર્વક મહેનત કરીને સૅટ થઇ ગયા.

Openshawમાં ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં કામ કર્યું. Victoria Mill માં knitting Circularનું કામ કર્યું. એ સિવાય Tootal, Sunnyside Textile મિલોમાં પણ કામ કર્યું. ૧૯૮૯માં મારો પોતાનો ધંધો શરૂ કર્યો. અલિફ ન્યૂઝ અને લૉકી ન્યૂઝની દુકાનો ખોલી ધંધામાં સારી સફળતા મેળવી.


ઘણાં વર્ષોથી અહીંયાં સ્થાયી છીએ પણ ઘરમાં હજી પણ ઇસ્લામિક પદ્ધતિ અને રહેણી કરણી જાળવી રાખી છે. ૧૯૬૭માં આપણો સમાજ નાનો હતો પણ એક તાંતણે બંધાયેલો અને ખૂબજ પાવરફુલ (શક્તિશાળી) હતો. આજે આપણી સંખ્યા વધી છે પરંતુ સમાજ વેરવિખેર થઇ ગયો છે. ઘણી બધી સામાજિક , ધાર્મિક અને ખાસ કરીને યુવાનોને લગતી સમસ્યાઓ ઊભી થઇ છે, પણ એનું કંઇ સમાધાન થાય કે કોઇ હલ નીકળે એવું અત્યારે તો દેખાતું નથી.

ત્યારે તો આજની જેમ મસ્જિદો ન હતી. લોકો ભેગા મળી મકાનોમાં નમાઝ પઢતા અને ઇદનો તહેવાર પણ એ રીતે ઉજવતા. ત્યારે રમઝાન ચાલે છે એવું ખરેખર લાગતું અને ઇદ આવે ત્યારે ઇદની રોનક પણ જોવા મળતી.

શનિ રવિ થોડુંક મનોરંજન કરી લેતા. રૉયલ સિનેમા અને કવીન્સ સિનેમામાં પિકચરો જોવા જતા. ગાઇડ, જબ જબ ફૂલ ખીલે જેવી ફિલ્મો. સાથે સાથે બબ્બે શૉમાં જતા. ત્યારે તો એશિયન લોકોની વસતી એટલી ઓછી હતી કે મારો એક ઓળખીતો અંગ્રેજ જેનું નામ જ્હોન રૉસ હતું તે હિન્દી પિકચરની ટિકિટ ખરીદી, ફિલ્મ જોવા નહીં પણ એશિયન લોકોને જોવા માટે આવતો!

મારા ગામ મનુબરની સીધી સાદી જિંદગી યાદ આવે છે. ગામડાનું ખુશનુમા વાતાવરણ, ખુદ્દાર અને વિવેકી લોકો. ગામમાં અમે કૂવો ખોદીને આખી એક વાડી ઊભી કરી હતી, જેમાં ચીકુ, પપૈયાં, કૅર વગેરે ઉગાડયાં હતાં. એ કૂવો, કૂવાનું મીઠું પાણી અને એ વાડીના ચીકુ પપૈયાં હજી યાદ આવે છે.

દેશી ઈલાજો વિષે પૂછો છો તો જણાવું કે આંગળી કપાઈ જાય તો એક ખાસ દેશી લેપ લગાડતાં. હાથ પગ ભાંગે તો પારસી વૈદ પાસે જતાં. ખાંસી, ઉધરસ, શરદી, સરેખમ થાય તો આદુ અને લીંબુનું થોડુંક મિશ્રણ પી લેતા. ઉનાળામાં કેરી અને લીંબુનું શરબત પીતા. ઠંડક માટે છાશ પણ પીતા. ભારત નિયમિત જાઉં છું. બંને દેશો સારા છે. બંને દેશોએ આપણને કંઈ ને કંઈ આપ્યું છે. આભાર!



Ibrahim Patel with his Family



Ibrahim Patel with his Cricket Team




Ibrahim Patel with his Family

Name: **Inayat Abdullah Vali known as Inayat Gani**

નામ: ઇનાયતભાઇ અબ્દુલ્લાહ ઉર્ફે ઇનાયત ગની
જન્મ સ્થળ: મનુબર, તાલુકા જિલ્લા ભરૂચ, ગુજરાત
જન્મ તારીખ: ૧૯૫૮
પિતા: જનાબ અબ્દુલ્લાહ ઇસા વલી ઉર્ફે ગનીભાઇ
માતા: હજીયાણી જુબેદાબેન અબ્દુલ્લાહ ઇસા ગની

નામ ઇનાયત અબ્દુલ્લાહ વલી પણ સામાન્ય રીતે મને લોકો ઇનાયત ગનીના નામથી ઓળખે છે. જન્મ મનુબર ગામમાં થયેલો. ૧૯૭૨માં જ્યારે મારી ઉંમર માત્ર ૧૪ વર્ષની હતી ત્યારે ઇંગ્લૅન્ડ આવેલો.

ઈંગ્લૅન્ડની સફર મુંબઇ ઍરપોર્ટ પરથી કુવેટ ઍરલાઇનમાં કરેલી. કુવેટ હવાઇજહાજ રોકાયેલું પણ અમને નીચે ઉતરવાની પરવાનગી આપેલી નહીં. ત્યારે ઍર ટિકિટ એકંદરે સસ્તી હતી. અમારા મામાશ્રી હાજી દાઉદભાઇ ઇસ્માઇલ ભૂરાભાઇએ મારી મા અને ભાઇ બહેનોની ટિકિટનો બંદોબસ્ત કરેલો. મનુબરથી મુંબઇ ટ્રેઇનની અને મુંબઇથી લંડન ઍરની મુસાફરીનો આ સૌથી પહેલો અનુભવ હોવાથી ખૂબ જ ઉત્સાહ હતો. મનમાં ઉમંગ હતો. જિજ્ઞાસા હતી. ઈંગ્લૅન્ડ આવવાની ખુશીમાં પહેરવા માટે સૂટ સીવડાવેલો. અમારું ઍર કુવેટથી ઊડીને રસ્તામાં ગ્રીસના એથેન્સ ઍરપોર્ટ પર થોભેલું. એથેન્સની ઠંડી અને ખુશનુમા વાતાવરણ હજી યાદોમાં છે.

લંડન હિથરો ઍરપોર્ટ પર ઉતરતાં જ ‘વેલકમ ટુ લંડન’નું બોર્ડ વાંચી કોઇ આપણને આવકારે છે એ વિચારે મનમાં આનંદ થયો. લંડન હિથરો ઍરપોર્ટ પર બધું જ નવું નવું લાગે. બધું જ સુંદર, સુઘડ અને વ્યવસ્થિત. લોકો પણ એટલા જ શિસ્તવાળા અને શાંત. બોલાતી ભાષા, લોકોનો પહેરવેશ, રીતભાત બધું જ જુદું લાગે. પહેલી નજરે ગમી જાય એવું ખરું.

ઍરપોર્ટની બહાર નીકળતાં જ મરહુમ મોહસીન અલી કહાનવાલા મળ્યા. તેમની કાર ખાલી હતી એટલે અમારા બધાંનો સામાન મોહસીનભાઇ સાથે રવાના કર્યો. અમે લંડન એક અઠવાડિયું રોકાયાં હતાં. એવું નક્કી કરેલું કે લંડન રહેતાં તમામ સગાં વહાલાંઓને મળીને પછી બ્લૅકબર્ન જઇશું. અમારા માસાજી હાજી ઐયુબભાઇ

કરીમ ટંકારીઆવાલાને ત્યાં એક અઠવાડિયું મહેમાન બનીને રોકાયા. કુટુંબીજનોને મળ્યા. પછી મહાનગરી લંડનને જોઇને બ્લૅકબર્ન આવ્યા.

શરૂઆતનું શિક્ષણ મનુબર કુમારશાળામાં અને મનુબર હાઇ સ્કૂલમાં લીધેલું. રાજપીપળા ગવર્નમેન્ટ બોર્ડીન્ગ શાળામાં સ્કૉલરશીપ મળેલી. ઈંગ્લૅન્ડ આવીને બિલિન્જ હાઇ સ્કૂલમાં અભ્યાસ કર્યો. સૌથી પહેલાં મારા મિત્રો બન્યા મુસાભાઇ ખોનાત અને આરીફ વાઘત. ટુલ મેકીંગની ટ્રેનિંગ માટે ગવર્નમેન્ટ ટ્રેનિંગ સેન્ટરમાં અભ્યાસ કર્યો. અંગ્રેજી ભાષાની મુશ્કેલી શરૂઆતમાં છ સાત મહિના પડેલી. પછી તો ભાષા પર કાબૂ મેળવી લીધેલો.

અમારા કુટુંબમાંથી અમારા બે મામાઓએ પરદેશ ખેડેલો.

ભારત પાકિસ્તાન ભાગલા વિષે આમ તો કંઇ ખાસ યાદ નથી, પણ અમારા વાલીદ સાહેબ મોહંમદ અલી જિન્નાહની વાતો કરતાં કરતાં કહેતા કે ભારત-પાકિસ્તાનના ભાગલા થશે. ઇતિહાસ વાંચતાં એ જાણવા મળેલું કે ભારતીય ઉપખંડની આ એક કરૂણાજનક ઘટના હતી જેમાં લાખો નિર્દોષ લોકોએ જાન માલનું નુકસાન ઉઠાવ્યું.

મારી શાદી ફાતેમા વલી ઇસ્માઇલ રોકડ વહાલુવાલા સાથે ૧૯૮૦માં થઇ. છોકરા છોકરીઓમાં મિસ્બાહ, ઐયાઝ, અશરફ અને મોહંમદ છે. નવાસીમાં રુમેશાં છે. શરૂઆતના દિવસોમાં ૨૫ આલ્ટમ સ્ટ્રીટમાં રહેતા. ત્યાર બાદ ચારેક મકાનો બદલી ૧૯૯૮થી Shear Browમાં રહું છું.

અભ્યાસ પૂરો થતાં નોકરી પર લાગી ગયો. ચાર મહિના Aston le Mill, બ્લૅકબર્નમાં કામ કર્યું. ૧૯૭૪માં હાથમાં ઇજા થતાં થોડોક સમય કામ છોડવું પડયું. Rim Play Limitedમાં કવૉલિટી ઇન્સ્પેક્ટર તરીકે કામ કર્યું. ૧૯૮૮માં અમે ફેમિલી બિઝનેસ શરૂ કરેલો. પોતાની ન્યૂઝ એજન્ટ શૉપ ન્યુ હોલ લેન, પ્રેસ્ટન ખાતે શરૂ કરી. ૧૯૯૨ થી ૧૯૯૬ દરમિયાન મરહુમ યુનુસ સુલેમાન આદમ સાથે ભાગીદારીમાં ચાર પેટ્રોલ પંપ ખરીદયા. ત્યાર બાદ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પેટ્રોલ પંપ વેચીને ત્રણ પોષ્ટ ઓફિસો ખરીદી. હું Barnoldswick અને Nelson મેઇન પોષ્ટ ઓફિસો ચલાવું છું. મારો મોટો દીકરો ઐયાઝ Helmshore પોષ્ટ ઓફિસનું ધ્યાન રાખે છે.

બિઝનેસ ડેવલપમેન્ટ સાથે સામાજિક અને રાજકીય સેવાઓ પણ ચાલુ હતી. લોકસેવા અને રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની પ્રેરણા મને મરહુમ હાજી ઈસ્માઈલ સોલા તથા મરહુમ હાજી વલીમામા વાઘત તરફથી મળેલ. ૧૯૭૬માં વાઘતમામા અને સોલીમામાએ મને લેબર પાર્ટીનો મેમ્બર બનાવ્યો. ૧૯૭૬ થી લગભગ ૨૦૦૦ સુધી લેબર પાર્ટીમાં સક્રિય રહ્યો. ભૂતપૂર્વ કાઉન્સિલરો ફ્રેન્ક હાવામ, લેન પ્રૂસ અને ફ્લીફ વેસ્ટ સાથે કામ કરી બ્રૂક હાઉસ વિસ્તારને વિકસાવવામાં ફાળો આપ્યો. હાઉસીંગ ઈમ્પ્રૂવમેન્ટ, ઈનવાયરનમેન્ટ ઈમ્પ્રૂવમેન્ટ તથા રોજગારી વધારા જેવા મુદ્દાઓ પર કામ કર્યું. ૧૯૯૨માં સમાજના બે જૂથો વચ્ચે અથડામણ થઈ અને સમાજમાં અંધાધૂધી ફેલાયેલી. આવા સંજોગોમાં આપણા પાંચ છોકરાઓની પોલીસ ધરપકડ થયેલી એમાં મેં, ઈબ્રાહીમ માસ્તર, સિરાજ કારભારી, અબ્દુલ કોઠીવાલા, મેહમુદ નાથાએ મળી લડત આપીને એ છોકરાઓને છોડાવ્યા હતા. ૨૦૦૧માં લેબર પક્ષની ઈરાક પર હુમલો કરવાની પૉલિસીની વિરૂદ્ધ પક્ષમાંથી રાજીનામુ આપી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં જોડાઈને એક સક્રિય કાર્યકર્તા તરીકે લોકલ ઈલેકશનમાં લેબરને ટક્કર આપી ઘણાં લિબ ડેમ કાઉન્સિલરોને ચૂંટી લાવ્યા. પરિણામે લેબર પાર્ટીએ કાઉન્સિલ પરનું પોતાનું ૨૫-૩૦ વર્ષનું જે એકધારું વર્ચસ્વ હતું તે ગુમાવ્યું અને ટોરી-લિબડેમે ભેગા મળી કાઉન્સિલનો વહીવટ હાથમાં લીધો. આ પાર્ટીમાં રહી મેં લિબ-ડેમના નામાંકિત ભૂતપૂર્વ કાઉન્સિલરો આરીફ વાઘત, મુન્તઝિર પટેલ, સલીમ લોરગાટ, લિબ-ડેમના આગેવાન કરીમા અને ડેવીડ ફોસ્ટર અને MEP ક્રિસ ડેવીસન સાથે કામ કર્યું છે. આ રીતે મુસ્લિમ સમાજમાં સુધારણા અને રાજકીય જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા. ઈરાક યુદ્ધ વિરૂદ્ધ યોજાયેલી ઐતિહાસિક રેલી જેમાં દસ લાખ કરતાં વધારે લોકોએ ભાગ લીધો હતો તે "નોટ ઈન માય નેમ" ઈરાક યુદ્ધ વિરૂદ્ધ કૂચમાં લંડન પાંચ કૉચ લઈ જઈને ભાગ લીધો હતો.

૧૯૮૦ની આસપાસ મરહુમ મોહસીનભાઈની સાથે રહી જ્યાં શરૂઆતમાં નમાઝ પઢતા તે અત્યારની તૌહિદુલ ઈસ્લામ મસ્જિદની ખિદમત કરવાનો મને મોકો મળ્યો. Eldon Road મસ્જિદની સ્થાપના અને પ્લાનિંગ પર્મિશનમાં સહાયરૂપ બની અત્યારે એ મસ્જિદ મદ્રસા કમિટીનો સભ્ય છું. બીજી અનેક સંસ્થાઓ સાથે પણ જોડાયેલો છું. નેશનલ ફેડરેશન ઑફ સબ પોષ્ટ માસ્તર, નોર્થ વેસ્ટ પોષ્ટ માસ્તર જેવી નેશનલ અને સ્થાનિક સંસ્થાઓમાં હોદ્દો ધરાવું છું. લેન્કેશાયર ફ્રેન્ડ્સ ઑફ ઈન્ડિયા, મેડિ એઈડ ફાઉન્ડેશન અને ઈલ્મ ઈન્ટરનેશનલ ચૅરિટી સાથે જોડાયેલો છું.

૧૯૭૨માં આવ્યો ત્યારથી આજ સુધીમાં અહીંના જીવનમાં ઘણાં ફેરફારો થયા છે. આપણે અહીં કમાવા માટે આવેલા, કમાયા પણ ઘણું પરંતુ સાથે સાથે આપણે ઘણું ગુમાવ્યું પણ છે. એક જમાનામાં આપણી curry અંગ્રેજોને ગમતી ન હતી. આજે આપણાં કરતાં એશિયન ફુડ તેઓ વધારે ખાતા થયા છે. સમાજમાં isolation વધ્યું છે. નવી જનરેશનનાં મૂલ્યો, વહેવાર, રહેણી કરણી બધું બદલાયું છે.
મારા મિત્રમંડળમાં આદમ વીકા, હનીફ ગુરજી, સઈદ ગોટલી, ઈબ્રાહીમ માસ્તર, બક્કરભાઇ હલદરવી, મુસા ખોનાત, હનીફ બંગલાવાલા વગેરે હતા. અમુક દોસ્તોને ક્રિકેટ રમવાનો, જોવાનો, ખાવાપીવાનો શોખ હતો. ત્યારે ચાચાની ટેક અવે મૉસ સ્ટ્રીટમાં હતી ત્યાં અને Wilmslow Road, માન્ચેસ્ટર ખાતે ચીકન ટીકા, ચીપ્સ, બિર્યાની તથા Whalley Street-Earl Streetના ખૂણા પર ગુજરાતી દુકાનમાં જલેબી, સમોસા, ભજિયાં અને ગાંઠિયા ખાવા જતા.

અમુક દોસ્તોને ફિલ્મો જોવાનો શોખ હતો. ત્યારે એલેકઝાન્ડ્રા બિન્ગોમાં સિનેમા પણ ચાલતી. તે સિવાય એમ્પાયર સિનેમા અને યાકુબભાઇ બાપુજી ટંકારીઆવાલાની સૅવોય સિનેમા, બ્રેડફોર્ડમાં નાઝ સિનેમા તો બોલ્ટનમાં ક્વીન સિનેમા હતી. જિતેન્દ્ર તથા મનોજકુમારની ફિલ્મો સારી લાગતી.

બચપણની યાદોમાં તો ત્યાંનું ચોમાસુ, તળાવનું છલકાવું, દેડકાંનો અવાજ, લીલાંછમ ખેતરો, ઝનોરની મચ્છી, શાળાનું જીવન અને મારા શિક્ષક હાજી ઈસ્માઈલ સાહેબ નબીપુરવાલા તથા મનુબર ગામના મારા બચપણના દોસ્તો હાજી મુબારક અંગા અને મુસા હાજી ઈસ્માઈલ ગલવા અને એમની સાથે વીતાવેલ બાળપણ હજી યાદ આવે છે.

ઘરગથ્થુ ઈલાજોની વાત પૂછો છો તો જો કદી વીંછી કરડી ખાય તો ગામની દરગાહ પર લઈ જઈ દાદીમા ત્યાંના મુઝાવર પાસે ઝેર ઉતરાવતાં. કમળો થાય તો લીમડાથી ઝારતાં તથા ચણા શેરડી ખવડાવતાં. બજારમાંથી તડબૂચ લઈને આવતો હતો ત્યારે ગામાટ બકરાએ ભેટી મારી ફેંકી દીધો હતો, મને સારવાર માટે ભરૂચ લઈ ગયાં અને બકરાને મારા પિતાશ્રી કસાઈવાડામાં મૂકી આવેલા.

યાદોં કે સહારે જીતે હૈં...આભાર ઈમ્તિયાઝભાઇ, આભાર!



Inayat Gani with his friends - Wedding Day - 1980



Inayat Gani with his friends - Wedding Day - 1980



Inayat and Fatima Gani - 1980



Inayat Gani at Book Launch and
Mayor's Charity Donation Ceremony - May 2012

Name: **Muhammad Ahmad Musa Munshi known as Munshi Manubarwala**

નામ: હાજી મોહમ્મદ અહમદ મુસા મુન્શી
જન્મ સ્થળ: મનુબર, તાલુકા જિલ્લા ભરૂચ, ગુજરાત
જન્મ તારીખ: મે,૧૯૩૧
પિતા: હાજી અહમદ મુસા મુન્શી
માતા: હજીયાણી અમીનાબેન અહમદ મુસા મુન્શી

મારું નામ મોહમ્મદ અહમદ મુસા મુન્શી છે, પરંતુ લોકો મને મુન્શી મનુબરવાલા તરીકે ઓળખે છે. જન્મ અને બચપણ મનુબર ગામમાં.

પ્રાથમિક શિક્ષણ મનુબર કુમારશાળા અને માધ્યમિક શિક્ષણ હરિપુરા સાર્વજનિક હાઇ સ્કૂલ, સુરતમાં લીધું. સુરત ભણવા જવાનું કારણ મારાં બહેન હુરીબેન ત્યાં રહેતાં હતાં એ હતું. ૧૯૪૯માં એસ.એસ.સી. અને પછી વિકટોરિયા જ્યુબિલિ ટેકનિકલ ઇન્સ્ટિટયૂટ, મુંબઇથી ૧૯૫૩માં ચાર વર્ષનો અભ્યાસ કરી ડિપ્લોમા ઇન ટેક્સ્ટાઇલની ડિગ્રી મેળવી. એક વર્ષ ટાટા ટેક્સ્ટાઇલ, નાગપુરમાં અનુભવ મેળવવા નોકરી કરી.

૧૯૫૪માં હું આફ્રિકા જવા રવાના થયો. તે જમાનામાં સ્ટીમરમાં બેલ્જિયમ-કોંગો થઇ ૧૦ દિવસની સાહસભરી મુસાફરીને અંતે આફ્રિકા પહોંચ્યો. સ્ટીમરનું નામ હતું એસ.એસ. કરાન્જી. બોમ્બે ડૉકથી ઉપડી જૂન મહિનાના તોફાની દરિયાને પાર કરતી ૧૦ દિવસ પછી સ્ટીમર મોમ્બાસા પહોંચી. મારા હમસફર મોટાભાગના ભારતીયો હતા જેઓ આફ્રિકાના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝનિઆ એમ અલગ અલગ દેશોમાં જઇ રહ્યા હતા. આ યાદગાર અને સાહસિક દરિયાઇ સફરનો એક પ્રસંગ યાદ આવે છે. મારી સાથે એક ડોસીમા હતાં જે આ સફરમાં એકલાં હતાં અને ખૂબજ ગભરાઇ ગયેલાં. મેં સફર દરમિયાન તેમને હિંમત અને આશ્વાસન આપ્યું. દારેસલામમાં તેમના પતિ કામ કરતા હતા જે તેમને લેવા માટે આવ્યા હતા. મારી મુલાકાત થઇ. નામ તો હવે યાદ નથી પણ ગરાસિયાવોરા હતા. તેમણે મારો આભાર માની દારેસલામ તેમના ઘરે પધારવા આમંત્રણ આપ્યું. તમે માનશો કે ઘણાં વર્ષો પછી મારે કામસર દારે સલામ જવાનું થયું અને તેમની મુલાકાત પણ થઇ!

આફ્રિકા જવાનું મુખ્ય કારણ મારા મોટાભાઇ દાઉદભાઇ મુન્શી ત્યાં સ્થાયી થયેલા હતા તે હતું. તેમણે જનરલ ટ્રેડિંગમાં ત્યાં સારું જમાવ્યું હતું. મારા બીજા ભાઇ અબ્દુલ રહીમ મુન્શી જેમનો ૨૦૦૫માં ઈન્તેકાલ થયો તેઓ પણ આફ્રિકામાં હતા. થોડોક સમય તેમની સાથે રહયો, પછી નક્કી થયું કે મારે દાઉદભાઇ પાસે કોન્ગો જવું. લોકલ સ્ટીમર અને ટ્રેઈનની મુસાફરી કરવાનો મોકો કંઇ અનેરી જ યાદો આપતો ગયો. આ મુસાફરીમાં ઝાંઝીબાર, દારેસલામ, મોરોગોરો, ટબોરા થઈને મ્વાન્ઝા જ્યાં બહેન બીબીબેન જેમનો ૨૦૦૫માં ઈન્તેકાલ થયો તે રહેતાં હતાં ત્યાં પહોંચ્યો અને છેલ્લે કિસુમુ ગયો.

જીવનમાં કંઈક મેળવવું એ ધ્યેયને સામે રાખી આ બધી દોડધામ ચાલુ હતી. એવામાં ૧૯૫૭માં મારી શાદી હજીયાણી ખદીજા ઈસ્માઇલ આદમ કહાનવાલા સાથે થઇ. પરિવારમાં મરહુમ મુનીર, રેહાના, મુનવ્વર અને મુશ્તાક છે. ૧૪ પૌત્રા-પૌત્રીઓ અને નવાસા-નવાસીઓ છે. પત્ની ખદીજાની મુલાકાત કિસુમુમાં થઇ હતી. ખદીજાની ફેમિલીમાંથી સ્થળાંતર કરી પાંચ બહેનો ૧૯૭૦માં ઈંગ્લૅન્ડ આવીને વસી હતી.

ઈંગ્લૅન્ડ સાથેનો મારો સમ્પર્ક ૧૯૬૭થી શરૂ થયો. આ વર્ષે હું મરહુમ ઇબ્રાહીમભાઇ નાથલિયા જેમની મુલાકાત આફ્રિકામાં કિન્સાસા જે બેલ્જિયમ કોન્ગોનું કેપીટલ હતું ત્યાં થઇ હતી તેમની સાથે પ્રથમવાર ઈંગ્લૅન્ડ આવ્યો. લંડનથી ટ્રેઈન પકડી અમે બોલ્ટન આવ્યા અને બોલ્ટન તથા બોલ્ટનની આસપાસ વસતાં અમારાં સગાંવહાલાંઓને ત્યાં રોકાયા. આફ્રિકાની બદલાતી પરિસ્થિતિ અને મુશ્કેલીભર્યા દિવસોમાં ઇબ્રાહીમભાઇએ જે મદદ કરેલી અને આશ્વાસન આપેલું તેને હું હજી ભૂલ્યો નથી. તે જમાનામાં આફ્રિકામાં ઇબ્રાહીમભાઇની જબરદસ્ત શાખ હતી. તેમણે મને તેમની સાથે રાખ્યો, આર્થિક મદદ કરી અને મારે કહેવું જોઇએ કે મેં મારા જીવનમાં જે કંઇ પ્રગતિ કરી અને વેપારવણજમાં જે કંઇ સફળતા મેળવી એમાં ઇબ્રાહીમભાઇ નાથલિયાનો ફાળો ઘણો મોટો છે.

૧૯૬૭ની ઈંગ્લૅન્ડની એ પ્રથમ મુલાકાત પછી હું પાછો આફ્રિકા ગયો. ત્યાર પછી તો ઈંગ્લૅન્ડની મુલાકાત લેવાનો વારંવાર મોકો મળતો રહ્યો.

આફ્રિકાના ઇતિહાસમાં જે કંઇ મહત્વની ઘટનાઓ બની તેનો હું સાક્ષી છું. જીવનમાં ઘડીભરમાં કયારે શું થઇ જાય એ કંઇ કહેવાય નહીં અને આપણે દરેક પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેવું પડે તેનો અનુભવ મને ૧૯૭૩માં થયો.

આફ્રિકાનો ઈતિહાસ અને આફ્રિકા ખંડ આમ તો દિલચશ્પ અને આશ્ચર્યચકિત છે. કોંગોમાં બેલ્જિયમ સરકાર હતી. સ્વતંત્રતા ચળવળ શરૂ થઈ. આંતરવિગ્રહ શરૂ થયો. રાજકીય, સામાજિક અને આર્થિક ઉથલપાથલ શરૂ થઈ. ૧૯૬૦માં કોન્ગો સ્વતંત્ર થયું. ૧૯૬૦ થી ૧૯૬૪ સુધી લુમુમ્બાના વખતમાં દેશમાં અંધાધૂધી અને ધમાલો ચાલેલી. ચાર મહિના અમે બંદૂકની નોક પર જીવ્યા. મોત જાણે ૨૪ કલાક આસપાસ મંડળાય એમ લાગે. સેન્ટ્રલ ગવર્નમેન્ટ કિન્સાસામાં હતી. બળવાખોરોને હટાવ્યા જેમણે ઈસ્ટર્ન વિસ્તાર લઈ લીધો હતો. અંગ્રેજ સૈનિકોની સહાયથી બેનિયા કબજે થયું. મને યાદ છે સી-વન ૩૦ પ્લેન દ્વારા અમને રેફ્યુઝી તરીકે કિન્સાસા લવાયા હતા.

આફ્રિકનાઈઝેશનની હવા બરાબર ફૂંકાઈ રહી હતી. ઈસ્ટ આફ્રિકામાં પણ બદલાતા સંજોગોને ધ્યાનમાં રાખી અગમચેતી વાપરીને પત્ની ખદીજાની ફેમિલી તો વાઉચર મેળવી ૧૯૭૦માં જ સ્થળાંતર કરી ઈંગ્લૅન્ડ પહોંચી ગઈ હતી. ખદીજા મારી સાથે જ હતી તે પણ ૧૯૭૪માં બાળકોને લઈને ઈંગ્લૅન્ડ પહોંચી ગઈ. ૧૯૭૫માં મેં પણ આફ્રિકાને ગુડ બાય કહી ઈંગ્લૅન્ડનો રસ્તો લીધો.

૧૯૭૩માં યુગાન્ડમાં ઈદી અમીન સરકારે એશિયનો માટે “દેશ છોડો, નહીં તો જાન માલથી હાથ ધોવા પડશે” નો માહોલ ઊભો કર્યો અને ૯૦ દિવસમાં દેશ છોડી આપવાનો હુકમ કર્યો. આ બધી રાજકીય ઉથલપાથલ અને અરાજકતામાં થોડા વખત પછી પ્રેસિડન્ટ મોબુતુએ કિન્સાસામાં હવા ફેલાવી કે એશિયનો પાસેથી વેપાર ધંધાઓ લઈ લેવામાં આવશે. આ ઘટના ૧૯૭૪માં બની. એવી ચેતવણી મળી કે જો તમારે અહીંયાં રહેવું હોય તો વેપાર ધંધા નહીં પણ તમારે નોકરી કરવી પડશે. આવી બધી અણધારી મુસીબતો અને અંધાધૂધીનો સામનો કરતાં કરતાં આખરે ૧૯૭૫માં હું પણ આફ્રિકા છોડી ઈંગ્લૅન્ડ આવી ગયો અને બોલ્ટન ફેમિલી ભેગો થઈ ગયો.

ઈદી અમીનનો હુકમ છૂટયો ત્યારે અમારા દાઉદભાઈ કમ્પાલા, યુગાન્ડામાં રહેતા હતા. સંજોગોવસાત આ અલ્ટીમેટમ મળી ત્યારે હું યુ.કે.ની મુલાકાત પર હતો. યુ.કે.ની મુલાકાત દરમિયાન અમારા દાઉદભાઈ સામાન્ય રીતે અમારી ભાણેજને ત્યાં રોકાતા જે ચૉરલીમાં રહેતી હતી. દાઉદભાઈને આ ચૉરલી ટાઉન એટલું ગમી ગયેલું કે તેમણે મને મારી વિઝિટ દરમિયાન ચૉરલીમાં એમના માટે એક મકાન ખરીદી લેવાનું જણાવ્યું. આ મકાનમાં તેઓ એક વર્ષ રહ્યા હશે ત્યાં ૧૯૭૬માં તેમનાં પત્ની અલ્લાહની રેહમતમાં પહોંચી ગયાં જેને કારણે અમે પણ ચૉરલી

રહેવા જતા રહેવાનું નક્કી કર્યું. અહીં મરહુમ મહંમદભાઇ માલા તથા ભાણેજ ફાતમાબેન અને અમારા મરહુમ દાઉદભાઇ તો પહેલેથી જ સેટલ થયેલાં હતાં. એમના પગલે બોલ્ટનમાં એક વર્ષ રહીને હું પણ અત્યારે જે મકાનમાં રહીએ છીએ તે મકાન ખરીદી ફેમિલી સાથે ચોરલીમાં આવીને વસી ગયો.

આફ્રિકાથી બોલ્ટનમાં આવી "એન્ગ્લો ફેબ્રિક્સ" નામનો ધંધો શરૂ કર્યો અને બે વર્ષ ચલાવ્યો. ધંધામાં નુકસાન થતાં બંધ કર્યો. આ ધંધામાં મારા પાર્ટનર ગુલામભાઇ કોઠીવાલા હતા. આ દરમિયાન આફ્રિકાથી બૂમ પડી કે પાછા આવો, બધું વ્યવસ્થિત થઇ ગયું છે. મારા સંબંધો ત્યાંના વેપારી વર્ગ સાથે, બેંકો સાથે, રાજકીય વર્તુળોમાં સારા હોવાથી મેં આફ્રિકા આવ-જા શરૂ કરી ટ્રેડિંગ કંપનીઓ સ્થાપી ફરી ધંધાઓને આગળ વધાર્યા. Samco Trading and ETS Muhammad નામની ટ્રેડિંગ કંપનીઓ સ્થાપી માલિકની મહેરબાનીથી વેપાર ક્ષેત્રે ઘણી સફળતા મેળવી. આમ માલિકમાં અતૂટ શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી ભારતથી આફ્રિકા, આફ્રિકાથી ઈંગ્લૅન્ડ ઠરીઠામ થયાં. દરમ્યાનમાં ઘણાં ચઢાવ-ઉતાર જોયા પરંતુ કરતાં જાળ કરોળિયાની જેમ હિંમત હાર્યા વિના સખત પરિશ્રમ કરતાં કરતાં સફળતા મેળવી આટલે પહોંચ્યો છું.

પહેલેથી માલિકની કૃપાથી પૈસા કમાવાની સાથે સાથે માનવ સેવાની ભાવના પણ દિલમાં છે. કુદરતની મહેરબાની થઇ, આફ્રિકામાં સારા દિવસો જોયા. વેપાર ધંધામાં ખૂબ પ્રગતિ થઇ. ૧૯૮૧માં અમારી પાસે ઝકાત વગેરેના લગભગ ૪૫,૦૦૦ ડોલર ભેગા થયેલા. અમારા વાલીદ સાહેબ જેમનો ૧૯૮૯માં ઇન્તેકાલ થયો અને વાલીદા જેમનો ઇન્તેકાલ ૧૯૮૩માં થયો તેઓ બંનેવ તે વખતે અમારી મુલાકાતે આવેલાં હતાં એટલે મેં વાલીદ સાહેબને ઝકાતની એ રકમની વહેંચણી કરી નાંખવા વિનંતી કરી. આ રકમમાંથી દારુલ ઉલૂમ કંથારિયાને ૧૯૮૧માં માતબર દાન કરેલું. ૧૯૮૬માં દાઉદભાઈનો ઇન્તેકાલ થયો. તેમની મોટી રકમ પણ અમારી પાસે પડી હતી. એમના હકના પૈસામાંથી ૧૦% રકમનું દાન કરી મનુબર ગામ ખાતે છોકરીઓનો મદ્રસો તામીર કર્યો. વાલીદ સાહેબ પાસે જે રકમ હતી તે તમામ દીકરીઓને ૨૦ હજાર ડોલર આપી વહેંચી દીધી. ત્યાર બાદ મનુબર ગામના વિકાસ અને પ્રગતિ માટે સાડા ચાર લાખ ડોલરનું માતબર દાન કર્યું. ૧૯૯૦માં એક ભવ્ય મુન્શી મૅમોરિયલ હોલની સ્થાપના કરી અને આપણા સમાજ માટે શાદી વગેરે સામાજિક પ્રસંગો માટે એક સુંદર સુવિધા ઊભી કરી.

અમારા કુટુંબે હંમેશાં આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દાન આપી મદદ કરી છે, જેમકે દારૂલ ઉલૂમ, કંથારિયા, બોમ્બે મુસાફરખાના, ભરૂચ વેલ્ફેર હોસ્પિટલ, રાંદેર હોસ્ટેલ વગેરે. કોમના આરોગ્યના પ્રશ્નોને હલ કરવા અને ઘર આંગણે ઉત્તમ આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના આશયથી જનાબ અલીભાઈ ઉમરજી વલી જેઓ એક પરોપકારી જીવ હતા તેમના સહકારથી જનાબ મહંમદભાઈ ફાંસીવાલા અને અન્ય મહાજનો સાથે મળી ભરૂચ હોસ્પિટલ પ્રૉજેક્ટ ઉપર કામ કર્યું. ત્યાર બાદ ઉત્તમ આરોગ્ય સુવિધાઓની સાથે સાથે ઉત્તમ શિક્ષણ પણ આપણા સમાજને જરૂરી છે એવી પ્રેરણા આપનાર મરહુમ બશીરભાઈ ચોકીવાલા, મરહુમ યાકુબભાઈ દૂધવાલા, ડૉ આદમભાઈ ઘોડીવાલા, ડૉ દાઉદભાઈ ઘાંચી અને અન્ય આગેવાનોનાં સલાહ-સૂચનથી કોમમાં શિક્ષણની જાગૃત્તિ લાવવા ૧૯૯૩માં અમે મુન્શી મનુબરવાલા કુટુંબીજનો તરફથી મુન્શી મૅમોરિયલ ચૅરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી જેની છત્રછાયામાં એક ઉચ્ચતમ શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી એમાં પ્રાઈમરીથી લઈને હાયર સેકન્ડરી અને અંગ્રેજી શીખવાની સાથે સાથે ઘણા બધા શિક્ષણ વર્ગો શરૂ કર્યા. આજે ૪૨ વિદ્યાર્થીઓથી શરૂ થયેલ આ શૈક્ષણિક સંસ્થામાં ૬,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ઉમદા અને આધુનિક શૈક્ષણિક સહુલતોનો લાભ લે છે.

મુન્શી વિદ્યાધામના પાયા નાંખવામાં દિલાવર વલી દશાનવાલાએ પાંચ એકર જમીનનું માતબર દાન કરી ભરૂચની જમીનમાં શિક્ષણનું બીજ રોપ્યું. તદ્ઉપરાંત અમારા મરહુમ દાઉદભાઈના એક લાખ ડોલર, જનાબ ઐયુબભાઈ માટલીવાલા તરફથી ૨૦,૦૦૦ ડોલર, જનાબ ઐયુબભાઈ અકુજી દયાદરાવાલા તરફથી ૩૦,૦૦૦ ડોલર, અને અન્ય સખી દાતાઓના નાનામોટા દાનથી આ સંસ્થાના પાયા મજબૂત બન્યા છે. હેતુ એમાં શિક્ષણ લઈ આપણા સમાજનાં દીકરા-દીકરીઓ આત્મનિર્ભર બની શકે એ છે. આ બધામાં હાફેઝ ઈબ્રાહીમ બાદીનનો ફાળો પણ નોંધનીય છે.

૨૦૦૫માં લેસ્ટરની ભોદુ ફેમિલી જે મૂળ ઈખર ગામના છે તે અમારા સમ્પર્કમાં આવ્યા અને તેમણે છોકરીઓ માટેનું એક અલગ સંકુલ ઊભું કરવાની દરખાસ્ત રજૂ કરી. એ રીતે 'વલી ચૅરિટેબલ ટ્રસ્ટ' રચાયું અને આ ટ્રસ્ટ તરફથી છોકરીઓના શિક્ષણનું એક યુનિટ ઊભું થયું જેનો તમામ આર્થિક બોજ તેઓ આજપર્યંત ઉપાડે છે. આ સંકુલમાં હાઈ સ્કૂલથી લઈને હાયર સેકન્ડરી, બી.એ., બી.કોમ અને એમ.બી.એ. સુધીના અભ્યાસની સુવિધા છે જેનો આશરે ૧,૫૦૦ જેટલી છોકરીઓ અત્યારે લાભ લઈ રહી છે. સમાજસેવાના આ શુભ કાર્યમાં ઘણાં બધા સખી દાતાઓ

આગળ આવ્યા જેમાંના બોમ્બે મુસાફરખાનાની સ્થાપના કરનાર હાજી અલી ઉમરજી વલી પણ યાદ આવે છે.

મુન્શી ટ્રસ્ટ તરફથી ભરૂચ ખાતે મહંમદપુરા વિસ્તારમાં વીજળીનો થાંભલો, નાવડીનું મોડેલ, તોપનું મોડેલ, ગાડાનું મોડેલ, કાવી ખાતે મુન્શી કોલોનીનું નિર્માણ, રોટરી કલબ ભરૂચ સાથે મળી પાણીની પરબોની સુવિધાઓ, અમીના મુન્શી સિવણવર્ગો, માનવ સર્જિત અને કુદરતી આફતોનો ભોગ બનેલાઓને આર્થિક અને આરોગ્ય સંબંધી સહાય, વૃક્ષારોપણ યોજનાઓ વગેરે પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક લાભો પહોંચાડવાનું કામ થઈ રહ્યું છે. જો માલિકની મહેરબાની હોય તો દરેક વ્યક્તિએ પોતાના ગજા પ્રમાણે પોતાના કુટુંબ માટે, સમાજ માટે, ગામ માટે, તાલુકા અને જિલ્લા માટે, રાજ્ય માટે અને દેશ માટે લોકસેવાના કંઈક ઉપયોગી કામો કરવાં જોઈએ.

ભાષાઓમાં તો ગુજરાતી, અંગ્રેજી, સ્વાહિલી, લિન્ગાલા અને ફ્રેન્ચ જાણું છું. વળી હિન્દી, ઉર્દૂ અને સંસ્કૃતનું પણ જ્ઞાન ખરું. વર્ષો પછી પણ ઘરમાં ભારતીય, આફ્રિકન, ઈસ્લામિક માહોલ છે.


કોન્ગોમાં ઈસ્લામિક દ્દષ્ટિએ પ્રગતિ લિમિટેડ થઈ. લોકો પૈસો કમાવા અને વેપાર ધંધો કરવા માટે ગયેલા. ઈંગ્લૅન્ડમાં ઈસ્લામનો પ્રચાર પ્રસાર વધારે થયો. તે સમયે લોકોમાં મહોબબત, એકતા, એક બીજાને મદદરૂણપ થવાની ભાવના હતી. જેમ જેમ લોકો પાસે પૈસો થતો ગયો તેમ તેમ લાઈફ સ્ટાઈલ બદલાતી ગઈ. *જૂની પેઢી ઘરથી મસ્જિદ, મસ્જિદથી ઘર. નવી પેઢીનો અભિગમ, વિચારો, દ્દષ્ટિકોણ અલગ છે. સમાજ કમજોર થતો જાય છે, મરી રહ્યો છે.*

મનુબર યાદ આવે છે. કેમ નહીં? બચપણ, ગામડાનું જીવન, મારા વાલીદ એ બધું જ યાદ આવે છે. દેશી ઈલાજો વિષે પૂછો છો તો ઘર ગામમાં કોઈ માદું પડે તો ઘરવૈદુ અજમાવતાં. હાલમાં Whittle-le-Woods, Preston Road, Chorley માં પરિવાર સાથે નિવૃત્ત જીવન વીતાવું છું. પણ આદત મુજબ આજે પણ સામાજિક જીવન તો સક્રિય જ છે.

મારી જીવનસફર દરમિયાન ઘણાં સારા સજ્જન અને પ્રતિભાશાળી લોકો સાથે ઊઠવા-બેસવાનો મને મોકો મળ્યો જેમકે એજ્યુકેશન પ્રોજેક્ટના બે મુખ્ય પ્રારંભિક

પ્રણેતા એવા જનાબ બશીરભાઇ ચોકીવાલા અને મરહુમ યાકુબભાઇ દૂધવાલા, ઉપરાંત જનાબ ઇકબાલભાઇ પાદરવાલા, જનાબ ઇનામદાર, જનાબ પાલસ, સંગીત સમ્રાટ નૌશાદ અલી, જનાબ અઝીઝ ટંકારવી, શ્રીમાન અશોક ભટ્ટ, શ્રીમાન બિપીન શાહ, હાજી એહમદજી કહાનવાલા, જનાબ ઇબ્રાહીમ સાલેહ, જનાબ ઇકબાલ કાકૂજી, જનાબ ઇકબાલ પટેલ, હાજી ઐયુબભાઇ દયાદરાવાલા, જનાબ ડેવીડ ઍમરી, જનાબ અદમ ટંકારવી તથા જનાબ સુલેમાન પટેલ અને ડૉ નસીમ મુન્શી.


ડૉ નસીમ મુન્શી મુન્શી પરિવારનું એક માત્ર એવું બાળક છે જેને મુન્શી ફેમિલીની સિદ્ધિ અને સફળતાઓમાં ખરેખર રસ છે અને તેણી હંમેશાં અમારી સાથે રહી છે.



Muhammad Munshi with his friends
Mr Shan and Mr Nayak - Max Studios Bombay - 1953



Muhammad Munshi



Muhammad Munshi

Name: **Moosa Muhammad Ismail known as Moosa Haldarvi**

નામ: મુસાભાઇ મહંમદ ઇસ્માઇલ ઉર્ફે મુસા હલદરવી
જન્મ સ્થળ: સારન, તા. જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૫૩

મારું નામ મુસાભાઇ મહંમદ ઇસ્માઇલ છે, પરંતુ મોટા ભાગના લોકો મને મુસા હલદરવીના નામથી ઓળખે છે. જન્મભૂમિ સારન પણ મારું બચપણ હલદરવામાં વીતેલું અને મારી કર્મભૂમિ પણ હલદરવા.

૧૯૬૯ની સાલમાં જાન્યુઆરી મહિનામાં હલદરવાથી બ્લૅકબર્ન આવ્યો. મુંબઇ ઍરપોર્ટથી Basco Air (બાસકો એર) દ્વારા વિમાનસફર કરેલી. એવી એરલાઇન હાથ ચડી કે બે ત્રણ દિવસે ફરી ફરીને હિથરો ઍરપોર્ટ પર લઇ આવી. મુંબઇથી એડન પહોંચ્યા, ત્યાંથી લક્સમ્બર્ગ અને છેલ્લે હિથરો ઍરપોર્ટ, લંડન. પ્રથમ તો મુંબઇ ઍરપોર્ટ જોઇને નવાઇ લાગેલી. વળી ઍરપોર્ટ પર હતો ત્યારે તે સમયના જાણીતા ફિલ્મ હીરો રાજકપૂરનું ઍરપોર્ટ પર જ શુટીંગ ચાલી રહ્યું હતું જે જોઇને પણ ઘણી નવાઇ લાગેલી.

તે જમાનામાં બ્લૅકબર્નમાં એશિયનોની થોડીક વસતી હતી અને અહીં નોકરી જલ્દી મળી જતી હોવાથી બ્લૅકબર્નમાં જ વસવાટ શરૂ કર્યો. ભારતમાં અંગ્રેજોનું રાજ અને પછી ૧૯૪૭માં આઝાદી મળતાં ભારતના ભાગલા થયા તે ઘટના જોઇ તો નથી પણ વડીલો પાસેથી અને શાળામાં શિક્ષકો પાસેથી ઇતિહાસના વિષયમાં ભારત-પાકિસ્તાન ભાગલાની ઘણી વાતો સાંભળેલી. આજે તે અંગ્રેજોનો દેશ જોવાનો મળ્યો.

૧૯૭૧માં જુબેદા ઇસ્માઇલ મુસા સાથે શાદી કરી. Oswald Streetવાળા મકાનમાં શાદીની વિધિ થયેલી કેમકે તે વેળા શાદી-વિવાહ માટે હજી હોલ કે બીજી એવી કોઇ વ્યવસ્થા શરૂ થઇ ન હતી. વિડિઓગ્રાફી પણ ન હતી. અમુક લોકો શોખ અને યાદગીરી માટે થોડાઘણાં ફોટાઓ પાડતા-પડાવતા. સાજીદ, શમીમ, આરીફા, રાબીયા, ઝાહીદા મારાં બાળકો છે. પોત્રાંઓમાં આદમ અને આમેના જ્યારે નવાસાઓમાં ઝેના, ઝયનબ, મહંમદ ઝયદ, મદીના અને ખદીજા છે.

૧૯૬૯માં નવા નવા આવ્યા ત્યારે અહીં સખત શિયાળો હતો. પુષ્કળ ઠંડી અને ઢગલેબંધ બરફનો પ્રથમવાર અનુભવ થયો. બરફની સફેદ ચાદર બધે પથરાયેલી જોઇને ખરેખર નવાઇ લાગેલી. રાત અંધારી અને દિવસ પણ અંધારિયો. આવામાં પણ બે પૈસા વધુ કમાવા ન્યૂઝપેપર રાઉન્ડ કર્યા.

પ્રાથમિક શિક્ષણ હલદરવા સ્કૂલમાં અને મેટ્રિક સુધીનું શિક્ષણ પાલેજ હાઇ સ્કૂલમાં લીધેલું. શરૂઆતના દિવસોમાં અંગ્રેજીમાં વાતચીત કરવામાં ખૂબજ તકલીફ જેવું થતું. ઈશારાઓથી કામ ચલાવાતું. ધીમે ધીમે જરૂર પૂરતી અંગ્રેજી શીખી લીધી. બ્લૅકબર્નની Millham Street, Ice Street, Car Street અને Blackburn Street માં વસવાટ કરી હાલ Holy Street માં રહું છું. થોડોક સમય Skelmersdaleમાં પણ રહેલો.

વોટરફોલ ટેક્સ્ટાઇલ મિલમાં કામ કર્યું. અઠવાડિયાનો £5.50 પગાર હતો. બક્કરભાઇ, વલીભાઇ સિતપોણવાલા, ઇસ્માઇલભાઇ બંબુસરી, ઇબ્રાહીમભાઇ બંબુસરી, આદમભાઇ સિતપોણવાલા, મુસાભાઇ નબીપુરી વગેરે સાથીઓ મારી સાથે આ મિલમાં કામ કરતા.

૧૯૬૮માં બાલાકલાવા મસ્જિદની સ્થાપના થઇ ત્યાં નમાઝ પઢતા. ૧૯૮૫ સુધીમાં મસ્જિદ મોટી કરી. આજે ત્યાં મસ્જિદ, મદ્રસો, સ્કૂલ, કોમ્યુનિટી સેન્ટર એ બધીજ સગવડો મોજૂદ છે. હાલમાં હું હનફી સુન્ની મુસ્લિમ સર્કલ, મસ્જિદે રઝા, નુરાની એજ્યુકેશન સેન્ટરનો પ્રમુખ છું.


આ સમયે લોકોમાં ભાઇચારો, મહોબ્બત અને એકતા હતી. ૧૯૭૧માં સ્કીનહેડ લોકો એશિયનોને પજવતા ત્યારે બધાએ સાથે મળી ભેદભાવ મિટાવો હલચલ શરૂ કરેલી. સ્કીનહેડ્સ સિવાય સામાન્ય અંગ્રેજ લોકો ખૂબ જ સારા હતા અને એશિયનોને ઘણી મદદ કરતા.

રજા હોય ત્યારે, ફુરસદના સમયે એલેકઝાન્ડ્રા થિયેટર, બ્લૅકબર્ન અને પેલેડિયમ થિયેટર, એક્રિન્ગ્ટનમાં હિન્દી ફિલ્મો જોવા જતા. શનિ રવિ હિન્દી ફિલ્મો ચાલતી. 'હરિયાલી ઔર રાસ્તા'. 'જિંદગી', 'નયા દૌર'. 'રામ ઓર શ્યામ' જેવી કેટલીક ફિલ્મો યાદ છે. ઉનાળામાં ફેકટરી તરફથી ક્રિકેટ રમતા. યાકુબ સેક્રેટરી, મરહુમ રૂસ્તમ જંઘારવાલા, મરહુમ શબ્બીરભાઇ જંઘારવાલા, મરહુમ મહંમદ આઝાદ


કવ્વાલ, અલીભાઈ પીસાદવાલા, સિરાજ શેરપુરી વગેરે મિત્રો સાથે બ્રેડફોર્ડ Lumb Lane પર આવેલ રેસ્ટોરાંમાં ખાવા જતા. ૧૯૮૬માં જનાબ નુરાની સાહેબ, અનવરભાઈ બગદાદી, મહંમદભાઈ ઝૂલ, દાઉદભાઈ ફોઝદાર, શબ્બીર ડૉકટર સાથે બાય રોડ હજ કરી. ૧૯૯૨માં બોસ્નિયા, આલ્બેનિયામાં માનવસર્જિત આફતો અને ૨૦૧૦માં પાકિસ્તાન તથા ભારત ખાતે કુદરતી આફતોમાં રાહતો પહોંચાડી માનવસેવા કરી. સોમાલિયા, કેન્યા સુધી ગયેલો. હલદરવા ગામને સમૃદ્ધ ગામ બનાવવા ફાળો આપ્યો જેમાં ગામના રસ્તા, પાણીની વ્યવસ્થા, દરગાહ સમારકામ વગેરે કામોમાં સહાય કરી. અહીંની પોલીસ સાથે પણ સલાહકારની સેવા આપું છું.

નાના હતા ત્યારે જો માંદા પડતા તો પ્રાથમિક શાળાના આચાર્યશ્રી મહંમદભાઈ માસ્તર દેશી ઈલાજ કરતા અને કેટલીક કાળી ગોળીઓ આપતા. હાથ પગ ભાંગે તો દેરોલ પાસે મહુધલા ગામમાં દેશી ઈલાજ માટે જતા.

હાલમાં પણ હલદરવા ગામ, ગામનું પાદર, ગામની દરગાહો, બાવા કરણ, બાવા ગુજ્જર, ગામની શાળા, ગામનું વાતાવરણ એ બધું યાદ આવે છે.



Moosa Ismail



Moosa Ismail with his Family

Name: **Muhammad Dalal**

નામ: મહંમદ આદમ દલાલ
જન્મ સ્થળ: મનુબર, તા.જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૩૯
પિતા: આદમ ઈબ્રાહીમ દલાલ
માતા: હજીયાણી આયેશાબેન આદમ દલાલ

મારું નામ મહંમદ આદમ દલાલ છે. હાલમાં હું લેન્કેશાયરના બ્લૅકબર્ન ટાઉનમાં રહું છું. મારો જન્મ ભરૂચ તાલુકાના આદર્શ કહી શકાય એવા મનુબર ગામમાં ૧૯૩૯માં થયો હતો.

પ્રાથમિક શિક્ષણ ૧ થી ૭ ધોરણ સુધીનું મનુબર કુમારશાળામાં મેળવ્યું. ત્યાર બાદ ગુજરાતના ઐતિહાસિક અને પૌરાણિક એવા શહેર ભરૂચ ખાતે પાયોનિયર સ્કૂલમાં S.S.C. સુધીનો અભ્યાસ કર્યો. પછી ભરૂચની જ જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજમાં આર્ટ્સ વિભાગમાં ત્રીજા વર્ષ સુધી પહોંચ્યો હતો ત્યાં જ ૧૯૬૨માં મારે ઈંગ્લૅન્ડ આવવાનું થયું.

મનુબરથી મુંબઈ, મુંબઈથી ઈજિપ્ત ઍર પકડી મારા એક સાથીદાર સાથે હું વાયા કેરો થઈને લંડનના હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. તે સમયે મુંબઈનું શાંતાક્રુઝ ઍરપોર્ટ અને લંડનનું હિથરો ઍરપોર્ટ બંને ખૂબ જ સામાન્ય પ્રકારનાં વિમાનમથકો હતાં. એક બિલ્ડીંગ અને બે-ત્રણ ટેબલ ખુરશીઓ સિવાય ઍરપોર્ટ પર ખાસ કંઈ હતું નહીં. લગભગ ૧,૬૦૦ રૂપિયામાં ઍર ટિકિટ ખરીદેલી.

માર્ચ મહિનો હતો. યુરોપમાં સખત ઠંડી હોવાથી વિમાનમાંથી નીચે જમીન પર બસ બરફ જ બરફ દેખાય. કરમાડ ગામના મારા સાથીદાર આ બરફ જોઈને કુતૂહલપૂર્વક બોલી ઉઠયા કે “આ બાજુ કપાસની ખેતી બહુ સારી હોય એવું લાગે છે.” દેશમાં ખેતરોમાં કપાસ જોઈને આવેલા એટલે કપાસ જ યાદ આવે ને? થોડીવાર અમે બંને હસેલા એ હજી યાદ છે.

લંડનથી મારે પ્રેસ્ટન જવાનું હતું, પણ નવી ભાષા, નવા લોકો એટલે પ્રથમ તો થોડીક મૂંઝવણ ઊભી થઈ. ‘યુ નો, મી નો’ કરતાં કરતાં ખબર પડી કે મારે ઍરપોર્ટ પરથી હ્યુસ્ટન રેલ્વે સ્ટેશને જવું પડશે જ્યાંથી પ્રેસ્ટનની ટ્રેઈન મળશે. હ્યુસ્ટન તો

જેમ તેમ કરીને પહોંચ્યો ત્યાં બીજી મૂંઝવણ ઊભી થઇ. ખિસ્સામાં ટિકિટના પૈસા તો હતા નહીં. હવે શું કરવું? ટિકિટબારી પર જઇને જેમ તેમ કરી મૂંઝવણ રજૂ કરી. ટિકિટબારી પરના ભલા અંગ્રેજે કહ્યું હું તમને ટિકિટ આપી દઉં છું, ચિંતા ન કરો. પ્રેસ્ટન પહોંચી નજીકના સ્ટેશને જઇ ટિકિટના પૈસા જમા કરાવી દેજો. માણસનો આટલો બધો વિશ્વાસ અને આવી માનવતા મને તરત સ્પર્શી ગઇ. રાતની મુસાફરી હતી. થાકને લઇને મોટાભાગની સફર ઊંઘમાં ગઇ. સવાર થતાં હું પ્રેસ્ટન પહોંચ્યો.

પ્રેસ્ટન આવવાનું મુખ્ય કારણ એ હતું કે અમારા ઓળખીતા જનાબ ઉમરજીભાઇ ઉદાત જંઘારવાલા તથા ભાટિયા બ્રધર્સ અહીં મિલ સ્ટ્રીટમાં રહેતા હતા. મજાની વાત પ્રેસ્ટનની પહેલી રાત્રે એ બની કે હું આખી રાત ઓલ ઇન્ડિયા રેડિયોના કાર્યક્રમો સાંભળતો રહ્યો. તે વખતે રેડિયોની પણ ઘણી નવાઇ હતી. સવાર પડતાં ઊંઘ આવી. ઊંઘવાની તૈયારી કરતો હતો ત્યાં તો નાઇટ શિફ્ટવાળા ભાઇઓ કામ પરથી આવી ગયા જેમના માટે મારે બિસ્તરો ખાલી કરવો પડયો. આમ એકાદ દિવસ પ્રેસ્ટન રોકાય બીજા દિવસે હું બ્લૅકબર્ન આવ્યો. દાઉદભાઇ કંથારિયાવાલા જેઓ Lucknow Street માં રહેતા હતા અને પોતાની જાતને લખનવી નવાબ તરીકે ઓળખાવતા હતા તેઓ લેવા આવ્યા. એ સિવાય અહીં બીજા પણ કેટલાક ઓળખીતાઓ રહેતા હતા. તેમના આખા ગૃપમાં હું સૌથી નાનો, એટલે મારા માથે ઘણાં વધારાનાં કામ કરવાનું આવતું, જેમકે ગ્રોસરી ખરીદવા જવું, શોપમાં દૂધ, સિગારેટ વગેરે લેવા જવું.

હવે તમે ભારતના ભાગલા વિષે પૂછો છો તો એટલું યાદ છે કે તે વખતે અમારા ગામમાં માત્ર સરપંચ અભરામ વલી ને ત્યાં એક રેડિયો હતો. અમે રેડિયો સાંભળવા જતા. ભારતની આઝાદીના સમાચાર આ રેડિયો પર સાંભળેલા અને 'જયહિંદ, જયહિંદ'ના નારા સાંભળેલા અને લગાવેલા.

૧૯૬૮માં હું ઇન્ડિયા શાદી કરવા ગયો તો જાણે આખું ગામ મને લેવા માટે ભરૂચ આવેલું. એ બધાંની બસની ટિકિટ મારે કપાવવી પડેલી એવું યાદ છે. એ જ વર્ષે મારી શાદી હફીઝા (આબેદા) મહંમદ અલી મનુબરવાલા સાથે થઇ. પરિવારમાં દીકરી સીમા કૅર હોમમાં સુપરવાઇઝર છે. શીરીન બિઝનૅસ એડવાઇઝર છે. ખાલીદ ઇમ્પોર્ટ-એક્સ્પૉર્ટ બિઝનેસમેન છે. શૌકત આમ તો કવૉલિફાઇડ ફાર્મસિસ્ટ છે પરંતુ યુવાન વયે એક ખૂબ જ સફળ બિઝનેસમેન છે. દેશ-વિદેશમાં એની ઇન્વેસ્ટમેન્ટ કંપનીઓ ચાલે છે. સંતાનોને પ્રથમથી જ ધંધાની સૂઝસમજ અને જરૂરી

તાલીમ પૂરી પાડેલી છે એટલે તેઓ બધાં જ અલ્લાહની મહેરબાનીથી વિવિધ ધંધાઓમાં પોતપોતાની રીતે આગળ વધેલાં છે.

અહીં આવ્યો ત્યારે શરૂમાં હેરીસ કોલેજ ખાતે લિટરેચરમાં A લેવલનો કોર્સ જોઇન્ટ કરેલો. સંજોગોવસાત હું આ કોર્સ પૂરો ન કરી શકયો. પ્રેસ્ટન હતો ત્યારે Linnet Street, ન્યૂ હોલ લેનમાં રહેતો. શાદી પછી ૧૯૭૦માં બ્લૅકબર્ન આવ્યા પછી ત્રણેક સરનામા બદલી અત્યારે ઘણાં સમયથી લંડન રોડ પર રહું છું.

શરૂઆતમાં પ્રેસ્ટન ખાતે Courtaulds માં વાઇન્ડીંગ ઓપરેટર તરીકે કામ કર્યું. વીકલી વેજીસ પાંચ પાઉન્ડ હતું. બ્લૅકબર્ન ખાતે Mullards માં કૅપેસિટર ઓપરેટર તરીકેની કામગીરી બજાવી. અહીં વીકલી વેજીસ પંદર પાઉન્ડ હતું. પ્રેસ્ટીજ પેપર મિલમાં પણ થોડો સમય કામ કર્યું. છેવટે ૧૯૭૯માં "કે.એસ.એસ. ફેશનવૅર" નામનો પોતાનો બિઝનેસ શરૂ કર્યો. આ બિઝનેસમાં મારી બંને દીકરીઓ સીમા અને શીરીને બિઝનેસ એડવાઇઝર તરીકેની ખૂબ જ મહત્વની ભૂમિકા અદા કરી અમારા બિઝનેસને ઘણો આગળ વધાર્યો. સાથે આ બધામાં પત્ની હફીઝા (આબેદા)નો પણ સુંદર સાથ-સહકાર હતો એટલે સોનામાં સુગંધ ભળી એમ કહું તો ચાલે. ૧૯૯૮ સુધી આ બિઝનેસ ચલાવ્યો અને પછી બાળકોને તેમની રીતે સ્વતંત્ર રીતે ધંધામાં સૅટ કરવા મેં નિવૃત્તિ લઇ લીધી. માલિકની મહેરબાની અને બુઝુર્ગોની દુઆઓથી બંને દીકરાઓ ધંધામાં સારી સફળતા મેળવી આગળ વધી રહ્યા છે.

નિવૃત્ત જીવન તો ખરું પણ સાથે સાથે સામાજિક સેવામાં પરોવાયેલો રહું છું. સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપું છું. ઇન્ડિયા ખાતે એક ચૅરિટી ચલાવું છું. ૨૦૦૮માં મારાં મધરનો ઇન્તેકાલ થયો. તેમની યાદમાં લગભગ ૧૦ વીંઘાં જમીનમાં અમારી ચૅરિટેબલ સંસ્થાએ ૧૨૬ મકાનો બાંધી "આસીમા સોસાયટી" ઊભી કરી. આ મકાનોમાં અમે ઓછી આવકવાળા અને જરૂરતમંદ કુટુંબોને વસાવ્યાં છે. ત્યાં જ એક ખૂબ જ આલીશાન મસ્જિદ પણ બંધાવી છે. સુનામીની કુદરતી આપત્તિ વેળા આપત્તિનો ભોગ બનેલા નિ:સહાય લોકોની મદદ માટે અમે ભરૂચના કલેકટરશ્રીને બે લાખ રૂપિયાનું દાન કરેલું. ૨૦૦૩માં ઇન્ડિયન હાઇ કમિશન, લંડને ભારતીય મૂળના ૮૦ સફળ બિઝનેસમેનની એક યાદી તૈયાર કરી તેમાંથી ૨૦ સૌથી વધુ સફળ બિઝનેસમેનની પસંદગી કરી તેમનું બહુમાન કરેલું. મને કહેતાં આનંદ સાથે ગર્વની લાગણી થાય છે કે એ યાદીમાં મારું પણ નામ હતું

અને હું પણ એ બહુમાનનો હકદાર બન્યો હતો. મારી પસંદગી કરવામાં જે એક ખાસ બાબતની તેમણે નોંધ લીધેલી તે એ હતી કે મેં ધંધો કરવા સાથે મારી દીકરીઓને અને ખાસ કરીને બેઉ દીકરાઓને ઉચ્ચ શિક્ષણ અપાવી ધંધાકીય બાબતોનું તેમને જરૂરી જ્ઞાન આપી પ્રેરિત કર્યા હતા. ૧૯૭૫/૭૬ દરમિયાન ટેક્સ્ટાઇલ મિલો બંધ થવાથી આપણા લોકોમાં 'સેલ્ફ એમ્પ્લોયડ'ના વિચારને વેગ આપવામાં મારો ફાળો છે.

એ ઉપરાંત મારા દીકરા શૌકત અને દલાલ ફેમિલી તરફથી જરૂરતમંદ મહિલાઓ અને બાળકોને સુંદર આરોગ્ય સેવા મળી રહે તે આશયથી શ્રીલંકામાં એક 'મેટરનિટિ હોસ્પિટલ' બાંધી છે. આ લોકોપયોગી પ્રોજૅક્ટ અમે ઇન્સાનિયા ફાઉન્ડેશન અને અન્ય એન.જી.ઓ. સાથે મળીને ચલાવી રહ્યા છીએ. તૌહિદુલ ઇસ્લામ ગર્લ્સ સ્કૂલ અને અન્ય મસ્જિદોમાં પણ માતબર દાન આપી શૈક્ષણિક અને મઝહબી પ્રવૃત્તિઓને હું ખૂબ પ્રોત્સાહન આપું છું. સમાજમાં શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય અને આર્થિક જાગૃતિ અને આત્મનિર્ભરતા ખૂબ જરૂરી છે. ૧૯૯૧માં "ઓઝવલ્ડ ક્રિકેટ કલબ"ની સ્થાપના કરી આપણી કોમ્યુનિટીના યુવાનોને રમતગમતમાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા. સનડે લીગમાં અમારી ટીમ રન-અપ-કપ્સ પણ જીતેલી. દીકરા ખાલિદને બિઝનેસની સાથે સાથે ક્રિકેટમાં પણ ઘણો જ રસ છે. યુ.કે. અને બહારની કેટલીક લીગોમાં એ રમે છે અને રોન વાન, વસીમ અકરમ, મહંમદ કેફ અને દુનિયાના જાણીતા ક્રિકેટરો સાથે ક્રિકેટ રમી સારી એવી સફળતા મેળવી છે.

પહેલાંના લોકોમાં આપસમાં સંપ, સહકાર અને મહોબ્બત હોવાથી એક બીજાને દરેક રીતે મદદરૂપ થતા. હવે પ્રથા થોડીક બદલાઇ છે. ટેક્સ્ટાઇલ મિલો બંધ થયા પછી લોકોમાં પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાની અને પૈસા કમાવાની ધગશ વધી છે. પરિણામે સમાજના યુવાન-યુવતીઓમાં શૈક્ષણિક જાગૃતિ આવી અને ડિગ્રીઓ મેળવી કોઇ ડેન્ટિસ્ટ તો કોઇ ફાર્મસિસ્ટ, ડૉકટર, એન્જિનિઅર, વકીલ બન્યા તો છે. પણ સાથે સાથે કોમ્યુનિટીમાં થોડીક ઇર્ષ્યાવૃત્તિ અને unhealthy competiton અર્થાત હાનિકારક હરીફાઇ પણ ઊભી થઇ છે.
૧૯૬૨માં પ્રેસ્ટન ખાતે ઍવનહામ રોડના મકાનમાં નમાઝ પઢતા. પ્રથમ ઇદની નમાઝ ઍવનહામ પાર્કમાં પઢેલી જેનો બંદોબસ્ત કરમાડના જનાબ ઇબ્રાહીમભાઇ ભાઇલોકે કરેલો. Courtaulds મિલમાં યુનિયન થકી નમાઝ માટે એક રૂમનો સર્વ પ્રથમ બંદોબસ્ત થયેલો.

રિટ્ઝ અને એમ્પાયર્સ સિનેમામાં ફિલ્મો જોવા જતા. મિત્રો ભેગા થઇ પાર્ટીઓ કરતા. સને ૧૯૭૨માં જર્મનીથી 'વોઈસ ઑફ જર્મની'ના હિન્દી કાર્યક્રમના પ્રેઝન્ટર મરહુમ શેખાદમ આબુવાલા યુ.કે. આવ્યા ત્યારે મહેક ટંકારવી, કદમ ટંકારવી, સિરાજ પગુથણવી, સૂફી મનુબરી અને પ્રેમી દયાદરવીએ ભેગા મળી શેખાદમની હાજરીમાં 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.'ની સ્થાપના કરી અહીં બ્રિટનમાં ગુજરાતી ભાષા-સાહિત્યની જાળવણી અને વિકાસ માટે પાયો નાંખેલો. 'સાગર' મનુબરી તખલ્લુસ રાખી ગઝલો લખવાનું અને મુશાયરાઓમાં રજૂ કરવાનું શરૂ કર્યું. ત્યાર બાદ ૧૯૭૫માં મહેક ટંકારવી સંપાદિત "સબરસ" નામના સહિયારા ગઝલસંગ્રહમાં સ્થાન મળ્યું અને ૧૯૭૬માં **"તડપ"** નામનો મારો આગવો ગઝલ સંગ્રહ પ્રગટ થયો. સાહિત્યિક પ્રવૃત્તિઓમાં રસ તો કોલેજકાળથી જ હતો પરંતુ જાણીતા વાર્તાકાર ઈશ્વર પેટલીકરના એક પુસ્તક વિમોચન પ્રસંગે ભરૂચ ખાતે તેમની થયેલ મુલાકાત પછી મને લખવા-વાંચવાની વિશેષ પ્રેરણા મળી.

દેશની યાદમાં તો ઘણું બધું યાદ આવે છે. જીવનની સ્વતંત્રતા, ગામડાનું સ્વચ્છ, સુંદર, સાદું જીવન. ખેલકૂદ, ગિલ્લી દંડાની રમત, યુવક મંડળની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. ૧૯૬૭/૬૮ની સાલમાં અમારા ગામની લાયબ્રેરીમાં ૪૫ જેટલાં સમાચારપત્રો અને સામયિકો આવતાં જે નિરાંતે બેસી વાંચવાની મજા યાદ આવે છે. ક્રિકેટ રમત અને ટુર્નામેન્ટ્સ ભરૂચના હોસ્ટેલ ગ્રાઉન્ડ પર રમાતી. સૂફી મનુબરીનું મરઘીઓનું ફાર્મહાઉસ હતું. સૂફી સાહેબે ચીકન કઢી બનાવતાં શીખવેલું.

મારાં મઘર ગામમાં કોઇને પણ ટૉન્સિલ થાય તો ગળું ચોળીને તેનો બાબાદ ઈલાજ કરતાં. શરદી સળેખમમાં મા, નાનીમા અને દાદીમા આદુ-લીંબાનો રસ પાતાં.

શું ખબર ક્યારે મળીશું આપણે?
દેશ 'સાગર' પાર છે, રોકાય જાવ!



Muhammad Dalal at Riverbank - Preston - 1963



Wedding Day - Mr and Mrs Muhammad Dalal - 1968



Oswald Cricket Club - Sunday School League - 1999



Muhammad Dalal's son
Khalid



Muhammad Dalal's son
Shokat

*Connecting Generations through*
*Community History and Heritage*

Name: **Moosa Ebrahim Jangaria**

નામ: મુસાભાઇ ઇબ્રાહીમ ઝંઘારિયા
જન્મ સ્થળ: મુંબઇ, ગ્રાન્ટ રોડ, કામા હોસ્પિટલ
જન્મ તારીખ: ૧૯૩૭
પિતા: ઇબ્રાહીમભાઇ મહંમદ ઝંઘારિયા
માતા: હુરીબેન ઇબ્રાહીમભાઇ ઝંઘારિયા
પત્ની: મરિયમબહેન મુસાભાઇ ઝંઘારિયા

મારો જન્મ ૧૯૩૭માં બોમ્બેમાં, જે અત્યારે મુંબઇ તરીકે ઓળખાય છે, ત્યાં કામા હોસ્પિટલમાં થયેલો. મુંબઇ ખાતે પિતાશ્રીનો બિલ્ડીંગ્સ અને ભેંસોના તબેલાનો વ્યવસ્થિત વેપાર ચાલતો.

૧૯૬૨માં ફ્રી પૉર્ટ હતું એટલે વધારાની કોઇ માથાકૂટ વિના ઍર ટિકિટ અને વર્ક વાઉચર લઇ ઇજિપ્ત ઍરમાં હું ઈંગ્લૅન્ડ આવ્યો. ઇજિપ્ત ઍર કેરો થઇને લંડનના હિથરો ઍરપોર્ટ પર ઉતર્યું. જીવનની પહેલામાં પહેલી હવાઇ સફર ખૂબ જ રોમાંચક અને યાદગાર રહી. મને યાદ છે કે ત્યારે હું ખિસ્સામાં ફક્ત ૩ પાઉન્ડ લઇને આવેલો.

મને લેવા આવનાર ભાઇઓ ઉમર ઉદાત અને કંડકટર મોહંમદભાઇ ઍરપોર્ટ પર પહોંચવામાં મોડા પડયા, તેથી હું ટ્રેનમાં બેસીને પ્રેસ્ટન આવ્યો. ઈંગ્લૅન્ડ વિષેની સામાન્ય માહિતી અને કયારે, કઇ જગ્યાએ શું કરવું અને અહીંની કામકાજ વગેરેની સિસ્ટમ કઇ રીતે ચાલે છે તે મેં મરહુમ અબ્દુલ્લાહ ધનભાઇ પાસેથી મેળવી લીધી હતી. બે વર્ષ પ્રેસ્ટનમાં રહ્યા પછી ૧૯૬૪માં હું બ્લૅકબર્ન આવીને વસ્યો. મુખ્ય કારણ આ ટાઉનમાં આપણા લોકોની જરાક વસતી વધારે અને મકાનો એકંદરે સસ્તા હતાં. તે જમાનામાં હું એક રૂમના એક પાઉન્ડ ભાડું ચૂકવતો.

આ અગાઉ મારી બહેન ઝુલેખાં અને બનેવી વાસ્તા મુસાભાઇ ૧૯૪૭માં સાઉથ આફ્રિકા શિફટ થયેલા.

૧૯૪૭ના ભારતના ભાગલા વખતે જે કોમી હુલ્લડો થયેલાં તે મેં જોયેલાં. ત્યારે અમે મુંબઇની બાલારામ સ્ટ્રીટ, જ્યાં મોટા ભાગે પારસી લોકો રહેતા હતા, ત્યાં રહેતા હતાં. ૧૯૫૫માં મરિયમબેન સાથે શાદી થઇ. નૂરમહંમદ, ઝુબેદા અને

યાસ્મીન મારાં ત્રણ બાળકો છે. મારા નવાસા ફૈઝલને અહીંની રાણી તરફથી MBEનો ખિતાબ મળેલ છે.

શરૂમાં આવ્યા ત્યારે અહીં બધું જ નવું નવું અને જુદું જુદું લાગે. ખૂબ જ શાંત, કોઇ જાતનો કોલાહલ નહીં. પુષ્કળ બરફ જે પહેલી વખત જોયેલો. અજવાળું ઓછું. ગોરા લોકો. તેઓ ત્યારે ખૂબ જ સારા હતા.

મને યાદ છે ૧૯૬૫માં અમે લોકોએ પહેલી વખત તે સમયના ભારતીય હાઇ કમિશ્નર શ્રીમાન આપા પંતને બોલાવી અમારી અમુક મુશ્કેલીઓની તેમને રજૂઆત કરેલી. ત્યારે સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક માહોલ હકારાત્મક હતો અને તમામ લોકોમાં મહોબ્બત અને યુનિટી ખૂબ જ સારી હતી.

અહીં અંગ્રેજી શીખવા અમે બેંગર સ્ટ્રીટમાં જતા. ભારત ખાતે મુંબઇની ગ્રાન્ટ રોડ શાળામાં મેટ્રિક પાસ કરેલી. ઈંગ્લૅન્ડમાં શરૂઆતના દિવસોમાં કરમાડના મરહુમ અબ્દુલ્લાહ ધનભાઇ તથા મરહુમ શરફઅલીએ જરૂરી ઉપયોગી માહિતી આપી રોજ-બ-રોજના જીવનની ગાડી આગળ ધપાવવામાં ઘણી મદદ કરી હતી.

પ્રેસ્ટનની Courtaulds Textile મિલમાં કામ કરતો. ટંકારીઆના જનાબ મસ્તાનભાઇએ એ નોકરી મેળવવામાં મદદ કરેલી. ૧૯૬૫ની આસપાસ ગુજરાતીના ખ્યાતનામ કવિ અને હઝલકાર મરહુમ બેકાર સાહેબની મુલાકાત થયેલી જ્યારે કે તેઓ વહોરા સમાજની પટેલ ડિરેકટરીના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા.

૧૯૬૨માં ફક્ત ૧૭ માણસો બ્લૅકબર્નમાં હતા. મતલબ કે ૧૭ મુસ્લિમ બિરાદરો. તે જમાનામાં બ્લૅકબર્ન કાઉન્સિલે ૧૮ માણસોની દફનવિધિ કોફીન વગર કરી શકાય એટલી જગ્યાની સગવડ કરી આપેલી.

પ્રેસ્ટન ખાતે કોઠીવાલાભાઇનો પહેલો ઇન્તેકાલ અહીં થયેલો જેમને દફનાવવા ત્યારે ૫૦૦ જેટલા લોકો ભેગા થયેલા.

રેસલિંગની મેચો ખૂબ જોતા. વુલીચ અને કોર્ડીંગ્ટન સ્ટ્રીટમાં મિત્રોને ત્યાં ખાવા જતા. ત્યારે ભાઇઓમાં એકતા અને પ્રેમભાવ ખૂબ હતો. હાલમાં સમાજમાં

સમસ્યાઓ ઘણી વધી ગઇ છે. પણ જૂના માણસો હજી પણ જેવા હતા તેવા જ છે. અત્યારે હવે રિટાયર્ડ છું. કોમી ખિદમતનું કામ કરીને સમય વીતાવું છું. વેસ્ટ બ્રૂકહાઉસ કોમ્યુનિટી ઍસોસિયેશનનો ફાઉન્ડર મેમ્બર, વાઇસ ચૅરમેન અને ટ્રસ્ટી છું. બિકનલ મસ્જિદની ખિદમતમાં વર્ષોથી છું. ઇન્ડિયા લીગનો સભ્ય છું.

ભારત ખાતે તો જ્યારે બીમાર પડીએ અથવા કંઇ વાગે તો દેશી ઇલાજ જ કરી લેતા.




Moosa Jangaria with Family - 1965



Moosa Jangaria with Sunil Gavaskar
Bombay Gym Khana - 1985

Name: **Muhammad Musa Sufi known as Sufi Manubari**

નામ: મહંમદ મુસા સૂફી ઉર્ફે સૂફી મનુબરી
જન્મ સ્થળ: મનુબર, તા.જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૩૩
પિતા: મુસા ઇસ્માઇલ સૂફી
માતા: અમીનાબેન મુસા સૂફી

નામ મહંમદ સૂફી પણ સૂફી મનુબરી તરીકે લોકો મને ચોફેરા ઓળખે છે. ૧૯૩૩માં જન્મ થયેલો. અંગ્રેજોના રાજમાં જ તો! મૂળ ગામ મનુબર જે ગુજરાતના ભરૂચ જિલ્લામાં આવેલું એક નાનું પણ સુંદર ગામ છે.

ઈંગ્લૅન્ડ આવવાનું ૧૯૬૩માં થયેલું. વર્ક વાઉચર અમારા જ ગામના મુરબ્બી હાફેઝ ઈબ્રાહીમ બાદીને મોકલેલું. મુંબઈના સહાર ઍરપોર્ટ પરથી ઉડી લંડન હિથરો પર ઉતર્યો. ગામથી લઈને મુંબઈ અને લંડન સુધીની સફર પહેલાં કદી ઍરપોર્ટ જોયેલું નહીં કે વિમાનની સફર પણ કરેલી નહીં એટલે ખૂબ જ રોમાંચક રહી. આંખો ફાડી ફાડીને બધું જોતા રહીએ એવી હાલત! ઍર ઈન્ડિયામાં મુસાફરી કરેલી. તે વેળા ઍર ઈન્ડિયાની સર્વિસ સારી હતી. ટિકિટ ભાડું ફક્ત ૧૮૫૭ રૂપિયા જેટલું જ હતું.

લંડન આવ્યો ત્યારે એક હિન્દુ સજ્જને મને થોડાક દિવસ તેમની પાસે રાખી મારો ખ્યાલ રાખેલો અને એક ભારતીય તરીકેની લાગણી બતાવી હતી. તે વેળા જે થોડાક લોકો અહીં હતા તેમનામાં ભાઈચારો અને પ્રેમ લાગણી વધારે હતાં. હિન્દુ-મુસ્લિમ જેવું પણ કંઈ ન હતું. બોલ્ટન મારા મકાનમાં અમારી સાથે મરહુમ વલીભાઈ ખેપી, મરહુમ વલી આદમ અફીણી જેવા સાથીઓમાં રમણભાઈ નામના એક હિન્દુ ભાઈ પણ રહેતા હતા. યાદ છે હજી વલીભાઈ ખેપીની કદી પૂરી ન થાય એવી વાતો! એ જો વાતે વળગે તો તમે ભૂખ પણ ભૂલી જાઓ, તમારી ઊંઘ પણ જતી રહે! તમે હુંકારા ભરતા જાઓ અને તેઓ બસ એકધારૂં બોલતા જ જાય!

લંડનથી પછી તો પ્રેસ્ટન, પછી પ્રેસ્ટનથી બ્લૅકબર્ન અને છેલ્લે બોલ્ટનમાં ધામા નાંખ્યા. ગમે ત્યાં આવો પણ તમારા મિત્રો, ઓળખીતા અને સગાંવહાલાં જ્યાં પણ હોય તે ટાઉનમાં તમે સરવાળે પોટલાં-બિસ્તરા (ઈન્ડિયાથી સુવાની શેતરંજી અને ગોદડીઓ પણ લઈ આવેલા) છોડવાના અને ઠરીઠામ થવાના. મેં પણ એવું જ કર્યું.

૧૯૪૭ની ભારતની આઝાદી પણ યાદ છે. ભાગલા થયા અને કેટલાક લોકો ભાગી ગયા અને બીજા કેટલાક ભાંગી ગયા તે પણ યાદ છે. સ્કૂલમાં કળીના છોકરાં રાજી થાય એવા ચણોઠી જેવા લાડુ વહેંચાયેલા તે મને યાદ છે. અમારા ગામના અહમદ અલી મનુબરી અને પઠાન ફેમિલી સ્વેચ્છાએ ભારત છોડી પાકિસ્તાન જતા રહ્યા હોવાનું યાદ છે.

૧૯૫૭માં મામાની દીકરી અમીના મહંમદ પટેલ અસુરિયાવાલા સાથે શાદી થઇ. કુટુંબકબીલામાં ઈબ્રાહીમ, ફારૂક, મહેરૂન અને જુબેદા એમ ચાર સંતાનો છે. પૌત્રાં-નવાસાંઓની ગણત્રી રાખું છું પણ પાછો ભૂલી જાઉં છું! એક નવાસો ડૉકટર છે જે અમારી સારી દેખરેખ રાખે છે.

નવો નવો આવ્યો ત્યારે અંગ્રેજ પ્રજાને જોઇને સાલી નવાઇ બહુ લાગે! લોકો ખૂબ જ ઝડપથી ચાલતા. ચપળ એટલે જ તો! ખૂબ જ ઓછું અને ધીમું બોલતા. આપણે ત્યાં ગામડામાં કેવું કે બોલ બોલ કરવાનું અને આખ્ખું ફળિયું સાંભળે એ રીતે જોર જોરથી બુમો પાડીને જ વાતો કરવાની . અંગ્રેજ પ્રજા હજી આજે પણ બોલવામાં સોફ્ટ છે. અહીંના ચોખ્ખા રોડ, ચોખ્ખી સ્ટ્રીટો, ગાડીઓના હોર્ન ન વાગે . ઈન્ડિયામાં તો રિક્ષાવાળો, બસવાળો, ગાડીવાળો, ખટારાવાળો બધાજ માથું ફાડી નાંખે ત્યાં સુધી હોર્ન વગાડે. અહીંનાં બધાંજ મકાનો જાણે એક જ બીબામાં ઢાળેલાં હોય તેવાં સરખાં જ લાગે. ઘરના નંબર વગર તો રખડી રખડીને થાકો પણ ઠેકાણું જ ન પડે. હા, એશિયનનું મકાન બહારના દરવાજાના દરગાહો જેવા લાલ-લીલા ફાસ્ટ કલર પરથી ઓળખાય જાય. ઠંડી તો મારા જેવા દૂબળા પાતળા માણસ માટે તો અસહ્ય જ કહેવાય. બાપ રે...બાકી આપણા દેશ કરતાં અહીંનું જીવન સલામતીવાળું ખરું. આનંદથી જીવી શકાય એવું. કોઇ ખટપટ નહીં.

પ્રાથમિક શિક્ષણ ગામની જ શાળામાં અને માધ્યમિક શિક્ષણ પ્રોગ્રેસીવ હાઈ સ્કૂલ, ભરૂચમાં લીધું. અહીં આવ્યા ત્યારે વાતચીત કરવામાં ભાષાને કારણે તકલીફ ખરી. અંગ્રેજો અમારું બ્રોકન ઈંગ્લિશ પણ સમજવાની કોશિશ કરતા. હસતા નહીં. પ્રેસ્ટનની એક બિસ્કિટ ફેકટરીમાં અને પછી બોલ્ટનની કોટન મિલોમાં સ્પીનર-ડૉફર તરીકે કામ કર્યું. નવરા પડીએ ત્યારે મનોરંજન માટે ઈન્ડિયન ફિલ્મો જોવા જતા. દેવદાસ, દોસ્તી, જબ જબ ફૂલ ખીલે, જેવી ફિલ્મો જોયાનું યાદ છે. હાલમાં ઘણાં સમયથી નિવૃત્ત છું.

લખવા વાંચવાનો શોખ પહેલાંથી હતો. અહીં શરૂઆતમાં 'મહેક' ટંકારવી અને 'કદમ' ટંકારવી જેવા કવિ મિત્રોનો સાથ મળતાં હઝલો લખવાનું શરૂ કર્યું. લેન્કેશાયર અને બહારના ઘણા બધા કવિઓ સાથે અનેક મુશાયરાઓમાં ભાગ લીધો અને જાણીતા હઝલકાર મરહુમ 'બેકાર' સાહેબની પદ્ધતિએ હઝલોમાં રમુજી શબ્દોની રમઝટ થકી કટાક્ષ ચાબખા વીંઝતા રહી આપણા લોકોની કુટેવો, કુરિવાજો વગેરે તરફ ધ્યાન દોરતો રહ્યો છું. લોકોને પેટ પકડીને હસાવ્યા છે, હજી પણ હસાવું છું.

**'તાકેલાં તીર', 'ધબાકો'** અને **'રમુજી રમખાણ'** એમ મારા ત્રણ હઝલ સંગ્રહો પ્રગટ થઇ ચૂકયા છે. આ સંગ્રહોમાંની 'યુ.કે.થી આવ્યા અભરામ', મારી ખૂબ ફજેતી થઇ', 'મોબાઇલની મોકાણ', 'સરપંચ શું કરે?' જેવી કેટલીક હઝલો ખૂબજ લોકપ્રિય થઇ છે. ઉપરાંત મૌલાના રૂમી (રહ)ની કેટલીક વાર્તાઓનું મેં ગુજરાતીમાં ભાષાંતર પણ કરેલું છે.

ગામડાનું સાદું જીવન યાદ આવે છે. સ્વચ્છ હવામાન, પૌષ્ટિક ખાવાનું, ગિલ્લી-દંડા રમવાનું. ચોકલેટ કે વિટબીક્ષ જેવું તો સ્વપ્નમાં પણ ન જોયેલું. દેશી ખાણું. ખેતર, પાદર, ઉનાળાની ગરમીમાં ઝાડ નીચે બેસવાનું, બીડી પીવાનું, તળાવમાં તરવાનું આ બધું કયાં ભૂલાય એવું છે? દાદા દાદી રાત્રે વાર્તાઓ માંડતાં. એ પણ એક સમય હતો, આ પણ એક સમય છે. આટલું કહી મારા એક શેરથી વાતને પૂરી કરીએ:

લાખ વીઝાના કરે એ કાયદા તો શું થયું?
બારણું બંધ હોય તો બારી કૂદીને આવશું

આમ એશિયનોનાં ટોળાં અહીં આવતાં જ રહેશે અને ચાહે હમ રહેં યા ન રહેં જીવન આમ આગળ વધતું જ રહેશે.. આભાર!



Muhammad Sufi



Muhammad Sufi - 1963




Muhammad Sufi and Vali Khepi - 1965




Muhammad Sufi performing at Gujarati Mushaira

Name: **Salim Yusuf Lorgat**

નામ: સલીમભાઇ યુસુફ લોરગાટ
જન્મ સ્થળ: બારાલિયા, તા. જિલ્લા વલસાડ
જન્મ તારીખ: ૧૯૬૦
પિતા: હાફેઝ યુસુફભાઇ હસન લોરગાટ
માતા: આયશાબહેન યુસુફ લોરગાટ

મારું નામ સલીમ લોરગાટ છે. વલસાડ જિલ્લાના સરસ મજાના ગામ બારોલિયામાં મારો જન્મ થયેલો. ૧૯૬૮ની સાલમાં નાની વયે હું ઈંગ્લૅન્ડ આવ્યો. ધોલધરા નદીને કિનારે અમારું ગામ અને અમારું ઘર પણ નદીની બિલ્કુલ નજીક. મારું બાળપણ ખુબજ આનંદમાં અને સલામતીમાં વીત્યું.

૧૯૬૮માં બલૅકબર્ન આવવાનું મુખ્ય કારણ પિતાશ્રી બ્લૅકબર્નમાં હતા તે હતું. બોમ્બેથી એર ઇન્ડિયાની ફલાઇટમાં હું લંડન હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. એ જમાનામાં એર ઇન્ડિયા વિશ્વની ઉચ્ચતમ અને સારામાં સારી ઍરલાઇન હતી. અહીંનું ઍરપોર્ટ જોઇને ખુબ જ નવાઇ લાગી! ટેક ઓફનો અનુભવ એટલે કે જ્યારે એર ઇન્ડિયા બોમ્બે ઍરપોર્ટ પરના રનવે પરથી ટેક ઓફ થયું, ઉડયું એ અનુભવ આજે પણ એટલો જ રોમાંચક અને નવાઇ પમાડતો લાગે છે.

અમારી ફેમિલી કારમાં હું લંડનથી બ્લૅકબર્ન આવ્યો. અંધારું, સૂર્ય પ્રકાશ લગભગ ન જેવો. ઠંડી, ધુમ્મસ બધું જોઇને આશ્ચર્ય થયું.

મારા પિતાશ્રીના ભાઇ ૧૯૨૮ની આસપાસ મલાવી, ઝિમ્બાબ્વે, સાઉથ આફ્રિકા ગયેલા. મારા નાના સાહેબ હસન આદમજી ઇશાત પણ ૧૯૨૮માં સાઉથ આફ્રિકા ગયેલા, પરંતુ બે જ વર્ષમાં પાછા ભારત આવી ગયેલા.

૧૯૪૭ના ભાગલાની વાતો નાના નાની પાસેથી સાંભળેલી. નાની અમસ્તું જ વાત વાતમાં કહેતાં કે અંગ્રેજો ચાલ્યા ગયા પછી કાયદા કાનૂનની વ્યવસ્થા બગડી ગઇ છે. સારું હતું અંગ્રેજો ભારતમાં હતા. ત્યારે હું મારી નાનીને કહેતો કે કાયદા કાનૂનની ગેરવ્યવસ્થા કરતાં ફ્રીડમ (સ્વતંત્રતા) વધારે અગત્યની છે.

૧૯૭૮માં મારી શાદી હવાબેન ઇબ્રાહીમ લોરગાટ સાથે થઇ. મારાં બાળકોમાં શબ્બીર, મરહુમ બિલાલ, ઝાકીર હુસૈન, યાહયા, યુસુફ અને ગ્રાન્ડ ચિલ્ડ્રનમાં આયેશા, રૈયાન અને ઝકરિયા.

બારોલિયા ગામની ગુજરાતી શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું. ઈંગ્લૅન્ડ આવી સેંટ મેથ્યુસ જુનિયર સ્કૂલમાં અભ્યાસ કર્યો. તે જમાનામાં હું પહેલો જ એશિયન વિદ્યાર્થી આ શાળામાં ભરતી થયેલો. મારા ભાઇ નઝીર પણ મારી સાથે ભણતા. એકાદ બે અઠવાડિયાંમાં તો સાધારણ અંગ્રેજી બોલતાં, વાંચતાં, લખતાં શીખી ગયો. લગભગ ૨૦૦ વિદ્યાર્થીઓમાં હું અને મારા ભાઇ નઝીર એશિયન હતા. શાળાનું વાતાવરણ ખૂબજ ફ્રેન્ડલી અને પોઝીટીવ હતું.

અમે લોકો ત્યારે બર્નલી સ્ટ્રીટમાં રહેતા. માતા, પિતા, ભાઇઓમાં ઇબ્રાહીમભાઇ, ઇસ્માઇલભાઇ અને અહમદભાઇ.

Rishton, Lancashire માં આવેલ shoe factoryમાં કામ કરેલું. ખૂબજ પ્રખ્યાત શૂ ફેકટરી હતી. લગભગ ૬ મહિના પછી ત્યાંથી કામ છોડી બ્લૅકબર્નની Feniger and Blackburn Ltd (ફેનીગર ઍન્ડ બ્લૅકબર્ન લિમિટેડ) શૂ ફેકટરીમાં કામ મળી ગયું. અહીં વસતા અડધા ભાગના એશિયનો આ શૂ ફેકટરીમાં કામ કરતા. ત્યારે અમને અઠવાડિયાના વીસેક પાઉન્ડ પગાર મળતો.

હાલમાં મારો પોતાનો બિઝનેસ છે. બ્લૅકબર્ન વીથ ડારવીન બરો કાઉન્સિલમાં હું કાઉન્સિલર અને એકઝીકયુટીવ મેમ્બર રહી ચૂકયો છું. ઘણી બધી સામાજિક, રાજકીય સંસ્થાઓમાં સભ્ય છું. હાલમાં મૅરી એઇડ ફાઉન્ડેશનના ચૅરમેન તરીકે સામાજિક સેવાઓ બજાવું છું.

૧૯૬૮માં આવ્યો ત્યારે અહીં ઘણાં ઓછા એશિયનો હતા. ઇન્ડિયન પાકિસ્તાની જેવું કંઇ ન હતું. બધાજ ખૂબ જ સંપથી, પ્રેમથી રહેતા. અમારો સંબંધ ઘણા બધા અંગ્રેજ પરિવારો સાથે હતો. તે વેળાના મારા અંગ્રેજ મિત્રો આજદિન સુધી હજી મિત્રો રહ્યા છે. કોઇ ભેદભાવ નહીં. ડેઇઝી સ્ટ્રીટમાં આવેલ ઇસ્લામિક સેન્ટર જ્યાં મારા પિતાશ્રી ઉસ્તાદ હતા ત્યાં નમાઝ પઢતા.

તે જમાનામાં હું અને મારા કેટલાક મિત્રો અંગ્રેજ મિત્રોને ગિલ્લી દંડાની રમત શીખવતા. બ્લૅકબર્ન ઓડીઅન, પેની સ્ટ્રીટ ખાતે અંગ્રેજી સિનેમા જોવા જતા. એલેકઝાન્ડ્રા સિનેમા જે ડૉક સ્ટ્રીટમાં હતી ત્યાં હિન્દી ફિલ્મો જોવા જતા. 'કર્ઝ' ફિલ્મ હજી યાદ છે.


ઘરગથ્થુ ઈલાજોમાં પેટમાં દર્દ થાય તો વાલીદા, નાની અમ્મા વગેરે અમને ચૂરણ તથા ઘી સાથે થોડીક હીંગ ભેળવીને એક ચમચી આપતાં.




Salim Lorgat



Salim Lorgat's Maternal Grandfather Hasan Adam Isat 's Passport issued at Bombay on 8 October 1928 : Page 1




Salim Lorgat's Maternal Grandfather's Passport Page 2




Salim Lorgat's Maternal Grandfather's Passport Page 3

Name: **Siraj Patel Paguthanvi**

નામ: સિરાજ પટેલ પગુથણવી
જન્મ સ્થળ: પગુથણ, તા.જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૩૮
પિતા: જનાબ વલી અહમદ સુલેમાન
માતા: મોહતરમા બીબબેન વલી અહમદ સુલેમાન

મારું નામ સિરાજ પટેલ. એ નામથી જ લોકો મને ઓળખે છે. જન્મ પગુથણ ગામમાં પણ જન્મ પછી મેં ખાસો સમય મુંબઈમાં વીતાવ્યો. ૧૯૬૩માં ઈંગ્લૅન્ડ આવ્યો ત્યારે જીવનની આ પહેલવેલી લાંબી અને રોમાંચક મુસાફરી હતી. વીતેલા દિવસોની ઘણી બધી વાતો અત્યારે યાદ આવે છે.

હું ઈંગ્લૅન્ડ આવ્યો તે પહેલાં સિતપોણના અબ્દુલ્લાહ પટેલ 'આઝાદ' અહીં આવી ગયેલા. હું તેમના સમ્પર્કમાં હતો એટલે તેમની પાસેથી ઈંગ્લૅન્ડ વિષે અવારનવાર ખાસી માહિતી મળેલી. 'આઝાદ' તો એમ જ કહેતા કે "સિરાજ, ઈંગ્લૅન્ડ આવવા કરતાં ભરૂચની ગોપાલ મિલમાં કામ કરવું સારૂં." તેમની આ વાતથી હું પ્રથમ તો થોડોક વિચારમાં પડયો, મૂંઝાયો પણ ખરો. બન્યું એમ કે મુંબઈમાં રહેતો હોવાથી એક દિવસ ફરતાં ફરતાં ફલોરા ફાઉન્ટન પાસેની બ્રિટિશ હાઈકમિશનની ઓફિસે પહોંચી ગયો અને મિનિસ્ટ્રી ઑફ લેબર પાસેથી વર્ક વાઉચર મેળવી ૧૯૬૩માં અહીં આવવાનું સાહસ કર્યું.

મિડલ ઈસ્ટર્ન ઍરલાઈનમાં ૧,૭૦૦ રૂપિયાની ટિકિટ ખરીદી, ખિસ્સામાં ૩ પાઉન્ડનું હૂંડિયામણ લઈ, હું સપ્ટેમ્બર મહિનામાં લંડનના હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. અચંબા સિવાય કંઈ જ ન હતું. ભારતમાં ઈંગ્લૅન્ડ વિષે જે સાંભળેલું તેવું અહીં કશું જ ન હતું. તે જમાનામાં અમારે ધીરજ, વિશ્વાસ અને મહેનત મજુરીથી કામ લેવું પડેલું. હવાઈ સફર જેટલી રોમાંચક હતી એટલી જ યુસ્ટનથી પ્રેસ્ટનની ટ્રેઈન મુસાફરી પણ રોમાંચક અને રસપ્રદ હતી. ખિસ્સામાં તો ફક્ત ૩ પાઉન્ડ જ હતા જે ટિકિટ ખરીદવા માટે પૂરતા ન હતા. મુશ્કેલી ઊભી થઈ. નવી ભાષા, નવી સિસ્ટમ, નવા લોકો, છતાં પણ રેલ્વે સ્ટાફની મદદથી હું હેમખેમ પ્રેસ્ટન પહોંચ્યો. રેલ્વે સ્ટાફે મને વિશ્વાસ ઉપર મુસાફરી કરવા દીધી અને કહ્યું કે તારા ઘરે પહોંચે ત્યારે કાગળ આવ્યા પછી ટિકિટના પૈસા અમને મોકલી આપજે. આ ત્યારનું બ્રિટન સાહેબ!

ઈંગ્લૅન્ડ આવવાનું મુખ્ય કારણ તો નોકરીની તક મળે તે અને જીવનમાં કંઇ કરી છૂટવાની ધગશ. મને પ્રથમથી એજ્યુકેશનમાં ઘણો રસ. તે જમાનામાં એક સાહસિક વહોરા પટેલ પોતાની અંગ્રેજ પત્ની સાથે તેમના ગામ આવેલા. મેં તેમની સાથે ઈંગ્લૅન્ડની શિક્ષણ પદ્ધતિ વિષે વાતચીત કરવા એક ઍપોઇન્ટમેન્ટની માંગણી કરેલી પણ મુલાકાત ન થઈ. Mullard (Philips) Ltd., જ્યાં વાલ્વ અને કેપેસિટર બનતાં, અને જેમાં લગભગ ૫,૦૦૦ માણસો કામ કરતા ત્યાં કામ કર્યું. ટ્રાન્સપોર્ટ કંપનીમાં બસ કંડકટરનું પણ કામ કર્યું. તે સમયે ઓપન ડોર બસ અને ઠંડી તો કહે મારું કામ. પણ કમાવા આવેલા એટલે કામ કર્યા વિના છૂટકો કયાં હતો? મુસા જંઘારિયા, ઈબ્રાહીમ માસ્તર સિતપોણવાલા, શબ્બીર શાહ વગેરે મિત્રો સાથે હતા.

શીરીન મહંમદ ઇસા સાથે લગ્ન થયાં. બાળકોમાં ડૉ નરગીસબાનુ, ડૉ ઝૈનુલ આબેદીન અને રિયાઝ છે. ગુજરાતમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ બોમ્બે યૂનિવર્સિટીમાંથી મેળવ્યું. અહીં આવી ચોરલી કોલેજ ઑફ હાયર એજ્યુકેશનમાં વધુ શિક્ષણ મેળવ્યું. શરૂઆતમાં વાતચીત, વ્યવહારમાં થોડીક મુશ્કેલી નડતી. ધીરે ધીરે અહીંની ભાષા, અહીંના રીત રિવાજો વગેરે શીખી લીધું.

સાહિત્ય અને લેખન વાંચનનો શોખ તો પહેલાંથી જ હતો. સમાજસેવા અને રાજકારણમાં પણ રસ ખરો. ૧૯૬૮માં બ્રિટનનું પ્રથમ ગુજરાતી પખવાડિક 'વીસમી સદી' અમે શરૂ કર્યું જે અહીંના ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસમાં એક મહત્વની ઘટના કહેવાય. હું તંત્રી અને મૅનેજમેન્ટમાં અને મારી સાથે અબ્દુલ્લાહ મુન્શી સહતંત્રી તરીકે હતા. સાથે સાથે રેશ્યલ ઇક્વૉલિટિ કાઉન્સિલ, બ્લૅકબર્નમાં આસિસ્ટન્ટ કોમ્યુનિટી રિલેશન્સ ઓફિસર તરીકે પણ સેવાઓ બજાવી. સ્થાનિક મસ્જિદો અને પ્રથમ મુસ્લિમ ગર્લ્સ સ્કૂલનો પાયો નાંખવામાં સહયોગ આપ્યો. ૧૯૭૧માં BBC રેડિયો લેન્કેશાયર, બ્લૅકબર્નના રેડિયો સ્ટેશનેથી "મેહફિલ" નામના ખૂબજ મનોરંજક કાર્યક્રમનો પ્રેઝન્ટર અને પ્રોડયુસર બન્યો. આજ સમયગાળામાં "ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે."ની સ્થાપના થઇ જે સંસ્થામાં હું આજે માનદ સેક્રેટરીની સેવા બજાવી રહ્યો છું. **"ફ્રોમ લંડન વીથ્ લવ"** નામનો મારો ગઝલ-હઝલ સંગ્રહ પ્રગટ થયેલો છે. ૧૯૮૫માં યુ.કે.નો પ્રથમ એશિયન ફાર્મીન્ગ પ્રૉજેક્ટ અમે શરૂ કરેલો. ગુજરાતીભાષી પ્રજાની અનેકવિધ સેવા કરવા બદલ મને લંડનના ગુજરાત સમાચાર અને એશિયન વોઇસ તરફથી ૨૦૦૪માં 'સંસ્કાર ગરિમા એવૉર્ડ'થી નવાજવામાં આવ્યો હતો.

પહેલાંના ઈંગ્લૅન્ડમાં અને આજના ઈંગ્લૅન્ડમાં ઘણો તફાવત છે. જીવન ધોરણ હવે ખૂબ જ ઊંચું થઇ ગયું છે. ત્યારે સાદગી, નિખાસલતા, ભાઇબંધી, એકતા અને સમજદારી હતી જે બધું હવે ધીરે ધીરે વિલીન થઇ રહ્યું હોય એવું લાગે છે. વતનની યાદ આવે છે તો મુંબઇનું હાઇ ફલાઇ જીવન યાદ આવે છે. પ્રખ્યાત અભિનેતા કાદરખાન સાથે કોલેજ હોસ્ટેલમાં વીતાવેલા મસ્તીના દિવસો યાદ આવે છે.

નાના હતા અને બીમાર પડીએ તો ઘરગથ્થુ ઈલાજો થતા, જેમકે જો કાનમાં દુ:ખાવો થતો હોય તો મા કે દાદીમા કાનમાં લસણનાં ટીપાં નાંખીને ઈલાજ કરતાં.


છેલ્લે મારા એક મુક્તકથી આ વાર્તાલાપને પૂરો કરું છું:

ગફલતને ફગાવી દો, બેદાર થઈને જીવો
છોડો આ હતાશાને, ખુદ્દાર થઈને જીવો
થઇ જાવ મિત્રો સામે તો પુષ્પથી યે કોમળ
પણ દુશ્મનોની સામે તલવાર થઈને જીવો



Siraj Patel with his BBC Mehfil Team

First Asian Vegetable Farming Project in U.K. –Blackburn—Lancashire— April 1985 Granada TV Award for new ideas
Manager Siraj Patel "Paguthanvi"- Head of Farming team & Co-ordinator Aziz Zumla a farmacist
Voluntiers Halim Randeri –Amin Saleh Kholwadi –Iqbal Luwarawala—Yunus Badat




Siraj Patel and his First Asian Vegetable Farming Project



Manager Siraj Patel "Paguthanvi.




Siraj Patel and his First Asian Vegetable Farming Project

Name: **Vali Ahmad Alias Rustam**

નામ: વલીભાઇ અહમદ ઉર્ફે રૂસ્તમભાઇ
જન્મ સ્થળ: દેરોલ, તા. વાગરા, જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: ૧૯૪૮
પિતા: અહમદ અલી
માતા: બીબી અહમદ અલી
પત્ની: હુરીબેન વલીભાઇ અહમદ

મૂળ દેરોલ ગામ, તાલુકા વાગરાનો રહેવાસી છું. મારું અસલ નામ વલી અહમદ છે, પણ લોકો મને રૂસ્તમના નામે ઓળખે છે. જન્મ દેરોલ ગામમાં થયેલો. મોટા ભાગનું પ્રાથમિક શિક્ષણ દેરોલ ગામમાં થયેલું પરંતુ ત્રીજા ધોરણમાં મનુબર અને આઠમા ધોરણમાં કરમાડ હાઇ સ્કૂલમાં ભણેલો.

૨૮ ફેબ્રુઆરી ૧૯૬૪ની સાલમાં ઈંગ્લૅન્ડ આવવાનું થયું. મુંબઇ ઍરપોર્ટ પરથી મિડલ ઈસ્ટર્ન ઍરલાઇનમાં મુસાફરી કરી લંડન હિથરો ઍરપોર્ટ પર અને ત્યાંથી હું સીધો બ્લૅકબર્ન આવેલો. તે જમાનામાં મારું ઇમિગ્રેશન ઇનૉક પોવેલ નામના અધિકારીએ કરેલું. ઓફિસરો તે વખતે સારા હતા. આપણને માન સન્માન આપી ખૂબ જ સારી રીતે આવકારતા. લંડનનું હિથરો ઍરપોર્ટ જોઇને ઘણી નવાઇ લાગેલી. ભારત કરતાં બધું જ કંઇ જુદું જુદું લાગે. ગોરા લોકો, રીતભાત અલગ, ભાષા અલગ, બધું નવું નવું લાગે.

મારા પિતાશ્રી ગાડી ભાડે કરીને મને લેવા માટે આવેલા. બ્લૅકબર્ન ત્યારે ઘણું શાંત લાગેલું. બરફ પુષ્કળ પડતો. શહેરમાં જાણે કોઇ જ ન રહેતું હોય એવું સૂનકાર લાગે. માણસોની વસતી ઓછી. સામાન્ય બોલચાલનું અંગ્રેજી શીખવા અમે બેંગર સ્ટ્રીટ (Bangor Street) કોમ્યુનિટી સેન્ટરમાં જતા.

અમારા કુટુંબમાં અમારા પિત્રાઇભાઇ યાકુબભાઇ ઉર્ફે બાબુભાઇ ભારતથી આફ્રિકા ગયેલા જે હાલમાં બોલ્ટનમાં રહે છે. ૧૯૪૭ના ભારતના ભાગલા વિષે ખાસ કંઇ યાદ નથી. ત્યારે હું ઘણો નાનો હતો. ૧૯૬૩માં મારી શાદી વડવાના રહેવાસી હુરીબેન સાથે થઇ. મારે ૪ દીકરા અને ૧ દીકરી છે.
તે જમાનામાં અમે કિંગ જ્યોર્જીસ હોલમાં જૅકી પાર્લો જેવા ખ્યાતનામ રેસલરોની રેસલિંગ જોવા ઘણીવાર જતા. હડસન સ્ટ્રીટમાં રહેતા. અંગ્રેજી બોલચાલમાં તકલીફ


ખરી પણ જેમ તેમ કરીને કામ ચલાવી લેતો. ડારવીન યુનિટી મિલમાં કામ કરેલું. ત્યારે સમાજ અને લોકો સારા હતા.

મસ્જિદો ન હોવાને કારણે બધા લોકો સાથે જ ઘરોમાં નમાઝ અદા કરતા. સેંટ ટોમસ સ્ટ્રીટના એક મકાનમાં નમાઝ પઢાતી જે મકાન સુરત જિલ્લાના આલીપોર ગામના મરહુમ યુસુફભાઈ મોમણિયાતનું હતું. ઈદની નમાઝ સેંટ જ્યોર્જીસ હોલમાં બધા ભેગા મળીને અદા કરતા.

શનિ રવિ કોઈ વાર બહાર ફરવા જઈએ, અથવા એક બીજાના જે ગૃપ હોય ત્યાં ખાવા રાંધી ખાવા જતા.

ભારત અને ઈંગ્લૅન્ડના જીવનમાં ઘણો ફર્ક છે. ત્યાં બીમાર પડતા તો ઘરગથ્થુ દવાનો ઉપયોગ થતો, જેમ કે શરદી કે ખાંસી થાય તો હળદર અને મીઠાનો ફાકો મરાવતા.

સમાજ સેવાઓ અને દીની ખિદમત કરું છું. વેસ્ટ બ્રૂકહાઉસ કોમ્યુનિટી ઍસોસિયેશનનો ફાઉન્ડર મેમ્બર અને ટ્રસ્ટી છું. બિકનલ સ્ટ્રીટ મસ્જિદની ખિદમત પણ વર્ષોથી બજાવું છું.



Vali Ahmad



Vali Ahmad

Name: **Yacoob Umarji Mank, known as Mahek Tankarvi**

નામ: યાકૂબ ઉમરજી મેન્ક ઉર્ફે મહેક ટંકારવી
જન્મ સ્થળ: ટંકારીઆ, તા. જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૪૦
પિતા: ઉમરજી મહંમદ મેન્ક
માતા: આયશા ઉમરજી મેન્ક

મારું નામ યાકૂબ ઉમરજી મેન્ક, કવિ તરીકેનું ઉપનામ 'મહેક' ટંકારવી.

૧૯૬૬ના ઓગષ્ટ મહિનામાં ટીચર તરીકેનું વર્ક વાઉચર મળ્યું હોવાથી ઈંગ્લૅન્ડ જવા પિતાના પગલે ચાલી જેમણે પણ સાઉથ આફ્રિકાની સફર ખેડેલી, મેં પણ ઘર, ગામ અને વતન છોડયું. સ્વજનોની સજળ આંખે વિદાય લેવાનો અને મુંબઇ પહોંચી ઍરોપ્લેનની લાંબી મુસાફરીનો એ પહેલો જ અનુભવ. મુસાફરી દરમિયાન મનમાં થોડીક ઉદાસી, થોડીક મૂંઝવણ, જેમનું સાહિત્ય ભણ્યા હતા તે અંગ્રેજોના દેશ વિષે થોડીક જિજ્ઞાસા, થોડોક રોમાંચ.

લંડનના હિથરો ઍરપોર્ટ પર ઉતરી નબીપુરવાળા ઈસ્માઇલભાઇ જાળીવાલા સાથે તેમના વાનમાં બેસી બ્લૅકબર્ન એક દિવસ તેમનો મહેમાન બન્યો. બીજા દિવસે મારા કોલેજકાળના મિત્રો મરહુમ ઈસ્માઈલ માસ્તર હિંગલોટવાળા અને આદમ ફાંસીવાલાને મળી જનાબ યાકુબ બાપુજી ટંકારીઆવાળા મને અમારા મસયાઇ ભાઈ મરહુમ યાકુબ નાથા દયાદરાવાલાને ત્યાં છોડી ગયા. ઓગષ્ટ મહિનો, વાદળો ઘેરાયેલાં, વાતાવરણમાં ઠંડક, દિવસે પણ અંધારા જેવું... આ બધાનો એક નવોજ અનુભવ!

૧૯૪૭માં ભારતને આઝાદી મળી ત્યારે સાત વર્ષનો હતો. ટંકારીઆ કુમાર શાળામાં બીજા ધોરણમાં ભણતો ત્યાં આઝાદી દિને ઉત્સવનું વાતાવરણ હતું અને બધાં જ બાળકોને નાના ત્રિરંગા ધ્વજ અને લાડુ વહેંચાયા હોવાનું સ્મરણ છે.

૧૯ વર્ષની યુવાન વયે શાદી. પત્ની ઝુલેખાં, પુત્ર અનીસ. પુત્રવધુ નફીસા. પોત્રાં સમીરા, સફિય્યા, રયહાન અને રઈસા.

ગામની શાળાઓમાં અભ્યાસ ચાલુ. પછી સેંટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદમાં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ. અને MTB કોલેજ, સુરતમાં એમ.એ. સુધીનો અભ્યાસ કરી પ્રથમ વાગરા હાઈ સ્કૂલમાં અંગ્રેજીના શિક્ષક તરીકે અને પછી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કોલેજ, બારડોલીમાં શેકસપિયરના પ્રખર અભ્યાસી પ્રિન્સીપાલ કે.એલ. દેસાઈ સાહેબના હાથ નીચે અંગ્રેજીના લેકચરર તરીકેની સેવા બજાવી.

ઈંગ્લૅન્ડ આવી પ્રથમ માન્ચેસ્ટરની એક માધ્યમિક શાળામાં અંગ્રેજીના શિક્ષક તરીકે થોડોક સમય નોકરી કરી. પછી જ્યાં રહેતો હતો ત્યાં બોલ્ટનમાં જ પોષ્ટ ઓફિસમાં નોકરી મળી જવાથી મુસાફરીની મુસીબત ટાળવા તે સ્વીકારી લીધી જેમાં પ્રગતિ અને પ્રમોશન મેળવતાં છેલ્લે દસેક વર્ષ કસ્ટમર કૅર મૅનેજર તરીકેની જવાબદારી બજાવી, ૨૪ વર્ષની એકધારી અને સુંદર સેવા માટે પોષ્ટ ઓફિસ ચૅરમેન સર બ્રાયન નિકોલ્સન GBE તરફથી **ઈમ્પિરિયલ સર્વિસ મેડલ** મેળવી ૧૯૯૨માં વહેલી નિવૃત્તિ લઈ લીધી. ત્યાર પછી ચારેક વર્ષ બોલ્ટન મુસ્લિમ ગર્લ્સ સ્કૂલમાં એડમિનિસ્ટ્રેટર તરીકેની માનદ સેવા આપી અને સ્કૂલ સેક્રેટરી જનાબ યાકુબ મુસા કરમાડવાલા તથા ‘બોલ્ટન મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટ’ના અન્ય નિસ્વાર્થ અને મહેનતુ કાર્યકરો સાથે ઓફિસમાં કામ કરતાં કરતાં સ્કૂલને આ ટૂંકા સમયગાળામાં જાત મહેનત, કરકસર અને આયોજન દ્વારા આર્થિક રીતે પગભર અને સારા શિક્ષકોની ભરતી દ્વારા શૈક્ષણિક રીતે સદ્ધર કરી દીધી. સાથે સાથે ‘મહેક ટ્રાન્સલેશન સર્વિસ’નો સ્વરોજગાર વ્યવસાય શરૂ કર્યો જે આજપર્યંત ચાલુ છે.

આવ્યા ત્યારની અને અત્યારની પરિસ્થિતિની રીતે જોઈએ તો ઈંગ્લૅન્ડના વડા પ્રધાન મિસિસ થૅચરના સમયમાં કોટન મિલો બંધ થતાં બેકાર થયેલા લોકોએ નાના મોટા ધંધાઓમાં ઝંપલાવવાનું શરૂ કર્યું અને જોતજોતામાં, દેખાદેખી પેટ્રોલ સ્ટેશનો, ન્યૂઝ પેપર શોપો, કલોધિંગ મેન્યુફેકચરિંગ વગેરેના માલિક બની ગયા. આમ આપણા લોકોએ આર્થિક રીતે મંદ પણ સારી પ્રગતિ કરી છે. સાથે સાથે ડૉકટરો, ડેન્ટિસ્ટ, ફાર્મસિસ્ટ, ઓપ્ટિશિયન વગેરે વ્યાવસાયિકોની સંખ્યા પણ સારી એવી વધી છે. જેવું દેશમાં એવું અહીં પણ છોકરાઓની સરખામણીમાં છોકરીઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

પ્રથમથી સાહિત્યનો શોખ વધારે. ભાષાઓ પ્રત્યે વિશેષ રુચિ. બારડોલીમાં હતો ત્યારે મિત્ર નરેશ ઉમરીગર સાથે અંગ્રેજીમાં કવિતાઓ લખતો. પ્રિન્સીપાલ દેસાઈ સાહેબ તે વાંચતા-સુધારતા-મઠારતા. પછી અદમ ટંકારવીની સોબતમાં ગુજરાતીમાં

ગઝલો વાંચતો લખતો થયો. ઈંગ્લૅન્ડ આવી બાળપણના મિત્ર અબ્દુલ્લાહ કમાલ પટેલ ઉર્ફે કદમ ટંકારવી, સૂફી મનુબરી અને અન્ય કવિમિત્રો સાથે મળી મરહુમ શેખાદમ આબુવાલાની હાજરીમાં ૧૯૭૩માં 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ' યુ.કે.'ની સ્થાપના કરી. અત્યાર સુધીમાં એ સંસ્થાના પ્રમુખપદે રહી એકસો જેટલા મુશાયરાઓનું સફળ આયોજન કર્યું છે. અહીં પરદેશમાં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખવા પ્રયત્નશીલ રહ્યો છું. **'પ્યાસ', 'તલાશ', 'પ્યાસથી પરબ સુધી'** અને **'પ્રેમરસ પ્યાલો'** એમ મારા ચાર ગઝલ સંગ્રહો પ્રગટ થયા છે. થોડુંક સંપાદન કાર્ય પણ કર્યું છે. ગુજરાતી ભાષા અને સંસ્કૃતિની વર્ષો સુધીની એકધારી માવજત માટે 'ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.', 'ગુજરાતી રાઈટર્સ સર્કલ, બાટલી', 'ગુજરાતી રાઈટર્સ ઍસોસિયેશન, બ્લૅકબર્ન', 'પ્રેસ્ટન ગુજરાત મુસ્લિમ સોસાયટી' અને 'બ્રિટએશિયન' સામયિક તરફથી માન-સન્માન મેળવ્યાં છે.

સાહિત્યિક પ્રવૃત્તિ ઉપરાંત 'ટંકારીઆ વેલ્ફેર સોસાયટી, યુ.કે.'ની સ્થાપના અને તેના વહીવટ / સંચાલનમાં જેમના હૈયે ટંકારીઆનું હિત ભારોભાર વસેલું છે એવા સમાજસેવક અને ખૂબ જ સક્રિય એવા જનાબ વાય.બી.ભૂતાવાલા સાથે ગામ વિકાસનાં કામો માટે પ્રવૃત્તિશીલ રહી વર્ષો સુધી સેવાઓ બજાવી. ઠેઠ ૧૯૬૬થી સ્થાનિક તૈયબાહ મસ્જિદ-મદ્રસાની સ્થાપના, બાંધકામ અને વહીવટમાં પણ મારા તે સમયના મસ્જિદના ટ્રસ્ટીઓ હાજી બશીર અહમદ છડાત, હાજી મહંમદભાઈ દરવેશ અને હાજી ઈકબાલભાઈ ઈસા ઉપરાંત જનાબ ઈસાભાઈ માસ્તર દહેગામવાલા, મરહુમ ઉમરજી માસ્તર ઈખરવાલા, હાજી ઈસ્માઈલભાઈ ખેંખા, મરહુમ ઈસ્માઈલભાઈ લેકડુ, કરમાડના મરહુમ વલીભાઈ દૂધવાલા અને બીજા કેટલાક નિખાલસ અને દીનની ખિદમતના જોશ અને જઝબાવાળા યુવાન કમિટી સભ્યો સાથે ૨૨ વર્ષ સુધી પરોવાયેલો રહ્યો હતો. હાલ 'ભરૂચ મુસ્લિમ મેડિકલ ઍન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, યુ.કે.'નું સેક્રેટરીપદ વર્ષોથી સંભાળું છું. આ ટ્રસ્ટ એના પ્રતિનિધિઓ થકી રમઝાનમાં ઝકાત, બેંક વ્યાજ વગેરે ફંડ એકઠું કરી ખિદમતે ખલ્કના ઉમદા સિદ્ધાંતને વરેલી 'વેલ્ફેર હોસ્પિટલ ભરૂચ'ને મોકલી આપે છે જ્યાં હજ્જારો ગરીબ દર્દીઓને કોઈ પણ જાતના ભેદભાવ વિના એનાથી રાહત મળે છે.

નવી જૂની પેઢીની વાત કરીએ તો જૂની પેઢી પોતાની રીતે સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવનમાં ઉમદા અને નોંધપાત્ર ફાળો આપી, પાયાનું કામ કરી હવે ધીરે ધીરે વિદાય થઈ રહી છે. નવી પેઢીના વિચારો જુદા છે, કાર્યપદ્ધતિ પણ જુદી છે. તેઓ તેમની રીતે કામ કરવા માંગે છે. જૂની પેઢી સાથે વિચારોનો મેળ ખાતો નથી. તેમ છતાં પોતાના અહીંના ઉચ્ચ શિક્ષણ, અંગ્રેજો સાથે કામ કરવાના અનુભવ

વગેરેનો સદઉપયોગ કરી, વડીલોનું માન જાળવી, સ્વ-કેન્દ્રિત બનવાને બદલે સામાજિક કામોમાં પરોવાઇને પ્યાર મહોબ્બતથી કામ કરશે તો તેઓ સમાજને હજી વધુ પ્રગતિની દિશામાં લઇ જઇ શકશે.

છેલ્લે, આ દેશના વસવાટ વિષે પૂછો છો તો: આ દેશમાં આવીને વસી ગયા. દાયકાઓ થયા. જિંદગીનો મોટો ભાગ અહીં પસાર થયો. બીજા દેશોની સરખામણીમાં અહીં વધુ શાંતિ છે, સુખાકારી છે, સલામતી છે, સ્વતંત્રતા છે, સમાનતા છે, રોજી રોટી મળી રહે છે, દવાદારૂની ફિકર નથી. કાયદાનું પાલન કરીને રહો તો કોઇ ખોટી કનડગત નથી. ન્યાય મળી રહે છે. આ બધી સહુલતો છે એટલે જ તો અહીં જીવન પૂરું કર્યું છે. એ સહુલતો ઉપલબ્ધ કરી આપનાર આ દેશ અને આ દેશની સુસંસ્કૃત પ્રજા અને નમુનારૂપ વ્યવસ્થાની કદર ન કરીએ તો નગુણા કહેવાઇએ. એટલે જ તો આપણી ભાવિ પેઢીઓનાં સુખસગવડ ખાતર પણ આપણે અહીંના સામાજિક, આર્થિક, રાજકીય જીવનમાં જેટલો પણ ભોગ અને ફાળો આપીએ એટલો ઓછો છે. આ આપણી ફરજ છે જે આપણે સભાનપણે એહસાનમંદીની ભાવના સાથે બજાવવી જોઇએ.

દેશી ઇલાજો વિષેના તમારા સવાલના જવાબમાં કહું તો તાવ કળતરમાં અમારાં રાજી મોટામા અંદરજવ (indrajav seeds)ની સહેજ મીઠું (salt) નાંખેલી કડવી ફાકી હંમેશાં પોતે પણ પાણી સાથે લેતાં અને અમને પણ તે લેવાનું કહેતાં. આ લોકોએ જિંદગીમાં ડૉકટરનું નામ લીધું નથી કે અત્યારના જેવી કોઇ ગોળીઓ ખાધી નથી. તેમના સુંદર આરોગ્યનું રહસ્ય સાદો ખોરાક, નિયમિત અને મહેનત-મજુરીવાળું સક્રિય સાદું જીવન હતું.

હજી આજે પણ એ મરહુમ આપ્તજનોનું વહાલ, શાળાના કેટલાક આદર્શ શિક્ષકોની માવજત, *'ગામની એક છોરી મળી'તી મને સીમને ખેતરે, મસ્ત એની યુવાની ગમી'તી મને સીમને ખેતરે'* તે ટંકારીઆ ગામની હરિયાળી સીમ અને સીમનાં લહેરાતાં ખેતરો, જ્યાં રમ્યા તે ગલી, જ્યાં ભમ્યા તે પાદર, સોદાગરની વાડી, તે વાડીનાં ગાજર, તેમાંનો કોસ અને મોટ્ટો વડ, આમલી, પીપળો, આંબાવાડી અને કોયલ ટહૂકા, બદલાતી ઋતુઓ, શ્રાવણી ઝરમર, અને હા, પેલી પ્રેમઘેલી મોઘલી અને ઘટાદાર લીમડા નીચે મહેલ જેવી તેની છાપરી અને કાથીની ખાટલી - એ બધું ખરેખર યાદ આવે છે. મોંમા હજી જાણે 'ઊની ઊની રોટલી ને કારેલાંનું શાક'નો

સ્વાદ બાકી છે. આ મીઠી, મધુર યાદોના સથવારે જીવન વીતી રહ્યું છે. મારા એક શેરથી વાતને પૂરી કરીએ:

સાંજ ઢળી ગઇ બેસી જાઓ કો વડલાને છાંયે
યાદોને મમળાવે રાખો મટક મટક હે મનવા!



Yacoob Mank at Ingleton Falls Yorkshire - 1969



Yacoob Mank on a Bullock Cart during a visit to India
*The good old days!*



Yacoob Mank with Jagdish Dave receiving Poetry Award

# The Post Office

CURA · FIDE · STUDIO

*Mr Y.U. Mank*

*Now that you are retiring from The Post Office*
*may I offer you my best wishes for the future*
*and say how much your services*
*over more than*

*twenty four years*

*have been appreciated*

Bryan Nicholson

CHAIRMAN OF THE POST OFFICE

Name: **Yakub Muhammad Patel known as Yakub Bhopa**

નામ: યાકુબ મોહંમદ પટેલ ઉર્ફે યાકુબભાઇ ભોપા
જન્મ સ્થળ: મનુબર, તા.જિલ્લા ભરૂચ, ગુજરાત. ભારત
જન્મ તારીખ: ૧૯૪૯
પિતા: જનાબ મોહંમદભાઇ દેસાઇ
માતા: મોહતરમા ફાતિમા મોહંમદ દેસાઇ

મારું નામ યાકુબ મોહંમદ પટેલ છે, પણ યાકુબભાઇ ભોપા તરીકે લોકો મને ઓળખે છે. જન્મ મનુબર ગામમાં થયેલો. બચપણ અને યુવાની મનુબર અને ભરૂચ જેવા વિસ્તારોમાં વીતાવેલી. ૧૯૬૮ની સાલમાં ઈંગ્લૅન્ડ એટલે કે બ્લૅકબર્ન આવ્યો. મનુબરથી મુંબઇ અને મુબઇથી લંડનની સફર આમ તો ખાસ યાદ નથી પણ એ લાંબી સફર કુતૂહલથી ભરપૂર હતી. મિડલ ઈસ્ટર્ન ઍરલાઇનથી લંડનના હિથરો હવાઈમથક પર ઉતર્યો. અહીંના ઇમિગ્રેશન કાયદાઓ બદલાવાની એ છેલ્લી રાતે મેં ભારત છોડેલું. હિથરો ઍરપોર્ટનો માહોલ તદ્દન અલગ લાગ્યો. અમારા બ્રધર મુસાભાઇના ખાસ મિત્ર પિટર એની કારમાં મને લેવા લંડન આવેલા.

બ્લૅકબર્ન આવવાનું અને વસવાનું મુખ્ય કારણ પહેલેથી સગાં વહાલાં આ ટાઉનમાં હતાં અને અહીં નોકરી મેળવવાનું સહેલું હતું તે હતું.

ઈંગ્લૅન્ડ સિવાય ૧૯૯૮ અને ૨૦૦૪માં સાઉથ આફ્રિકા, ઝામ્બિયા અને મલાવીની મુલાકાત લીધેલી. ૧૯૪૭ના ભારત-પાકિસ્તાન ભાગલા યાદ નથી, પરંતુ ઈતિહાસમાંથી એ વિષે થોડી ઘણી માહિતી મેળવેલી.

૧૯૬૯માં મારી શાદી આયશા યાકુબ પટેલ સાથે થઇ. પરિવારમાં શમીમ, શફીક, સુફિયાન, અસમા, રિયાઝ અને સમામી છે. તે જમાનામાં બરફ પુષ્કળ પડતો અને ઠંડીની તો વાત જ જવા દો. કલ્ચર આખું અલગ હતું. અભ્યાસમાં મનુબર પ્રાયમરી સ્કૂલ, કરમાડ હાઇ સ્કૂલ અને આર્ટ્સ ઍન્ડ કોમર્સ કોલેજ, ભરૂચમાં ભણેલો. અહીં આવી Accrington કોલેજમાં જોઇનરીનો કોર્સ કરેલો. અંગ્રેજી વાતચીતમાં પહેલેથીજ ફાવટ-જમાવટ હતી. આવ્યો ત્યારે ૭ મિલહામ સ્ટ્રીટ, ૪૭ ઓઝવલ્ડ સ્ટ્રીટ, ૩૬ ઈન્કરમેન સ્ટ્રીટ, અને હાલમાં શેઅરબ્રાઉ (Shear Brow)માં રહું છું.

ઈન્ડિયા મિલ, ડારવીનમાં વાઈન્ડર મશીન ઑપરેટરની નોકરી ફક્ત છ મહિના કરી. ત્યાર બાદ બ્લૅકબર્ન મુલાર્ડ્સ (Mullards)માં જોડાયો. ત્યારના સાથીદારોમાં સુલેમાનભાઈ કસક, મરહુમ મોહસીન અલી હસન, યાકુબભાઈ ગટી, મહંમદભાઈ તલાટી, મુસા માસ્તર મરહુમ, હાજી ઈબ્રાહીમ ઉમરાજવાલા હતા. ત્યાર બાદ યુનિટી ગારમેન્ટ્સનો પોતાનો ધંધો શરૂ કર્યો. અત્યારે નિવૃત્ત જીવન છે, પરંતુ સામાજિક સેવાઓમાં સમય આપું છું.

બોલચાલની ભાષાઓમાં ગુજરાતી, અંગ્રેજી, ઉર્દૂ આવડે છે. આટલાં બધાં વર્ષો ઈંગ્લૅન્ડમાં થયાં છતાં પણ ઘરમાં ખાવા પીવાનું અને રહેણી કરણી ભારતીય પદ્ધતિથી ચાલે છે. પહેલાંના જમાનાની સરખામણીમાં જીવન ધોરણ ઊંચું ગયું છે. અમારી પેઢી કરતાં આજની પેઢી શિક્ષણ મેળવવામાં આગળ છે. શૈક્ષણિક જાગૃતિ મુસ્લિમ સમાજમાં આવી છે.

શરૂઆતના દિવસોમાં મસ્જિદ મદ્રસા ન હતા. અમે ૨૯ બિકનલ સ્ટ્રીટના મકાનમાં નમાઝ પઢતા. ત્યાર બાદ ૧૯૭૮ની આજુબાજુ બિકનલ મસ્જિદ બનાવી. ૧૯૮૫ની આસપાસ બિકનલ ગર્લ્સ સ્કૂલની સ્થાપના થઈ. ૧૯૭૩થી હું બિકનલ સ્ટ્રીટ મસ્જિદનો કમિટી સભ્ય છું. ખજાનચી તરીકેની સેવાઓ પણ બજાવું છું. ચંદા કમિટી, નોર્થ વેસ્ટ રિલિફ ચૅરિટી જેવી સંસ્થાઓનો સભ્ય છું. મસ્જિદ અને ગર્લ્સ સ્કૂલની સ્થાપનામાં ઘણા બધા લોકોની કુરબાની અને સાથ સહકાર રહ્યો છે.

૧૯૬૮ની સોશ્યલ લાઈફમાં તો વીકેન્ડમાં બધા મિત્રો ભેગા થતા અને ખાવાનું બનાવી પાર્ટી જેવું કરતા. હાજી ઈસા નવાબ, ઈબ્રાહીમભાઈ બહારવટિયા ઉર્ફે બાબુભાઈ, હાજી અહમદ કપટી, ઈબ્રાહીમભાઈ બારગીટ સિતપોણવાલા, દાઉદભાઈ ગટી, યાકુબભાઈ ગટી, યાકુબ ઠેબા જે હાલમાં શાયર છે તે અમારા ગૃપમાં હતા. યાકુબભાઈ બાપુજી ટંકારીઆવાલા પણ ખરા. સેવૉય સિનેમા જે બોલ્ટન રોડ, બ્લૅકબર્ન પર હતી ત્યાં ફિલ્મ જોવા જતા.

વર્ષો બાદ મનુબરમાં વીતાવેલું બચપણ અને વિદ્યાર્થી જીવનને યાદ કરતાં આજે પણ આનંદ આવે છે. ભારતની મુલાકાત વારંવાર લઉં છું જેથી વતન સાથે સમ્પર્ક જળવાઈ રહે.

દેશમાં હતા ત્યારે ખાંસી, ઉધરસ, ગળાનો દુ:ખાવો થાય ત્યારે મા, નાનીમા કે દાદીમા દૂધમાં હલદર નાંખીને પીવડાવી દેતાં.

ઈમ્તિયાઝભાઈ, મારી સાથે વાતચીત કરવા બદલ આપનો આભાર.



Yakub Patel

## Name: **Yakub Vali Muhammad Patel (Khandhia) known as Maun Jangharvi**

નામ: યાકુબ વલી મોહમ્મદ પટેલ (ખાંધિયા) ઉર્ફે મૌન ઝંઘારવી
જન્મ સ્થળ: બોમ્બે, મૂળ ગામ ઝંઘાર તા. જિલ્લા ભરૂચ, ગુજરાત.
જન્મ તારીખ: ૧૯૪૬
પિતા: હાજી વલી મોહમ્મદ ખાંધિયા
માતા: હજીયાણી ફાતેમાબેન વલી મોહમ્મદ

મારું નામ યાકુબ પટેલ છે. ઘણાં લોકો મને યાકુબ ખાંધિયા તરીકે અને ઘણાં લોકો મને મારા ઉપનામ 'મૌન' ઝંઘારવી તરીકે ઓળખે છે. મૂળ ગામ તો ઝંઘાર પણ મારો જન્મ મુંબઇમાં થયેલો. બાળપણ અને યુવાનીનાં અમુક વર્ષો મુંબઇ અને ઝંઘારમાં વીત્યાં.

ગોરેગાઁવમાં રહેતા અમારાં પડોશી હિંદુ ધર્મના હતાં. નામ હતું દિવાળીબેન. અમે તેમને દિવાળી માસી કહેતાં. તેમને કોઇ સંતાન ન હતું. અમારા પરિવાર અને તેમના કુટુંબ વચ્ચે ઘર જેવો સંબંધ હતો. મારી બહુ સારી દેખરેખ આ દિવાળી માસીએ કરેલી. આજે પણ તેમને યાદ કરતાં હું લાગણીવશ થાઉં છું અને તેમનો ઋણી છું કે તેમણે મને ૮ વર્ષની મારી ઉંમર સુધી માતા જેવો પ્રેમ આપ્યો.

ગુજરાતી ૭ ચોપડી સુધી જંઘાર ગામ તથા ત્યાર બાદ નબીપુર હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવ્યું.

૧૯૬૪માં મારા સાથીદાર દાઉદભાઇ સિતપોણવાલા સાથે ભારત છોડી ઈંગ્લૅન્ડ આવવા રવાના થયો. ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની. સિરિયન ઍરલાઇનમાં ૧૮૦૦ રૂપિયા આપી સિંગલ ટિકિટ કપાવી. શાંતાક્રુઝ આંતરરાષ્ટ્રીય હવાઈમથકેથી અમે બંને સાથીઓ ઍરમાં બેઠા. કોઇ દિવસ હવાઇ સફર કરેલી નહીં. ખૂબ જ નવાઇ લાગી. અમારું ઍર ડમાસ્કસ થઇ લંડન હિથરો ઍરપોર્ટ પર પહોંચ્યું. ઍરપોર્ટનો ખાસ અનુભવ ન હોવાથી બ્રિટિશ ઍરવેઝની ડોમેસ્ટિક ફલાઇટ અમે ચૂકી ગયા. હિથરો ઍરપોર્ટ ઑથૉરિટિએ અમને હોટલ વગેરેની પૂરતી સગવડ કરી આપી બીજા દિવસનું બુકીંગ કરી આપ્યું. અંગ્રેજોની વ્યવસ્થા, વાણી, અમારા તરફ માનપૂર્વકનો વ્યવહાર એ બધું જોઇને અમે ખૂબ જ ખુશ થયા. બીજા દિવસે માન્ચેસ્ટર ઍરપોર્ટ પર ઉતર્યા. મારા વાલીદ સાહેબ જેઓ ૧૯૬૦માં ઈંગ્લૅન્ડ

આવ્યા હતા તેઓ તથા અમારા સગા આદમ મહંમદ બારગીત અમને ઍરપોર્ટ પર લેવા માટે આવેલા. બ્લૂ કલરની વાનમાં બેસી અમે પ્રેસ્ટન પહોંચ્યા. તે જમાનામાં બેડફોર્ડ કંપનીના વાનો, લાલ કલરની ડાટસન, ફોર્ડ ગાડીઓ એશિયનોમાં પ્રચલિત હતી. ઠંડી, ધુમાડાથી ઘેરાયેલું વાતાવરણ, ચીમનીમાંથી નીકળતા ધુમાડા, બધું જ નવું નવું અને આશ્ચર્યજનક લાગે.

અમારા કુટુંબમાંથી ૧૯૫૬માં અમારા મામા જનાબ મહંમદ અલી વેમી નબીપુરવાલા ઝિમ્બાબ્વે ગયેલા. ૧૯૪૭ના ભારતના ભાગલા વિષે તો ઈતિહાસનો અભ્યાસ કરતાં જાણ્યું કે આ દુઘર્ટનામાં ઘણાં લોકોએ પોતાના જાનમાલ ગુમાવ્યા.

૧૯૬૬માં મારી શાદી ટંકારીઆના આયેશા યુસુફ બંગલાવાલા સાથે થઈ. અમારા નિકાહ બોલ્ટનની હિબર્ટ સ્ટ્રીટના મકાનમાં થયેલા. નિકાહખ્વાની મરહુમ હાફેઝ આદમ મતાદારે કરેલી. પરિવારમાં બે દીકરા મુબારક અને મેહબુબ અને એક દીકરી હાજરા છે.

શરૂઆતના દિવસોમાં વાતચીતનું અંગ્રેજી શીખી લેવામાં મુશ્કેલી ન પડી કારણ કે અંગ્રેજી શીખવા અને બોલવાનો શોખ પહેલેથી જ હતો. ૧૯૬૦ના ગાળામાં અહીં નોકરી મેળવવામાં થોડીક મુશ્કેલી પડતી. મને પ્રેસ્ટનમાં જોબ ન મળતાં મારે લેન્કાસ્ટર જવું પડેલું. ત્રણ મહિના પછી મને લેન્કાસ્ટરમાં બાથ મિલમાં સ્પીનિંગ ઓપરેટરનો જોબ મળ્યો. વીકલી વેજીસ £૩.૫૦. કામ આવડી ગયા પછી વધીને £૪.૫૦ થયું. વાલીદ સાહેબ બ્લૅકબર્નની એક ટેક્સ્ટાઇલ મિલમાં કામ કરતા. ત્યાર બાદ ૧૯૬૬માં બોલ્ટનમાં સ્થાયી થયા. બોલ્ટન આવ્યા પછી અહીંની હેસ્કેથ મિલ, ઈગલી મિલ, ટૂટલ મિલ વગેરે જગ્યાએ કામ કર્યું. સનીસાઇડ મિલમાં તો ૩૦૦ જેટલા કામદારોમાંથી લગભગ ૯૫% કામદારો એશિયન હતા. થોડોક સમય લૉરીવેલ બેટરીઝમાં કામ કર્યું. ત્યાર બાદ પાછો ગ્રીનશૉ ટેક્સ્ટાઇલ મિલ જે બ્લૅકબર્ન રોડ પર હતી ત્યાં કામ પર લાગ્યો. ૧૯૮૨માં ટેક્સ્ટાઇલ મિલો ધીરે ધીરે બંધ થતાં કામ છૂટી ગયું. કહેવાય છે કે કુદરત જે કંઇ કરે છે તે સારા માટે હોય છે. ટેક્સ્ટાઇલ મિલો બંધ થતાં પોતાનો ધંધો શરૂ કરવાનો વિચાર આવતાં મેં ૧૯૮૨/૮૩માં ડોર ટુ ડોર ટોઈલેટરીઝ વેચવાનો ધંધો શરૂ કર્યો. ત્યારે તો કાર કે વાનની સહુલત ન હોવાથી પગે ચાલીને ઘરે ઘરે ફરી સેમ્પલ બતાવી ઓર્ડર ડિલિવર કરતો. સખત મહેનત અને આત્મવિશ્વાસના પરિણામે વેપાર જામ્યો. ૧૯૯૩માં દીકરાઓ જોડાયા અને 'મોહંમદ ઍન્ડ કૉ' નામની કંપની સ્થાપી. ડ્રેકોટ

સ્ટ્રીટમાં એક વેરહાઉસ ખોલ્યું. ૨૦૦૦ની સાલમાં તબિયત બરાબર ન રહેવાથી નિવૃત્તિ લીધી.

શરૂઆતથી જ નોકરી અને વેપારની સાથે સાથે મને સામાજિક પ્રવૃત્તિ, સાહિત્યિક પ્રવૃત્તિ અને કલાત્મક પ્રવૃત્તિઓમાં રસ હતો. ૧૯૬૮ના ગાળામાં ‘મહેક’ ટંકારવી અને ‘સૂફી’ મનુબરી સાથે બેસીને ગઝલો વાંચતા અને લખતા. ‘મૌન’ જંઘારવી મારું ઉપનામ. પરિણામે ‘સબરસ’ નામે અમારો એક સહિયારો ગઝલ સંગ્રહ પ્રગટ થયો. સંપાદન મહેક ટંકારવીએ કરેલું. સૂફી મનુબરીને હઝલો લખવા ઉપરાંત ચિત્રકામમાં પણ ઘણો રસ. તેમને જોઈને મને ચિત્રકામમાં રસ જાગ્યો. પછી તો ગઝલ લખવાનું બંધ કરી ચિત્રો બનાવવમાં પડયો જે હજી ચાલુ જ છે. મારાં આશરે ૨૪૫ જેટલાં ચિત્રો છે. સાથે સુંદર ચિત્રોનો સંગ્રહ કરવાની પણ જબરી ધૂન એટલે અત્યાર સુધીમાં મેં માન્ચેસ્ટરના એક ચિત્રકારના ૬૦૦ જેટલાં તો બોલ્ટનના જાણીતા ચિત્રકાર ટૉમસ વૉટકિન્સનનાં ૩૦૦ જેટલાં ચિત્રો ખરીદીને સંગ્રહેલાં છે. ૨૦૧૨માં પત્ની આયેશા સાથે મારા ભારત પ્રવાસ દરમિયાન મારું એક ચિત્ર કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધીને, તો બીજું ભારતના નકશાવાળું ચિત્ર તે સમયના રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલને દિલ્હી જઈને ભેટ આપવાની મને તક મળી. મારું એ બીજું ચિત્ર રાષ્ટ્રપતિ ભવનની દીવાલ પર શોભે છે એ વાતનો મને હર્ષ અને ગર્વ છે. આ મહત્વની ઘટનાની નોંધ ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, ઈન્ડિયન એક્સ્પ્રેસ, બ્રિટ એશિયન વગેર પેપરોમાં લેવાઈ. મારા માટે રાષ્ટ્રપતિ ભવનની એ મુલાકાત ખરેખર એક યાદગાર મુલાકાત બની ગઈ. એ મહાનુભાવો સાથેની મારી મુલાકાત દરમિયાન સાંસદ અહમદ પટેલ અને પત્રકાર તથા સામાજિક કાર્યકર અઝીઝ ટંકારવી પણ સાથે હતા તેનો પણ મને ગર્વ અને આનંદ છે.

આ સિવાય મને ક્રિકેટ અને સ્નુકરમાં રસ ખરો. સ્થાનિક ક્રિકેટ ટીમોમાં જોડાયો. આસ્ટલી બ્રીજ ક્રિકેટ કલબમાં પણ જોડાયો, પરંતુ સિલેકશન ન થતાં થોડો ઉદાસ થયેલો. રાયલી સ્નૂકર કલબમાં સ્નૂકર રમવા જતો. ક્રિકેટ શોખને લઈને ફારૂક એન્જિનિઅર, મુસ્તાક મહંમદ, સોયબ મોહમ્મદ સાથે મુલાકાત થયેલી. અન્ય સાથીદારોમાં અબ્દુલભાઈ ઘીસા કરમાડવાલા, વલીભાઈ મનુબરવાલા, ભૂરાભાઈ મનુબરવાલા, યાકુબભાઈ ઉમરાજવાલા, વલીભાઈ કરમાડવાલા, જાવેદખાન અને ઈશ્વરભાઈ હતા.

૧૯૮૦ની આસપાસ જંઘાર સોસાયટી, યુ.કે.નો સભ્ય બન્યો. ગામની મસ્જિદ કમિટીમાં જોડાઈને ખિદમત કરી, પરંતુ કાર્યશૈલી અનુકૂળ ન આવતાં કમિટીમાંથી

રાજીનામું આપી સ્વયંસેવક તરીકે મસ્જિદની દૂર રહીને પણ થાય તે ખિદમત કરું છું.

પહેલાંના વહોરા લોકો ભોળા અને ચોખ્ખા હતા. વાતાવરણ ખૂબ જ હળવું હતું. સમાજમાં દૂષણો અને બીમારીઓ ઓછી હતી. લોકો ખુશખુશાલ હતા. તનાવ મુક્ત (stress free) હતા. લોકોમાં લુચ્ચાઈ ન હતી. પરસ્પર વિશ્વાસ, મહોબ્બત, સંપ હતો. ત્યારના સમયમાં અને આજના સમયમાં જમીન આસમાનનો ફર્ક છે. બોલવા-ચાલવાનું, વ્યવહાર બદલાયો છે. મારા માનવા મુજબ તો આપણે દુર્ભાગ્યપૂર્ણ સમયમાં જીવી રહ્યા છીએ.

નાના હતા ત્યારે કંઈક વાગે તો મા કે દાદીમા 'ઝખ્મે રૂઝ' નામનું મલમ લગાડતાં. લોહી નીકળે તો ઘા પર કરોળિયાનું જાળું ચોંટાડે યા તો ચાયની પત્તી દબાવતાં. છૂંદાત થાય તો હલદરનો લેપ લગાડે અને રાત્રે હલદરવાળું દૂધ પીવડાવે. અત્યારે પણ ગામડાનું જીવન, આંબાવાડી, તળાવમાં નહાવાનું યાદ આવે છે. બોમ્બે તરફ પણ આકર્ષણ ખરું. ભારત રેગ્યુલર જાઉં છું જેથી માદરે વતન સાથેનો સંબંધ જળવાઈ રહે. ભૂતકાળની આ બધી વાતો અને યાદોને યાદ કરીને એટલું જ કહીશ કે:

અતીતનો એક ચહેરો રસ્તે આજ અટવાઈ ગયો
લાગણીનો દરિયો આજ ફરી છલકાઈ ગયો




Yakub Khandhia - 1975



Mr and Mrs Khandhia with the former President of India Shrimati Pratibha Patil and Aziz Tankarvi



Mr and Mrs Khandhia with Congress President Soniya Ghandi, Aziz Tankarvi, Iqbal Tankarvi and Ahmad Patel

Name: **Yakub Muhammad Ibrahim Theba**

નામ: યાકુબ મહંમદ ઈબ્રાહીમ ઠેબા ઉર્ફે 'પથિક' સિતપોણવી
જન્મ સ્થળ: સિતપોણ, તા. જિલ્લા ભરૂચ
જન્મ તારીખ: માર્ચ ૧૯૫૦
પિતા: જનાબ મોહંમદ ઈબ્રાહીમ ઠેબા
માતા: મોહતરમા આયશા મોહંમદ ઠેબા

મારું નામ યાકુબ મોહંમદ ઈબ્રાહીમ થેબા છે. લોકો મને યાકુબ ઠેબા તરીકે ઓળખે છે. જન્મ ૧૯૫૦માં ભરૂચ તાલુકાના સિતપોણ ગામમાં થયો હતો.

૧૯૬૭માં ગામ અને દેશ છોડી અનેક સ્વપ્નાઓ સેવી ઉમંગ સહિત ઈંગ્લૅન્ડ આવ્યો. BOACના હવાઈજહાજમાં ૧,૬૦૦ રૂપિયાની ટિકિટ લઈને હજારો માઈલની ઍર મુસાફરીને અંતે લંડન હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. અલ્લાહની જાતમાં યકીન અને તેની જાત પર ભરોસા સિવાય બીજું કશું પાસે ન હતું. લંડન ઍરપોર્ટ પર બધું અજબ ગજબનું લાગે. ગોરા લોકો આ પહેલાં જોયેલા નહીં. જ્યારે ઍરપોર્ટની બહાર નીકળ્યો ત્યારે ઘૂંટણ સુધીનો બરફ છવાયેલો હતો. બરફ જોઈને પાછી નવાઈ લાગી કારણ કે બરફ પણ જિંદગીમાં પહેલી વાર જ જોયો.

લંડનથી હું મુસાભાઈ મહુધલાવાળાની કારમાં પ્રેસ્ટન પહોંચ્યો. થોડોક સમય પ્રેસ્ટનમાં અને થોડોક સમય બ્લૅકબર્નમાં રોકાઈને અંતે બોલ્ટનમાં ઠરીઠામ થવાનું વિચાર્યું. લેન્કેશાયરમાં આવવાનું મુખ્ય કારણ તો અહીં અનેક કોટન મિલો હતી અને તે વેળા ચોવીસે કલાક ધમધમતી આ મિલોમાં નોકરી ઝટપટ મળી જતી.

અમારા કુટુંબમાંથી આમ તો અમારા કાકાશ્રી વલીભાઈ થેબા તો ૧૯૪૫માં ઈંગ્લૅન્ડ આવી ગયા હતા. ભારત પાકિસ્તાનના ભાગલા જોયા ન હતા પણ વડીલો પાસેથી વાતો સાંભળેલી તથા ઈતિહાસનાં પાનાં ઉઠલાવતાં ખબર પડેલી કે પંજાબના લોકોને ખૂબજ તકલીફ પડેલી અને જાન માલનું લેવા દેવા વગરનું ભારે નુકસાન થયેલું.

પ્રાથમિક શિક્ષણ સિતપોણ કુમાર શાળામાં, માધ્યમિક શિક્ષણ ટંકારીઆ હાઈ સ્કૂલમાં જ્યાં અદમ ટંકારવી શિક્ષક તરીકે હતા. પછી જે.પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કોલેજમાં આગળ અભ્યાસ કરેલો. ૧૯૭૧માં દહેગામના ઝરીનાબેન સાથે શાદી

થઈ. બાળકોમાં ઈસ્માઈલ, ઝહીર, ઈમરાન, અનીસા અને સાજીદાનો સમાવેશ થાય છે. પુત્ર ઈસ્માઈલ કાઉન્સિલર છે.

શરૂઆતના દિવસોમાં ઠંડી સખત લાગે. કાયમ અંધારા જેવું જ લાગે. બહાર ધુમ્મસ છવાયેલું હોય. બરફના ઢગલા થયા હોય. શરીરે કંપારી છૂટે. હાથ પગ ધ્રૂજે! શરૂ શરૂમાં તો અંગ્રેજીમાં વાતચીત કરવામાં અને સમજવામાં મુશ્કેલી પડતી. ઘણી વખતે બોલચાલમાં લોચા વાળીએ ત્યારે હસવાનું પણ થતું. આટલાં વર્ષો પછી હવે બધું ઠીક છે.

બોલ્ટનની Florence મિલ, Vernon મિલ વગેરે જગ્યાઓએ નોકરી કરી. હમણાં મારા પોતાના ધંધામાં પરોવાયેલો છું. ન્યૂઝપેપરની દુકાન છે. ધંધામાં સારી ફાવટ છે.

ભાષાઓમાં માતૃભાષા ગુજરાતી, ઉપરાંત હિન્દી અને અંગ્રેજી જાણું છું. સાહિત્યનો શોખ હોવાથી ગુજરાતી રાઈટર્સ ગિલ્ડ, યુ.કે.ના કવિઓની પ્રેરણા અને માર્ગદર્શનથી ગઝલો લખું છું અને અહીં અવારનવાર યોજાતા ગુજરાતી મુશાયરાઓમાં હોંશે હોંશે ભાગ લઉં છું. **'પંથ'** નામનો મારો પ્રથમ ગઝલસંગ્રહ પ્રગટ થઈ ચૂક્યો છે. સામાજિક સેવાઓમાં દેશથી અને ગામથી હજારો માઈલ દૂર રહીને પણ વતનને હજી ભૂલ્યો નથી. ગામ સિતપોણના ઉદ્ધાર માટે રચાયેલી 'ધ સિતપોણ યુ.કે. ઓર્ગેનાઈઝેશન'માં હું સક્રિય રોલ અદા કરું છું અને ગામ વિકાસનાં અનેક કામોમાં યથાશક્તિ ફાળો આપતો રહું છું.

યુ.કે. નિવાસને દાયકાઓ થયા છતાં ઘરમાં માહોલ હજી ઈસ્લામિક જળવાઈ રહ્યું છે. અમે આવ્યા તે વખતે આપણી વસતી ઘણી ઓછી હતી. જે ભાઈઓ હતા તેમનામાં સંપ સહકાર અને એક બીજા તરફ ભલી લાગણી હતી. એક બીજાને ખૂબ મદદરૂપ થતા. ઘરે કોઈ કામ માટે પૈસા મોકલવા હોય તો બધા ભેગા મળી એક રકમ ભેગી કરી આપતા. એ રીતે કામ ગબડી જતું. હવે સમયના જવા સાથે પરિસ્થિતિ અને નવી પેઢીની વિચારસરણી પણ ખાસી બદલાઈ છે. હવે એક બીજા વચ્ચે અંતર વધી રહ્યું છે.

શનિ રવિવારે રજા હોય ત્યારે હિન્દી ફિલ્મો જોવા જતા અને એ રીતે દિલ બહેલાવતા. કદી કદી ક્રિકેટ રમતા.

આટલાં વર્ષો પછી પણ સિતપોણ ગામની જિંદગી ભૂલાતી નથી. ખેતરોમાં જવું, ધમાલ મસ્તી કરવી, વાંદરાઓને છેડવા અને વાંદરા પાછળ દોડે તો વાડ કૂદીને ભાગવું, બોર તોડવા જવું. નિર્દોષ પ્રવૃત્તિઓ અને નિર્દોષ આનંદ! સાદું પણ સંતોષી જીવન હતું. એ બધું આજે પણ યાદ આવે છે અને આનંદ આપી જાય છે.
દેશી ઇલાજોમાં ખાંસી થાય તો હલદર મીઠાની ફાકી મરાવતાં. ખરજવું થયું હોય તો તેના પર દહીં મૂકી કુરકુરિયાને ચટાડતા, મોરથૂથું લગાડતા, તો વળી બાવળનાં પાંદડાં ઘસીને તેનો લેપ મારતા. મધમાખી કરડી ખાય તો ડંખ પર લોઢાની સાંકળ ઘસતા.

ઇમ્તિયાઝભાઇ! હમણાં હમણાં 'વહોરા પટેલ' પરની મારી એક હઝલ જે દેશ પરદેશોમાં ઘણી જ પ્રખ્યાત થઇ ગઇ છે તેની થોડીક પંક્તિઓ ટાંકીને મારી વાતને પૂરી કરું છું:

ભોળા ને ભટ કે'વાય, ભાઇ વોરા પટેલ છે
આબ્બાદ છેતરાય, ભાઇ વોરા પટેલ છે

લાખો ને કરોડોમાં લો વેચાય જમીનો
વેચીને નવરા થાય, ભાઇ વોરા પટેલ છે

આમધ અને મામધ અહીં વાંકા વળી ગયા
પિત્રાઇ ત્યાં તાજા થાય, ભાઇ વોરા પટેલ છે


ઘેટાંની જાત, એક ની પાછળ કૂદી પડે
દુબઇમાં ડૂબી જાય, ભાઇ વોરા પટેલ છે



Yakub Theba



Yakub Theba with his Family



Yakub Theba

Name: **Yunus Ali**

નામ: યુનુસ અલી
જન્મ સ્થળ: મુંબઇ, પણ મૂળ ગામ પગુથણ, તાલુકા જિલ્લા ભરૂચ.
જન્મ તારીખ: માર્ચ ૧૯૫૩
પિતા: દાઉદ અલી
માતા: હુરીબેન દાઉદ અલી

મારું નામ યુનુસ અલી છે. ૧૯૬૮માં ઈંગ્લૅન્ડ એટલે બ્લૅકબર્ન આવવાનું થયું. ગામથી મુંબઈ થઇ લંડન હિથરો સુધીની સફર સારી હતી. બધું નવું નવું લાગે. બ્લૅકબર્ન વિષે ઘણી સારી વાતો સાંભળેલી એટલે બ્લૅકબર્નમા આવીને વસ્યો.

ભારતના ભાગલા થયા, કોઈ યહાં, કોઇ વહાં જેવું થયું. આઝાદી તો મળી પણ ભાગલા થયા તે સારું ન થયું. હજારો નિર્દોષ લોકો હેરાન પરેશાન થઇ ગયા. બે કોમોમાં વેરઝેર વધી ગયું. ઈતિહાસના પાનાં એ કરુણ હકીકતોથી ભરેલાં છે.

મારી શાદી ૧૯૭૧માં જુબેદા સાથે થઈ. કુટુંબમાં સલીમ, ફિરોઝ, લુકમાન, ફિરોઝા અને સલમા છે.

શરૂઆતમાં બધું જ નવું નવું લાગતું. ધીરે ધીરે બધાથી ટેવાઇ ગયા. ભારત ખાતે થોડુંક ભણેલા એટલે અંગ્રેજી બોલવામાં ઝાઝી તકલીફ ન પડી. કામકાજ નીકળી જાય. કામ કરવા જ આવેલા એટલે બરાબર ખેપ બાંધીને કામે લાગ્યા. અલગ અલગ કોટન મિલોમાં સ્પીનીંગ, ડૉફીંગ, વીવીંગ વગેરે કામ કર્યું. અમે આવ્યા ત્યારે કોટન ઇન્ડસ્ટ્રી પુરજોશમાં હતી. મિલોની ચીમનીઓમાંથી ચોવીસે કલાક ધુમાડા નીકળવાનું ચાલુ રહેતું. મોર્નીન્ગ, આફટરનુન અને નાઇટ શિફટ એમ ત્રણ ત્રણ શિફટો ચાલતી. આપણા લોકો રાત દિવસ કામમાં જ પરોવાયેલા રહેતા. તે વખતે બેકારી જેવું ખાસ ન હતું. તરતજ નોકરી મળી જતી. ત્યારે અહીં અમારા જેવા કામ કરવાવાળાઓની ખૂબ જરૂર હતી. અત્યારે હવે મિલો ય નથી અને કામધંધાઓ પણ નથી.

મારા સાથીઓમાં હાજી રૂસ્તમ, અબ્દુલ સત્તાર, મહંમદ કંથારિયાવાલા, હસન વડિયા હતા. સાથે કામ કરતા અને મિત્રતા પણ ખરી. કોઇ કોઇવાર Whalley

Range ની જૂનામાં જૂની ખૈબર કેફેમાં દોસ્તો સાથે ખાવા જતા. કદીક સિનેમા જોતા. ગામમાં આખું કુટુંબ સાથે બેસીને ખાતું તે યાદ આવે છે.

વર્ષો વીતી ગયાં છે પણ ઘરમાં હજી અસલ માહોલ જાળવી રાખ્યું છે. કપડાં, ઊઠવા બેસવાનું, ખાવા પીવાનું એ બધું એશિયન પદ્ધતિનું જ છે. નવી પેઢી વિષે પૂછો છો તો દિવસે દિવસે નવી જૂની પેઢી વચ્ચે અંતર વધતું જાય છે. દરેકની દુનિયા અલગ થતી જાય છે. મોટા ભાગના પહેલી પેઢીના લોકો અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. જે બાકી છે તેમની બરકતથી હજી સમાજમાં થોડીક મહોબ્બત અને મેળમિલાપ જેવું રહ્યું છે. આગળ નવી પેઢીના રીતરસમ જુદા રહેશે એવું અત્યારથી દેખાઇ રહ્યું છે. કૌટુંબિક અને સામાજિક રીતે વિચારીએ તો અંગ્રેજી માહોલની અસર તેમના ઉપર વરતાય રહી છે.

Name: **Yunus Natha**

નામ: યુનુસભાઇ નાથા
જન્મ: સેગવા

મારું નામ યુનુસભાઇ નાથા છે. મૂળ સેગવા ગામનો નિવાસી અને લગભગ ૧૯૬૪ની સાલમાં ઈંગ્લૅન્ડ આવેલો.

પ્રથમવાર બોમ્બે આવવાનું થયું. સહાર ઍરપોર્ટથી મિડલ ઇસ્ટર્ન ઍરલાઇનમાં બેસી લંડન હિથરો ઍરપોર્ટ પર ઉતર્યો. બોમ્બે ઍરપોર્ટ નવાઇ પમાડે એવું અને લંડનનું હિથરો ઍરપોર્ટ પણ અચંબો પેદા કરે એવું. લોકો અલગ, લોકોનો દેખાવ પણ જુદો અને ભાષા પણ જુદી. ભારતની સરખામણીમાં લગભગ બધું જ નવું નવું લાગે. જુદું લાગે.

ઈંગ્લૅન્ડની ધરતી પર પગ મૂકતાં જ પહેલી વખત બરફ જોયો અને અનુભવ્યો. ભારતના ૧૯૪૭ના ભાગલા વિષે કશું ખાસ યાદ નથી. એટલું સાંભળેલું કે એ ઇતિહાસની મહત્વની ઘટનાઓમાંની એક છે.

૧૯૭૨માં બ્લૅકબર્ન ખાતે જુબેદાબેન સાથે શાદી કરી. ઇદરીસ મારો દીકરો છે જે સોલિસિટર છે. શરૂઆતના દિવસોથી જ બ્લૅકબર્નમાં વસેલ છે. ટેક્સ્ટાઇલ ટાઉન, ઠંડી અને બરફ પુષ્કળ, ધુમ્મસ જેવું વાતાવરણ. અંગ્રેજોની જૂની પેઢી માયાળુ અને મદદગરૂપ તથા ફ્રેન્ડલી હતી. જૂની રૉયલ હોસ્પિટલમાં ત્યારે ઇલાજ કરાવવા ગયેલો ત્યારે રૉયલ ટ્રિટમેન્ટ (જાણે શાહી સારવાર) મળેલી.

બેંગર સ્ટ્રીટમાં ઈંગ્લિશ શીખવા જતા. અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ ખૂબ જ જલ્દી મેળવેલું એટલે વાતચીત અને અન્ય વ્યવહારમાં ખાસ મુશ્કેલી ન હતી. પરિવાર સાથે હોડસન સ્ટ્રીટમાં રહેતો ત્યારે તો ઘરોની કિંમત ૬૦ પાઉન્ડથી ૧૫૦ પાઉન્ડ સુધીની હતી.

પ્રથમ નોકરી વોટરફોલ ટેક્સ્ટાઇલ મિલમાં કરી. ખૂબ જ ઘોંઘાટ એટલે નોકરી ફાવી નહીં અને એક જ દિવસમાં તે છોડી આપી. ત્યાર બાદ એલિસન ટફટીંગ ફેકટરી, એન્જિનિઅરિંગમાં જોડાયો જે બાસ્ટવેલ વિસ્તારમાં હતી. એન્જિનિઅરિંગ એટલું ફાવી ગયું કે ફેકટરીવાળા તરફથી બ્લૅકબર્ન કોલેજમાં જોડાઇને મિકેનિકલ

એન્જિનિઅરિંગમાં ઍચ.એન.ડી. કર્યું. ત્યારે કોલેજમાં હું એકલો જ એશિયન વિદ્યાર્થી હતો.

ભાષાઓમાં તો ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને ઉર્દૂ બોલી લઉં છું. શરૂઆતના દિવસોમાં કોમ્યુનિટી યુનિટી અને આપસમાં સમજબૂઝ અને પ્રેમભાવ સારો હતો. રમઝાન મહિના દરમિયાન એક બીજાને ઘરે રોઝા છોડવાનો તથા નિયમિત દાવતોનો સિલસિલો ચાલુ રહેતો. હવે ધીમે ધીમે આ બધું ખતમ થતું જાય છે. બિકનલ મસ્જિદની સ્થાપના લગભગ ૧૯૭૨ની આસપાસ થઇ ત્યારથી નમાઝ વગેરે ત્યાં પઢતા.

રજાઓના દિવસોમાં અને નવરાશના સમયે ખૂબ ક્રિકેટ અને ફૂટબોલ રમતા. અમારી આલ્ટમ ક્રિકેટ ટીમ અને આલ્ટમ ફૂટબોલ ટીમ પ્રખ્યાત હતી. ૨૦ થી ૨૫ વ્યક્તિઓનું એક આખું ગૃપ હતું. ઈવુડ પાર્ક ખાતે ફૂટબોલ જોવા જતા. પચાસ પેની એડમિશન ચાર્જ હતો. ૧૯૮૧નો વર્લ્ડ કપ જોવા લંડન ગયા હતા જે ભારતે જીત્યો હતો.

અત્યારે એટલું છે કે આપણાં બાળકોને શિક્ષણની અને બિઝનેસની તથા અન્ય તકો મળી રહી છે. અમે આવ્યા ત્યારે તકો તો હતી પણ અમારે કામ પહેલું કરવું પડતું. સમય બદલાઇ ગયો, સમાજ બદલાઇ ગયો, એશિયનો અને અંગ્રેજો પોત પોતાની રીતે અલગ અલગ રહેવા લાગી ગયા. ઓલ્ડર જનરેશન અને ન્યૂ જનરેશનમાં ખાસી એવી ગેપ ઊભી થઇ ગઇ છે.

ભારત ખાતે ગામમાં જે ફ્રીડમ હતી, જે બિન્દાસ્ત જીવન હતું તે યાદ આવે છે. શોરબકોર, હલચલ, બસો, ટ્રેનો, બળદગાડાં, રિક્ષા, સાઇકલો, માણસોની દોડધામ એ બધું ખૂબ યાદ આવે છે. બદલાતી ઋતુઓ અને ખુશનુમા વાતાવરણ યાદ આવે છે. ખૂબ જ રસપ્રદ માણસો અને ચિત્ર વિચિત્ર રીત રિવાજો અને ભાત ભાતના લોકો પણ એટલા જ યાદ આવે છે.

ગામમાં શરદી ખાંસી થાય તો હળદરવાળું દૂધ થોડું ગરમ કરીને પી લેતા. હાથ પગ ભાંગે તો આંબા હળદરનો લેપ લગાડી દેશી ઇલાજ થતો.
વેસ્ટબ્રૂક હાઉસ કોમ્યુનિટી સેન્ટર જે સમાજને શિક્ષણ, આરોગ્ય અને અન્ય સેવાઓ પૂરી પાડે છે તેનો ફાઉન્ડર મેમ્બર, ટ્રસ્ટી અને ચૅરમેન છું. અન્ય સંસ્થાઓ અને ખાસ કરીને બિકનલ મસ્જિદમાં વર્ષોથી સેવાઓ આપું છું.